
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત



પાંચસોમા અંકની પેલે પાર (ફોટો · અશ્વિન મહેતા)

આવતી કાલનાં નાગરિકો માટેનું ચારિત્ર્યઘડતરનું આજનું અગ્રણી માસિક
વર્ષ બેંતાલીસમું · અંક સાતમો · જુલાઈ · ઈસવી સન ઓગણીસસો પાંસઠ
૪૯૯મો અંક



હડિયાણા ગામનો ચોરો

ચિત્રકાર · મગનલાલ ત્રિવેદી

ચોરો એટલે ગામડાગામનું નાક. એની સાથે કોઈ ને કોઈ દેવનું મંદિર પણ સંકળાએલું હોય. ગામના નિવૃત્ત વૃદ્ધો કે હટાણે આવેલા પરગામના લોકોનું એ વિશ્રામસ્થાન, રાતવરાતે આવેલા વટેમાર્ગુ કે અભ્યાગતનો આશરો ને ભવાયાનો ઉતારો. વારતહેવારે ઉજવણી કે કથાકીર્તન અથવા જુવાનીઆઓની રાસગરબીની રમઝટ પણ અહીં જ થાય. આમ, ગામની અનેક લોકપ્રવૃત્તિનું કેન્દ્ર ચોરો કોઈ પણ ઉત્સાહી ચિત્રકારને કંઇ ને કંઈ ચીતરવાની પ્રેરણા આપી રહે. એવી જ કોઈ પ્રેરણાની તેજછાયામાં મઢાએલો હડિયાણાનો ચોરો ને એનું રામજીનું મંદિર અહીં પણ કલાકારની પીછીમાં સળવળાટ ઉપજાવી ગયું છે. શેરી વચાળે ઊભા રહી ચિત્રકારે જલરંગ વડે આંખને આકર્ષતા એ દશ્યને ઝડપથી કાગળ પર ઉતારી લીધું છે.

વાચકો લખે છે

જૂનના 'કુમાર'માં ઉદયશંકરના બૅલેની ટૅકનિક વિશે ઠીક ઠીક પ્રકાશ પાડેલો છે. લખ્યું છે: 'પશ્ચિમમાંથી એમણે શિસ્ત સ્વીકારી, રજૂઆતની કળા શીખ્યા, અને ભારતના "નંબર વન શો મૅન" બન્યા.' આ બધું ય સાચું, પણ એમણે પશ્ચિમમાંથી શું લીધું–શિસ્ત, રજૂઆત ઉપરાંત—તે કોઈએ જણાવ્યું નથી. જ્યારે મુંબાઈ એમની પાછળ ગાંડું હતું ત્યારે આ લેખક જુવાન અને 'છપ્પન વખારી' હતો. તેણે ઉદયશંકરનાં નૃત્યો ઘણી વાર જોયાં, એમને વિષેની ટીકાઓ તેમ જ પ્રશંસાના લેખો વાંચ્યા અને તે પરથી તારવ્યું કે તેમણે પશ્ચિમમાંથી મૂળ એક વસ્તુ ઉપાડી છે: પશ્ચિમનાં શાસ્ત્રીય નૃત્યોનું યોગ્ય વાતાવરણ સંગીતથી સર્જાય છે. એ તત્ત્વ પોતાનાં હિન્દી નૃત્યોમાં આમેજ કર્યું. વિષ્ણુ શિરાલી જેવા સંગીતકારે એને અત્યંત કૌશલથી નૃત્યોમાં વણી લીધું. હિન્દના કોઇ પણ નૃત્યના પ્રકારમાં સંગીતથી વાતાવરણ સર્જાતું નથી–નહોતું. ઉદયશંકરે તે કરવાની શરૂઆત કરી.

એક જ દૃષ્ટાંત: એમના ભાઇ શિકારી નૃત્ય કરતા હતા. જો એ સંગીતથી ઉત્પન્ન થએલા વાતાવરણ વગર નૃત્ય કરત તો પ્રેક્ષકોને માત્ર એ ઠેકડા જ લાગત. પણ પ્રથમ જવનિકા ઊપડતાં જ શિરાલી વાતાવરણમાં વીરરસ, કાંઈક બીભત્સ રસ, કાંઇક ઘેરી ઊર્મિઓનો ધોધ વહેવડાવી દે છે અને તે પરથી આતુર બનેલા પ્રેક્ષકોની દૃષ્ટિ સમક્ષ પછી એમનો ભાઈ હાથમાં ભાલા સાથે રંગમંચ પર કૂદી આવે છે. શિકારમાં રહેલી તમામ ઊર્મિઓ—ભય, કુતુહલ, શૌર્ય, આતુરતા વગેરે તો ત્યાં હતાં જ. ઉમેરાયું આ નૃત્ય; અને નૃત્ય વખણાઈ ગયું. ઉદયશંકરે આ નાવીન્ય આણીને જ પોતાને 'નંબર વન શો મૅન' બનાવ્યા હતા.

બીજું ખાસ મહત્ત્વનું નથી છતાં અહીં લખવું અસ્થાને પણ નથી. 'કલ્પના' ચલચિત્રને બહુ વખાણવામાં આવ્યું છે. અલબત્ત, મશીનરી વગેરે સરસ ઝડપી લેવાયાં છે, પણ સિમ્મીને જે રીતે એમાં ચીતરવામાં આવી છે તે બિલકુલ ungentleman'y and unchivalrous છે. 'કલ્પના' જોવાથી આપણા મોંમાં એક જાતનો બદસ્વાદ રહી જાય છે.

(સાન્ટાક્રુઝ) —ધનસુખલાલ મહેતા

પાંચ વરસની અમારી નાની 'ચીકુ' વાર્તા સાંભળવાની ખૂબ જ શોખીન છે. અત્યાર સુધીમાં અનેક બાળવાર્તાઓ–ચકા તથા ચકીની, સિંહ તથા શિયાળની, બકરી અને તેનાં બચ્ચાંની, બીકણુ સસલીની વગેરે વાતો તે ઘણી વાર સાંભળી ચૂકી છે.

એક વાર મેં તેને હાથીના આકાર વિષે ઝગડતા પેલા નવ (કે સાત?) આંધળા માણસોની જાણીતી વાર્તા કહી: જે માણસ હાથીના પગને અડકયો હતો તે કહે હાથી થાંભલા જેવો છે, જેણે હાથીનો કાન પકડેલો તે કહે હાથી સૂપડા જેવો છે વગેરે.

સામાન્ય રીતે વાર્તા સાંભળવામાં હમેશાં શાન્તિથી તલ્લીન થઈ જતી ચીકુએ આશ્ચર્યભર્યા મોંએ મારી સામે જોઈ રહ્યા બાદ પ્રશ્ન કર્યો: 'હેં મામા, પણ આ આંધળા માણસોએ થાંભલો, સૂપડું, ભીંત વગેરે ક્યાં જોયાં હતાં?!

(મૉમ્બાસા) —વિનોદ પારેખ

અખબારોમાં વાંચવામાં આવ્યું કે દુનિયાના સમૃદ્ધ તેલભંડારોની હરોળમાં ઊભું રહે તેવું તેલક્ષેત્ર ગુજરાતમાં મળી આવ્યું છે. આ વાંચી વરસો પહેલાં 'કુમાર'માં આવેલા પેટ્રોલિયમના સંભવિત તેલક્ષેત્રનો લેખ યાદ આવ્યો. જે વખતે આજના જેટલાં સાધનો, સંજોગો, સાહિત્યની ઉપલબ્ધિ ને વાતાવરણ ન હતાં તે કાળે આવેલો એ લેખ આપણા પેટ્રોલિયમના ઇતિહાસમાં ગણાશે. 'કુમાર'-પ્રેમીઓ માટે આ આનંદજનક છે.

'ખનીજતેલ સમાચાર' (વર્ષ ૪, અંક ૧૬ તા. ૧ એપ્રિલ '૬૫)માં ગુજરાત રીફાઈનરી નજીક સ્થપાનારા પેટ્રોકેમિકલ ઉદ્યોગો અંગે વિસ્તૃત કાર્યક્રમ બાબત વાંચવામાં આવ્યું. ઇશ્વરે ગુજરાતને કેવી તક આપી છે!

'કુમાર'માં હવે આ બાબત લેખમાળા કે અવારનવાર આધારભૂત લેખો આવતા રહેશે તો ભવિષ્યના નાગરિકો તેમજ જ્ઞાનપિપાસુઓ ઉપર ઉપકાર થશે.

(મોરબી) —ભૂરુભા જાડેજા


૪૯૮મા અંકના વ્યક્તિવિશેષ વિભાગમાં સરદાર કે. એમ. પણિક્કરનો ઉલ્લેખ છે. એમને સાહિત્ય પ્રત્યે વંશાનુગત અભિરુચિ હોઇને, નિશાળમાં ભણતા ત્યારથી તેઓ કાવ્યો રચતા. મલાયલી સાહિત્યનો વિકાસ સાધવાની સક્રિય પ્રવૃત્તિ તો તેઓ ઑક્સફર્ડમાં હતા ત્યારથી તેમણે આદરી હતી.

'મૉડર્ન રિવ્યૂ'ના જાન્યુ. ૧૯૧૯ના અંકમાં 'ભારતનાં રજવાડાંઓનું ભાવિ' એ વિષય પર એમનો વિસ્તૃત લેખ છપાયો હતો. ૭ વર્ષ બાદ જ્યારે તેઓ દિલ્હીમાં 'હિંદુસ્તાન ટાઈમ્સ'ના તંત્રીપદે હતા ત્યારે આ જ વિષય પર એમણે એક પુસ્તક પ્રગટ કર્યું હતું, જે પુસ્તકે એમના જીવનને નવી જ દિશા અર્પી.

તેમણે 'કુમારસંભવ'નું મલાયલી ભાષામાં કાવ્યસ્વરૂપે નિરૂપણ કર્યું હતું. વળી ઉપરાંત તેમણે 'ધ વેસ્ટર્ન ચૅમ્બર' નામક ચીની નાટકનો અનુવાદ પણ મલાયલી ભાષામાં કર્યો હતો.

(જાફરાબાદ) —ઈશ્વરલાલ પરમાર

મારી પાસે ચાંદીના પતરામાં કોતરેલું નીચે બતાવ્યા મુજબનું યંત્ર છે. તે વિષે કોઈ જાણકાર ખુલાસો કરશે તો આભારી થઈશ.



(ભુજ-કચ્છ) —બાલેન્દુ વૈદ્ય

સૂતી વખતે એક ઓશીકું લઈ બે જાંઘની વચ્ચે એવી રીતે રાખવું, કે જેથી જનનેન્દ્રિયનો સમગ્ર ભાગ બે પગની વચ્ચે ન રહેતાં, ઓશીકાની કિનાર પર, ઉપરના ભાગમાં રહે. બંને જાંઘ, તેની વચ્ચેનો ગાળો અને જનનેન્દ્રિયની નીચેના ભાગને દબાણ રહે એ રીતે ઓશીકાને દબાવીને રાખવું. તદુપરાંત, ઉપર્યુક્ત ભાગોને વધુ દબાણ રહે, એ માટે, બન્ને પગને આંટી મારીને સૂવું. આથી જવલ્લે જ સ્વપ્નદોષ થાય છે. ચત્તા સૂવાથી સ્વપ્નદોષ થવાની શક્યતા ઓછી છે, પણ એમ સૂવું, એ આરોગ્ય માટે હાનિકારક ગણાતું હોઈ, ડાબી, અગર જમણી બાજુ દબાવી ઉપર જણાવ્યા મુજબ સૂઈ શકાય છે.

(ખાંભા) —ગુણવંત જોશી

શ્રી દુષ્યન્ત વસાવડાના પ્રશ્ન વિષે: ઉપલા હોઠની મધ્યમાં આવેલો ખાડો ગુજરાતીમાં "મૂગી" કહેવાય છે. વર્ષો પહેલાં બી.એ.માં ગુજરાતી વિષયની મૌખિક પરીક્ષા લેવાતી ત્યારે સાક્ષરશ્રી નરસિંહરાવે એ ખાડાના નામ

અંગે પરીક્ષાર્થીને પ્રશ્ન પૂછેલો જે નહોતો આવડ્યો ત્યારે 'એ મૂગી કહેવાય' એવું એમણે કહેલું. આ વાત મારા એક પ્રોફેસર મિત્રે ઘણાં વર્ષો પહેલાં કહેલી.

'કુમાર'નો હું મુગ્ધ પ્રશંસક છું. ત્રીસેક વર્ષથી નિયમિત વાંચું છું. મારા ઘડતરમાં એનું ઋણ પણ સ્વીકારું છું, છતાં કવિતા વાંચતાં નાકનું ટેરવું સહજ ઊંચું થઈ જાય છે. બહુ નબળું પોત આવે છે.

(નવસારી) —ચંદ્રકાન્ત જે. પંડ્યા

મે અંકના પ્રશ્નના ઉત્તરમાં : ઉપરના હોઠની મધ્યમાં નાકની નીચે આવેલા નાના સરખા ખાડારૂપે આવેલા ભાગને ગુજરાતીમાં 'મૂગો' કહે છે. ઈ.૧૯૧૫માં પાટણ મેલ ટ્રેનિંગ કૉલેજમાં એક પ્રોફેસરે આમ જણાવેલું.

(કડી) —ચમનલાલ સોમનાથ શાહ

ઉપલા હોઠની મધ્યમાં આવેલા ખાડાવાળા ભાગના ગુજરાતી નામ વિષે ઘણી વ્યક્તિઓને પૂછતાં નિરાશ થવું પડેલું. પરંતુ અમારે ત્યાં રાજસ્થાની હજામની હેર કટિંગ સલૂન છે; તે ભાઈને પૂછતાં જણાવ્યું કે અમે તેને 'દાંડી' કહીએ છીએ. ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં આ ભાગની હજામત કરાવવાનો રિવાજ છે અને હજામને તેઓ 'દાંડી કર' એમ સૂચના આપે છે. અગાઉ મુસલમાનો પણ આ ભાગ સાફ કરાવી મૂછો બન્ને છેડે લંબાવેલી રાખતા, તે મુસ્લિમ લોકોનાં તે વખતનાં ચિત્રો પરથી દેખાય છે.

(મોહોને-કલ્યાણ) —પદ્મકાન્ત ર. શાહ

મેં કોઈ સામયિકમાં કબજિયાત ને શરદી માટે નીચેનો અસરકારક પ્રયોગ વાંચેલો: સારી ખારેક નંગ ૪ લઈ, તેનો ભૂકો કરી, તેમાં ૦। તોલો આદુ કચડવું. આ મિશ્રણને અર્ધો રતલ દૂધમાં ખૂબ ઉકાળવું. એથી સ્વાદિષ્ટ ચાટણ બનશે, જે રોજ સાંજે લેવાથી કબજિયાત દૂર થશે, આંતરડાં મજબૂત બનશે. આ પ્રયોગમાં નીચેની મુશ્કેલીઓ નડે છે:

(૧) પ્રયોગમાં ચાર જ ખારેકનું કહ્યું છે. વધુ જથ્થામાં બનાવવો હોય તો બીજી બંને વસ્તુ (આદુ, દૂધ) તે મુજબ પ્રમાણસર લઈ બનાવી શકાય? (૨) ઉનાળા જેવા દિવસોમાં દૂધને કારણે ચાટણ બેત્રણ દિવસ બાદ ખાટું થઈ જાય છે તો શો ઉપાય કરવો? એક જ ખારેકનું બનાવી શકાય? (૩) પ્રયોગ પ્રમાણે ચાટણ બનાવ્યા બાદ કેટલા પ્રમાણમાં લેવું?

આ સવાલોના જવાબ તથા બની શકે તો પ્રયોગ વિષે વધુ ઉપયોગી માહિતી કોઈ વાચક મિત્ર તાત્કાલિક આપશે તો મને તથા બીજા ઘણાને ખૂબ જ ઉપયોગી નીવડશે. આ પ્રયોગ અજમાવી જેવા જેવો છે.

(જામ વણથલી) —કે. જી. મહેતા

મે અંકમાં શ્રી સોમાલાલ શાહનું ચિત્ર 'વેણુ-ગોપાલ' સામાન્ય લાગ્યું. સોમાલાલ તો ગુજરાતના અચ્છા ચિત્રકાર છે. એમનાં ઘણાં સુંદર ચિત્રોમાંથી એકાદ આપી શકાત. ફરી શેક્સપીઅરની વાર્તા જોઈ આનંદ થયો.

(સોંદરડા) —રાજેન્દ્રસિંહ રાયજાદા

શેક્સપીઅરની ૪૦૦મી જયંતીના ઉપલક્ષમાં અપાતી તેનાં નાટકોની વાર્તાન્તરમાળાના અનુસંધાનમાં : આપણે આપણા મહાન કવિ કાલિદાસને ભૂલી સીધા શેક્સપીઅર પાસે પહોંચી ગયા એ આંગ્લભાષાનો વિષમ પ્રભાવ છે. જોકે પરદેશી સાહિત્યનું જ્ઞાન જરૂરી છે, પરંતુ તેની આડમાં આપણા સાહિત્યને સમૂળગું ભૂલી જવું એ જરા અજુગતું લાગે. લોકોને કાલિદાસ કે ભાસની કૃતિઓનો પરિચય શેક્સપીઅરની કૃતિઓ જેટલો તો નહિ હોય. ભાસનું 'સ્વપ્નવાસવદત્તમ્' કે કાલિદાસનું 'વિક્રમોર્વશીય' શું 'કુમાર'માં સ્થાન પામી શકે નહિ? કાલિદાસની કેટલીયે જયંતીઓ ચાલી ગઈ, તો એનાં નાટકોની વાર્તાન્તરમાળા ચાલુ કરવાની વાત 'કુમારવાળા' કોઈને યાદ નહિ આવી હોય?

(કોઠી) —જનક ત્રિવેદી

મે અંકમાં શ્રી પ્રેમચંદ્ર બુદ્ધના 'મિત્રભાવ' નામક જીવનપ્રસંગે હૃદયને વલોવી નાખ્યું. ખરેખર અદ્ભુત પ્રસંગ વર્ણવ્યો છે. ડૉ. મધુસૂદન પારેખે ફરી શેક્સપીઅર પર કલમ ચલાવી. 'સિમ્બેલીન' ખૂબ જ પસંદ પડી. તેઓ ગુજરાતી ભાષા પર ગજબનો કાબૂ ધરાવે છે. 'કુમાર'નુંસ્થાનબધાંમાસિકોકરતાંઆગવુંછે.

(મુંબાઈ) —ચંદ્રકાંત એન. કોઠારી

જૂન '૬૫નો અંક ખોલતાંની સાથે જ તુરત જ મઢી લેવાની ઇચ્છા થાય તેવી જવાહરલાલની છબી જોઈ ઘણો આનંદ થયો, સંતૃપ્તિ થઈ. આવો સુરમ્ય ને આહ્લાદક ફોટો ભાગ્યે જ કોઈ સામયિક પ્રગટ કરી શક્યું હશે. ગઈ સાલના પૂઠા ઉપર પણ જવાહરલાલજીની જે છબી પ્રકાશિત કરેલી તે વાચકો ભૂલે તેમ નથી. આ વરસે પણ એથીય વિશેષ છબી આપી શક્યા એ આનંદની વાત છે.

(અમરાપુર) —હેમરભાઈ લા. ચૌધરી

કુમાર

જુલાઈ ૧૯૬૫ · અંક ૪૯૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦

સૂરજ અને હબસી કન્યા / ચંદ્રકાન્ત શેઠ

· કટાવ-સવૈયા ·

દૂર... પણે... ડુંગર-ઢોળાવે
પથરાએલાં લીલાં લીલાં
અંધકારથી ભીનાંભીનાં
સાગર સરખાં ઊંડાં, પ્હોળાં
સભર ધરાની છાતી સરખાં
અંતરાલ હરિયાળો કરતાં વન.

પૂર્વ ક્ષિતિજનો કોટ ઉલ્લંઘી
એક ઠેકડે રોજ સવારે
શિખર ઉપર જ્યાં સૂરજ આવે,
વનના જાણે રોમરોમમાં
કોઈ સુનેરી તેજતારનો ફરી વળે રણકાર.

પ્રીત પ્રકાશિત કરતા કરને સ્પર્શે જેવો
પુલકે અંધાં લોચનનો અંધાર,
કાળી મેઘલ રાતે
કોઈ અભિસારિકાના કર-દીપે
ઝણકી ઊઠે પથનો ઘન સૂનકાર;
એમ સૂરજના કરસ્પર્શે શો
વનના પાને પાને
કોળ્યા અંધકારનો પુલકી ઊઠે પ્રાણ.

ટટાર સૂરજ : ઝૂકી ઝૂકી,
હળવેથી ગીચ ઝાડીમાંથી માર્ગ કાઢતો જાય,
કોઈ સરોવર આવ્યે
જળમાં પાય ઝબોળી જરાક જાણે થોભે.
ઝાડીનો અંધાર ગાઢતર કરતાં પેલાં રીંછ;
ઝાડીનો અંધાર સરોવર સુધી આણતાં ખેંચી
પેલાં ઘૂમતાં કાળાં પહાડ સમાં ગજવૃંદ;
વાઘ-સિંહની કાળી ત્રાડ વચાળે
શ્વેત–શાંતિ આ સરની પેલા સારસદલે વિકાસે!

નીતર્યાં જલમાં વ્યોમ પાથર્યું, એ પર સરતાં મીન,
સૂરજ જાણે આંખ મીંચી બે પલ સરવરમાં લીન;
હસ્તિ-સ્પર્શે હલે કમળ ને ઊઠે મધુપનું ધ્યાન,
એમ સૂરજ પણ ઝબકી જાગ્યો, આગળ કરે પ્રયાણ.

એ સરજની પાછળ ઘેલી હબસી કન્યા ઝૂરે,
કેમ સૂરજને પામું મનમાં એ જ કલ્પના સ્ફૂરે.
કાળો વાદળ-કોર્યો એનો કોમળ-લીસો પિંડ,
આંખ સદાયે વીજ-ઝબૂકી, જલની હોઠે મીંડ.

કાજળ-બાંધી કાયા, એમાં અજવાળાનો ઓઘ,
એના ખુલ્લા શ્વેત સ્મિતમાં છલકે જેનો ધોધ;
અંધકારની કુંપળગૂંથ્યા, ગૂંચળિયાળા કેશ,
હરિયાળીનો એમાં જાણે છૂપો તરે ઉજેશ.

મણિધર માથે રત્ન ઝબકતાં, એમ ઝબકતાં નેણ,
સ્વપ્નલોકની મત્ત સુરાનું વનને ચઢવે ઘેન;
લીલીછમ વનરાજિ પામી શિખર પુષ્ટ જયમ સોહે,
એવા આ અવકાશ ભીંસતા સ્તન પર પૌરુષ મોહે.

જલનાં જાણે હરણ દોડતાં જાય...
એમ ઊછળતી, કૂદતી, ગાતી વનકન્યા આ
મધુર ગીતની સૌરભ સાથે ચોગમ વ્યાપી જાય.
પાને પાને એના જાડા હોઠ મહીંનો
તાજો અમલ ટપકતો,
વૃક્ષવૃક્ષની છાયામાં લાવણ્યતણો પટ
કેવો મુક્ત ફરકતો!
મનનું એનું બુલબુલ ગાતું બધે હવામાં ફરકે,
ફૂલફૂલમાં એના કરનો સ્પર્શ કશું બસ રણકે!

રોજ સવારે સરવરપાળે હબસીકન્યા આવે,
જલમાં સૂરજ જોતી એનું ગીત મધુર છલકાવે:
'સૂરજ! મારા ઘરમાં આવે ફૂલની સેજ બિછાવું,
મઘમઘતો અંધાર પાઈને તારી તરસ મિટાવું.

હબસી નરના ચ્હેરે મારે જોવો તને સળગતો,
રગરગ એને તડકો તારો પામી રહું ઊછળતો;
જુવાન એની આંખોનું જ્યાં
કિરણ તિમિરમાં અડકે,
રોમરોમમાં મારે ધોળાં, ગુલાબ ત્યારે પ્રગટે.
વન ભેદીને રાતે મારો જુવાન મળવા આવે,
સૂરજ ત્યારે હોય આવતો તું જો, મનેય ભાવે."

પેલી પાર / રઘુવીર ચૌધરી

· ગઝલ ·

આપણી વચ્ચે હવે અંતર નથી,
સ્પર્શમાં શો શૂન્યનો રણકાર છે!

રાતરાણી ગંધથી ઝૂકી પડી,
પર્ણપર્ણે નીંદ કેરો ભાર છે.

કોઈ ફૂલની આગવી મુદ્રા નથી,
આજ નિર્જનતાભર્યો ગુલઝાર છે.

બંધ દીવાલો ભલે તાકી રહો
રૂપ સૌનું એક પેલી પાર છે.

લાગતું કે હું હજી બોલ્યા કરું,
એકલા આ શબ્દમાં કંઈ સાર છે.

એ ખુમારી; એ સુરા–સાકી ગયાં,
આ ગઝલના ભાગ્યમાં ઑથાર છે.

કોણ જાણે ક્યાં લગી ચાલ્યા જશું–
પંથ ક્યાં છે? આ બધાય વિચાર છે.

મુક્તક / રાજેન્દ્ર શુક્લ

ધીમે રહી આ છેલ્લું યે
આંસુ વહી જશે,
ભીનાશનું એકાંત બસ
બાકી રહી જશે;
અસ્તિત્વ એનું ઓગળી
જાશે અભાવમાં,
સ્મરણો વિનાની જિંદગી
શેણે સહી જશે?

પડછાયા / ગીતા પરીખ

· ગાન ·

હસી રહ્યા પડછાયા :
જળહિલ્લોળે ઝૂલે એની શ્યામલ કોમલ કાયા—હસી૦

પાણીએ બંધાયા એના ડગમગતા સહુ પાયા,
પ્રકાશને દોરે સંચારિત ક્ષણિક એહની માયા—હસી૦

ચંચલ ચરણે રમતાં એમાં તરલ તેજ ને છાયા,
પલપલની લીલામાં કેવાં સુખ શાશ્વત વિસરાયાં!—હસી૦

૫૦૦મો અંક સલામત મેળવવા માટે

દર મહિને ટપાલમાં ગુમ થતા અંકોની સંખ્યા ઉત્તરોત્તર એટલી વધતી જાય છે કે અમે હવે પૂરા અંકો ભરપાઈ કરી શકતા નથી. આ સ્થિતિમાં ૫૦૦મો અંક ગુમાવવો કોઈને ન ગમે. ચિંતાતુર ગ્રાહકોના પત્રોના ઉત્તરમાં અમે બે માર્ગ સૂચવ્યા છે: ૧) રજિસ્ટર્ડ ટપાલથી તે મંગાવવો, ને તે માટે અમને ૫૫ પૈસાનો મનીઑર્ડર કરવો; ૨) અંકને આવતા વર્ષના લવાજમના રૂ. ૧૫ (ચોખ્ખા)ના વી.પી.થી મંગાવવો—એટલેકે એ રીતે જેઓ આગોતરું લવાજમ ભરશે તેમના વી.પી. રજિસ્ટ્રેશનનું ખર્ચ અમે ભોગવી લઈશું. સ્વાભાવિક રીતે જ, સંખ્યાબંધ ગ્રાહકોએ આ આગોતરા લવાજમની લાભદાયી પદ્ધતિ જ પસંદ કરી છે.

ભાવિ જીવનનું ભાથું બંધાવતી એક અત્યંત મનનીય વિચારવિશેષ-માળા (૧)

વ્યક્તિ-ઘડતર

લેખક · રેવ૦ ફાધર વાલેસ

સ્કૂલ-કૉલેજમાં ક્યા ક્યા વિષયો ભણો છો? ગણિત, વિજ્ઞાન, ભૂગોળ, ગુજરાતી, હિંદી, અંગ્રેજી...સારી એવી યાદી બની જાય છે. અને દરેક વિષય ઉપર પરીક્ષાઓની પરંપરા તો ચાલવાની જ! થોડાં વર્ષ સુધી એવા વિષયો ને એના પેટા-વિષયો, એની શાખાઓ વગેરેનો અભ્યાસ કરશો. સાથેસાથે એટલી જ પરીક્ષાઓનો માર ખાશો એટલે તમે તૈયાર થઈ જશો. તૈયાર? શાને માટે?

પદવીદાન-સમારંભમાં, સાક્ષરોની સમક્ષ, શિષ્ટ ભાષણોના તાલે તમારા હાથમાં મરોડદાર અક્ષરવાળો એક કાગળ મુકાય તે માટે ને? એ કાગળ તમારી ડિગ્રીનો સાક્ષી હશે. તમારી લાયકાતનું પ્રમાણપત્ર હશે.

શાનું પ્રમાણપત્ર? શાની લાયકાત?

પદવી મળી એટલે જીવનમાં ઝૂઝવાની યોગ્યતા સિદ્ધ થઇ એવું હોતું નથી. હાથમાં કાગળિયાં આવ્યાં એટલે મનમાં અને દિલમાં જરૂરી સંસ્કારો પડયા એમ પણ નથી. પરીક્ષા માટેની તૈયારી અને જીવન માટેની તૈયારી એ કંઈક જુદીજુદી વસ્તુઓ જ છે.

વૈજ્ઞાનિક સંશોધનમાં પ્રખ્યાત એક ભારતીય સંસ્થામાં અધ્યાપકપદ માટે અનેક ઉમેદવારો આવ્યા. એમાંથી એક ઉમેદવાર તીવ્ર બુદ્ધિથી અને ઉજ્જ્વલ કારકિર્દીથી બીજાઓ કરતાં વિશેષ નજરે ચડે એમ હતો. તો યે અનેક તટસ્થ કસોટીઓ અને મુલાકાતો પછી એ લેવાયો નહિ. ખાનગી તપાસ કરતાં ખુલાસો મળ્યો: 'હા, તેની બુદ્ધિ સારી છે; તેની ડિગ્રીઓ ય સારી છે. પણ તેનું વ્યક્તિત્વ સારું નથી. અને જેમનું વ્યક્તિત્વ સારું, સુદૃઢ અને સમતોલ ન હોય એવા માણસો અમારી સંસ્થામાં ન શોભે.'

વ્યક્તિત્વ: જેના વડે—

માનવ માનવ થાય, વ્યક્તિ વ્યક્તિ થાય અને કુટુંબમાં ને સમાજમાં પોતાનું આગવું સ્થાન મેળવે; જેના કારણે મહાન પુરુષો મહાન થયા અને નેતાઓ નેતાઓ બન્યા; જેના પ્રતાપે બુદ્ધિની ખોટ મહેનત પૂરે અને શરીરના દોષ આત્મબળ ભુલાવી દે; જેમાં માનવનાં મન તથા હૃદય, સ્વભાવ તથા સંસ્કારો, વિચારો લાગણીઓ ને આકાંક્ષાઓ એકબીજાને મળે છે અને પરસ્પર સંકળાઇને, અસર પાડીને તેમ જ પામીને માનવવ્યક્તિ ઘડાઇ છે...એ તત્ત્વ કે એ તંત્ર યા એ આંતરિક પ્રવાહોનો સંગમ એ જ માણસનું ખરું માપ છે. અને એ તેને જીવનમાં સફળતા-નિષ્ફળતા અપાવે છે.—એ જ વ્યક્તિત્વ.

પરીક્ષામાં પ્રથમ આવ્યા? શાબાશ! પણ હજુ જીવનમાં પ્રથમ આવવાનું બાકી છે.

'નિશાળમાં હતો ત્યારે એ કેવો આશાસ્પદ વિદ્યાર્થી હતો! પછી કોણ જાણે કેમ એક ખૂણામાં જઇને બેસી રહ્યો છે, આખી જિંદગીભર. જ્યારે પેલાનું તો જુઓ! ભણતો'તો ત્યારે શિક્ષક કે દોસ્ત કોઈ તેની સામે ય જોતું નહિ; એ આટલે ઊંચે ચડી જવાનો હતો એવી કલ્પના યે કોઈ દિવસ ન આવે!' જ્યાં શિક્ષકો ભેગા થઈ જૂના વિદ્યાર્થીઓની વાત કરતા હોય ત્યાં આ પ્રકારની ટીકાઓ સંભળાયા વિના રહેશે નહિ.

તમે પોતે શું એવું જોયું નથી કે પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી સૌથી લોકપ્રિય ન પણ હોય? અને નિબંધ-હરીફાઇમાં ઇનામ મેળવનાર છોકરો વાતો કરતાં યે અચકાતો હોય? અને નૃત્યમાં નિપુણ છોકરી હમેશાં એકલીએકલી રહેતી હોય?

પ્રથમ વર્ગમાં આવનાર વિદ્યાર્થીઓને બીજે વર્ષે નાપાસ થતા મેં જોયા છે. બુદ્ધિ, પૈસા ને શક્તિ હોવા છતાં અભ્યાસ છોડી દેવાનો નિર્ણય કરનારાઓના કરુણ પત્રો પણ મેં વાંચ્યા છે. એથી ઊલટું પણ: એક વખત માંડ પાસ થનાર વિદ્યાર્થીઓને બીજી વખત વર્ગને મોખરે આવતા મેં જોયા છે; અને કોઇ પણ સગવડ વિના વાંચતા, અભ્યાસ હવે છોડવો જ પડશે એવો ભય માથા ઉપર રોજરોજ ઝઝૂમતો હોવા છતાં હિંમતપૂર્વક મહેનત કરતા, અપૂર્વ શ્રદ્ધાથી આગળ નીકળી જનારા વિદ્યાર્થીઓને પણ મેં જોયા છે.

હા. માણસનું ભવિષ્ય ઘડનાર ફક્ત એની બુદ્ધિ નથી, એનું આખું વ્યક્તિત્વ છે. માણસનું વ્યક્તિત્વ જ એને સમાજમાં પોતાનું સ્થાન અપાવે છે. આની ઉપર ધ્યાન ન આપવાથી અણધાર્યાં પરિણામ આવે છે, મહેનતનું (અને પૈસાનું!) પૂરું વળતર મળતું નથી, કેળવણીનાં ફળ જોઈએ તેવાં ને તેટલાં ઊતરતાં નથી.

સ્કૂલ-કૉલેજનું કામ અગત્યનું જ છે. અરે પરીક્ષાઓ પણ—કળિયુગમાં હોઇએ ત્યાં સુધી—અનિવાર્ય છે. કહેવાનું તાત્પર્ય એટલું જ કે એ બધું હજુ અધૂરું જ છે, અપૂર્ણ છે. યાદ રાખજો કે,

જ્ઞાન એ વિષયોનો ઢગલો નથી,
કેળવણી એ ગુણનો સરવાળો નથી,
વ્યક્તિત્વ એ પ્રમાણપત્રોનો સંગ્રહ નથી.

એક સાક્ષરે રમૂજ કરતાં લખ્યું છે કે 'ભણેલું તમામ ભૂલી રહ્યા પછી મનમાં જે રહી જાય તે વ્યક્તિત્વ કહેવાય!' ભણવું તો જોઇએ જ. (શીખ્યા જ ન હોઈએ તો ભૂલી કેમ જવાય?) પણ શું ભણ્યા એ મુદ્દાની વાત નથી. અક્ષરોનાં બીબાં સીસાનાં કે લોખંડનાં કે સોનાનાં હોય, તોયે અક્ષરો એના એ જ પડશે, અને છાપેલા વાક્યનો અર્થ એ જ રહેશે. અભ્યાસના વિષયો તો સાધનો જ છે; માટે સાચી કેળવણીમાં 'વિષયો' સિવાય બીજું ઘણું પણ ધ્યાનમાં લેવાનું છે.

તમારો સ્વભાવ ઓળખી લેવો; તમારી લાગણીઓ ઉપર કાબૂ મેળવવો; તમારું મનોબળ કેળવવું; સમાજમાં જીવતાં શીખવું; અભ્યાસમાં તમારું સાચું ક્ષેત્ર પસંદ કરવું; તમારું જીવનધ્યેય નક્કી કરવું ...એ ખરા 'વિષયો' કહેવાય—અભ્યાસક્રમમાં ન હોય તો પણ! એ શીખવાની પણ એક કલા છે—ખરી જીવનકલા; અને ખાસ પ્રયત્ન કર્યા વિના તે હસ્તક પણ ન કરી શકાય. વળી દુઃખની—કે સુખની!—વાત એ છે કે એ જીવનપરીક્ષામાં ચોરી ન થાય કે ગપ્પું ય ન ચાલે!

વ્યક્તિત્વ બાંધવા વર્ગના કામ સિવાય બીજું ઘણું જોઈએ. આ કાર્યમાં આશાની લાલિમા જોઈ શકાય છે, કારણ કે તમે વર્ગમાં આગળ ન હો તો હજુ જીવનમાં આગળ આવી શકો છો. અને એમાં ચેતવણી પણ છે, કારણ કે તમે વર્ગમાં આગળ હો તો પણ હજુ જીવનમાં પાછળ પડી શકો છો! બેધારો પ્રશ્ન છે, પણ પ્રશ્ન તો છે જ. અને એવો પ્રશ્ન ઊભો કરવો એ આપણું પહેલું કામ છે. જેના મનમાં પ્રશ્ન ન હોય એને જવાબ આપવો વ્યર્થ છે. અને ઊલટું પણ, પ્રશ્ન બરાબર ઘડયો હોય અને સ્પષ્ટ રીતે પૂછ્યો હોય તો એનો જવાબ અર્ધો તો મળી ચૂક્યો છે.

તમારું વ્યક્તિત્વ ઉત્તમ રીતે બાંધવા; તમારી તમામ શક્તિઓનો પૂરેપૂરો ઉપયોગ કરવા; તમારું—અને દેશનું—ભવિષ્ય ઊજળું બનાવવા તમે સંકલ્પ કરો એટલે વ્યક્તિઘડતરનું કામ શરૂ થયું કહેવાય.

ઊપડવાનો નિર્ણય કર્યો એટલે મુસાફરી શરૂ થઈ.
નિદ્રામાંથી જાગ્યા એટલે દિવસ શરૂ થયો.
વ્યક્તિત્વનું ભાન થયું એટલે એનો પાયો નખાયો.

હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ

શાન્ત અને કર્તવ્યનિષ્ઠ સંસ્કાર-સેવક

લેખક · ડૉ. મધુસૂદન પારેખ




મારા પિતાશ્રી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં આસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે જોડાયા તે વખતે રાષ્ટ્રીય ચેતનાનો યુગ બેઠો હતો. અંગ્રેજોની બંગભંગની અન્યાયી અને ક્રૂર યોજના પછી આખો દેશ બ્રિટિશ સલ્તનત સામે એક થઈ ગયો હતો. લોકમાન્ય ટિળક, ફિરોઝશાહ મહેતા સુરેન્દ્રનાથ બૅનરજી વગેરે દેશની સ્વતંત્રતા માટે હાકલ કરી રહ્યા હતા, એ અરસામાં - ઇ. ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત દ્વારા અવનવો ચમત્કાર સર્જી વિજેતા તરીકે ગાંધીજી ભારતમાં પાછા ફર્યા. તેમણે અમદાવાદમાં 'સત્યાગ્રહ આશ્રમ' સ્થાપ્યો અને અંગ્રેજી રાજ્ય સામે મોરચો માંડ્યો. મારા પિતાશ્રીના ચિત્તમાં પણ કેળવણીના પ્રસાર દ્વારા પ્રજાને જાગૃત કરવાનો તેમજ પોતાના જ્ઞાનનો દેશબાંધવોની સેવામાં ઉપયોગ કરવાનો ભારે ઉમંગ ઊછળી રહ્યો હતો. મિત્રો સાથે નદીની રેતમાં નેતાઓનાં ભાષણ સાંભળવાં કે આશ્રમની પ્રાર્થના-સભામાં હાજરી આપવા જતા. દાદાસાહેબ માવળંકર ડૉ. હરિપ્રસાદ દેસાઈ વગેરે મિત્રો દેશસેવાની કંઇકંઈ યોજનાઓ ઘડતા. મહાત્મા ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી ત્યારે તેમણે ત્યાં આપેલી હાજરીની છાપ તેમની ડાયરીમાં આમ નોંધી છે: 'રાષ્ટ્રીય શિક્ષણનો પાયો નખાયો એ ઇષ્ટ થયું, પરંતુ તે પ્રશ્નને રાજકીય ચળવળ સાથે એકત્ર કરી દેવામાં આવ્યો છે તે અઘટતું અને નુકસાનકારક લાગે છે.' ગાંધીજીનાં લખાણો તથા વિચારોનો તે ઝીણવટથી અભ્યાસ કરતા. એક નોંધમાં લખ્યુ છે: 'યંગ ઇંડિયામાંના લેખો વાંચ્યા. ગાંધીનો અગ્રલેખ વાંચી મન પર બહુ ઊંડી અસર થઇ. ખેદ એટલો જ થાય છે કે તે પ્રમાણે વર્તવાને મન કબુ કરતું નથી. એમની વાતમાં ઊંડાં સત્યો રહેલાં છે અને તે ગ્રહણ કરવાથી લાભ જ થાય, હાનિ નથી.' અને થોડા દિવસ પછીની એક નોંધમાં: 'ગાંધીજીનો "યંગ ઇંડિયા"માંનો લેખ વાંચી તેમની લડતનું રહસ્ય નક્કર સ્વરૂપમાં સ્પષ્ટ થયું અને મારું શિર તેમનાં ચરણમાં ઝૂકી પડયું. ખરેખર દેવાંશી પુરુષ છે. દેશબંધુઓ માટે કેટલી તીવ્ર લાગણી!' ગાંધીજીના અસ્પૃશ્યતા-નિવારણના કાર્યક્રમથી પ્રભાવિત થઈને તેમણે એક વાર હરિજનો સાથે પ્રીતિભોજનમાં પણ ભાગ લીધો હતો અને ન્યાતમાં તેથી ખળભળાટ મચ્યો હતો.

સત્યાગ્રહ લડતની ભાવના ઝીલીને તેમણે 'દેશભક્તિનાં કાવ્યો'નું સંપાદન કરવાનો પણ મનોરથ સેવ્યો હતો અને કેટલાંક કાવ્યો એકત્ર પણ કર્યાં હતાં. પણ પછી તેમની નોંધ છે કે: 'દેશભક્તિનાં કાવ્યો છપાવવાનું માંડી વાળ્યું: એ કામ રા. ઇન્દુલાલે ઉપાડી લીધું.' ગાંધીજીના આશ્રમમાં પ્રાર્થના સમયે વારંવાર હાજરી આપતા એ પરથી 'પ્રભુભક્તિનાં કાવ્યો'નું સંપાદન કરવાનો મનોરથ થયો. એમનો સ્વભાવ - એમનું આખું જીવન ધર્મપરાયણ હતું. ઈશ્વરમાં તેમની શ્રદ્ધા અચલ હતી. તેમણે સારાંસારાં ભક્તિકાવ્યો, ગીતો, ભજનો વગેરે એકત્ર કર્યાં અને 'પ્રભુભક્તિનાં કાવ્યો'નો સંગ્રહ સંપાદિત કરી મહાત્મા ગાંધીને અર્પણ કર્યો. એ સંગ્રહની પ્રસ્તાવનામાં તેમણે પ્રભુભક્તિ તથા પ્રાર્થનાનો સબળ મહિમા દર્શાવ્યો છે. આ જેવી એક 'શયન પુસ્તિકા' (બેડસાઇડ બુક) પણ ગુજરાતનાં ઘરોમાં હોવી જોઇએ એવી ભાવના તેમણે આ પૂર્વે પોતાના સ્નેહી-મિત્ર શ્રી બચુભાઈ રાવત આગળ પ્રગટ પણ કરી હતી. એ ઉપરાંત ઉચ્ચ કોટિનાં કાવ્યોનો એક સંગ્રહ 'કાવ્યગુચ્છ' નામે પ્રોપ્રાએટરી હાઇસ્કૂલના સંચાલકોની વિનતિથી તૈયાર કરી આપ્યો હતો.

એમનું જીવન ધર્મનિષ્ઠ મનુષ્યનું હતું પરંતુ ધર્મમાં તેમને અંધશ્રદ્ધા નહોતી. અલબત એ પૂજાપાઠ તેમજ દેવસેવા નિયમિત કરતા. એની વિધિનું આખું ચિત્ર આજે પણ સ્મરણમાં છે. એમનો એ વખતનો નમ્ર ભક્તિભાવભર્યો ચહેરો ચિત્તમાં અંકાઇ રહ્યો છે. ગરીબ, માગણો વગેરેને તો ભાગ્યે જ અમારે ત્યાંથી ખાલી હાથે પાછા જવું પડતું. તેમને લોટ આપવાનો ઘરમાં નિયમ જ પડી ગયો હતો. રસ્તામાં પણ ગરીબગુરબાંને આપવા માટે તે ખિસ્સામાં ખાસ થોડા પરચૂરણ સિક્કા રાખી મૂકતા. બ્રાહ્મણો જમાડવા કે સપ્તાહો - અગિયારશો ઉજવવાને બદલે તેમની ભાવના મોટે ભાગે અનાથાશ્રમમાં કે રક્તપીત્તિયા અથવા રોગી માટે દાન આપવાની હતી. ધર્મને નામે થતી ધાંધલ તેમને ગમતી નહિ. તેમનું જીવન શાંતિપ્રિય હતું. ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધા રાખી નીતિમય જીવન જીવવું. કોઈનું કલ્યાણ થતું હોય તો કરી છૂટવું અને યથાશક્તિ દાન-ભક્તિ કરવાં એ જ તેમની જીવનભાવના હતી. એમણે પોતાની આવકનો ૧૬મો ભાગ દાન - શિક્ષણ - પરમાર્થ વગેરે માટે ખર્ચવાનો કરેલો સંકલ્પ નોંધપોથીમાં મળી આવે છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાએટીમાં જોડાયા પછી થોડાં જ વર્ષોમાં તેમણે અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસાવવા માંડી. તેમની દૃષ્ટિ ગુજરાતનો સર્વસંગ્રહ, શબ્દકોશ, તેમજ જ્ઞાનકોશ તૈયાર કરવા પર હતી અને એ માટે ખૂબ તૈયારી રાખી હતી. વળી ગુજરાતી સાહિત્યનો


રા. ભાઈ કૃષ્ણલાલ –

તમારા દિગ્દર્શનની પ્રત મોકલી તે માટે ઉપકાર માનું છું. એમાં તમે ગણાવો છો તેમાંના કેટલાંક પુસ્તક પ્રકટ થયાનું મને એ દિગ્દર્શનથી જ જાણવામાં આવે છે.

તમે આ દિગ્દર્શનને "ઉપલક" નોંધ કહો છો. એવો અતિવિનય શા માટે? ઊડતી નોંધ કહી હોત તો ચાલત.

"સુન્દર" શબ્દ તમે જ્યાં ત્યાં વાપર્યો જણાય છે. આપણે લખતાં લખતાં ઉતાવળમાં ઘણી વાર શબ્દોના અર્થનું પૂરતું ધ્યાન રાખતા નથી અને એ રીતે સારા સિક્કાઓ પણ ઘસાઈ ઘસાઈને લીસા પડી જાય છે, એ વિષે તમને ચેતાવવાને માટે જ આ ઝીણી નોંધ કરું છું.

સ્વ. શ્રી બ. ક. ઠા.ના પત્રમાંની આરંભની લીટીઓ એમના હસ્તાક્ષરમાં

ઇતિહાસ લખવાના પણ તેમના કોડ હતા. ગુજરાત સર્વસંગ્રહ એ તો તેમનું જીવનસ્વપ્ન હતું એમ કહીએ તો પણ યોગ્ય છે. એક સર્વદેશીય સંદર્ભગ્રંથ ગુજરાતને મળે તે હેતુથી તેમણે ભૂમિકારૂપે 'ગ્રંથ અને ગ્રંથકાર'ની વાર્ષિક શ્રેણી શરૂ કરી. ગુજરાતમાં પ્રતિવર્ષ પ્રગટ થતું સાહિત્ય તેમની નજર તળેથી નીકળ્યા વિના રહેતું નહિ. તેમણે એવા સાહિત્યનું દિગ્દર્શન પણ અવારનવાર કર્યું હતું. એ બધી તેમને મન કાચી સામગ્રી હતી. તેમણે નોંધ્યું છે: 'સોસાએટીની આખી લાયબ્રેરી જોઈ લેવી. તે પરથી વર્ષ અને વિભાગ વાર તારવણી કરવી, તે પછી સાહિત્યનો ઇતિહાસ લખાય.' પરંતુ આ વિચાર પર તરત જ અંકુશ આવે છે: 'સોસાએટીનો ઇતિહાસ લખવાનું હજુ ખોરંભે પડેલું છે.'

સાહિત્યમાં તેમની અનેકવિધ પ્રવૃત્તિને કારણે તેમનું સાક્ષરી મિત્રમંડળ પણ સમર્થ અને બહોળું હતું. સર્વશ્રી બળવંતરાય ઠાકોર, કનૈયાલાલ મુનશી, મટુભાઈ કાંટાવાળા, અંબાલાલ જાની, મનહરરાય મહેતા વગેરે તેમના નિકટના સાહિત્યમિત્રો હતા. ગુજરાત સાહિત્યસભામાં તે આગળ પડતો ભાગ લઈ નિબંધો તથા જોડણી જેવા ઘરમૂળના વિષયોની ચર્ચા યોજના કર્યા જ કરતા. ગુજરાત સાહિત્ય પરિષદમાં શ્રી મુનશીને તેમની સારી ઓથ હતી. મુનશી પ્રત્યે તેમનો અત્યંત આદરભાવ હતો. શ્રી બળવંતરાય ઠાકોર તેમની સાહિત્ય-સમીક્ષાઓ ઉપર ચાંપતી નજર રાખી તેમના લખાણની આલોચના પત્ર દ્વારા કરતા. ઈ. ૧૯૧૭માં પિતાશ્રીએ કરેલા 'સાહિત્યનું દિગ્દર્શન'ના સંદર્ભમાં શ્રી ઠાકોરે ૨૪-૭-૧૯૧૭ના પત્રમાં નીચે મુજબ પોતાની છાપ વર્ણવી છે:

'તમારા દિગ્દર્શનની પ્રત મોકલી તે માટે ઉપકાર માનું છું. એમાં તમે ગણાવો છો તેમાંનાં કેટલાંક પુસ્તક પ્રગટ થયાનું મને એ દિગ્દર્શનથી જ જાણવામાં આવે છે. તમે આ દિગ્દર્શનને 'ઉપલક નોંધ' કહો છો. એવો અતિવિનય શા માટે? ઊડતી નોંધ કહી હોત તો ચાલત. 'સુન્દર' શબ્દ તમે જ્યાંત્યાં વાપર્યો જણાય છે. આપણે લખતાં લખતાં ઉતાવળમાં ઘણી વાર શબ્દોના અર્થનું પૂરતું ધ્યાન રાખતા નથી અને એ રીતે સારા સિક્કાઓ પણ ઘસાઇ ઘસાઇને લીસા પડી જાય છે, એ



કૃષ્ણલાલ દેસાઈ (બચુભાઇ)

વિષે તમને ચેતાવવાને માટે જ આ ઝીણી નોંધ કરું છું...'

આ બધાંની સાથેસાથે જ્ઞાતિની પ્રવૃત્તિ માટે પણ તે થોડો સમય કાઢતા. જ્ઞાતિના મુખપત્ર 'દશા લાડ પત્રિકા'ના સંચાલનમાં તેમનો સારો એવો હિસ્સો હતો. તેમના ભાણેજ શ્રી હસમુખલાલ મ. કાજી તેમજ શ્રી કાન્તિલાલ રાંદેરિયાના તંત્રીપદે નીકળતા એ માસિકમાં પોતે નોંધ લખતા. ન્યાતના આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓનું શિક્ષણ ન કથળે તે માટે તે હમેશાં પ્રયત્નશીલ રહી તેની શિષ્યવૃત્તિની જાહેરાત પણ કરતા. છતાં જ્ઞાતિ વિષેની તેમની ભાવના સંકુચિત નહોતી. એક પ્રસંગે જ્ઞાતિ વિષે પત્રિકામાં વ્યક્ત કરેલા વિચારો અહીં નોંધવા યોગ્ય ગણાશે: 'હાલની સામાજિક સ્થિતિ અવલોકતાં આપણને એમ લાગે છે કે અગાઉના ન્હાનાં-ન્હાનાં જ્ઞાતિ-કુંડાળાં નિરર્થક છે, એટલું જ નહિ પણ જો જીવવું હોય તો બંધનો તોડી કાઢીને આપણો જ્ઞાતિવ્યવહાર સમસ્ત વૈશ્ય જાતિ સાથે રાખવો, એ જ સલાહભર્યું અને ડહાપણનું પગલું મનાશે, જ્ઞાતિ-ઈતિહાસથી જે વાકેફ છે, તેઓ સારી રીતે જાણે છે કે એ જ્ઞાતિ-કુંડાળાં મધ્યયુગમાં, સ્થાનિક ફેરફાર, ધંધા-રોજગાર, મતમતાંતર વગેરે ને તેમ સંરક્ષણ અર્થે બંધાયાં હતાં અને તે યુગમાં એ વ્યવસ્થા વાજબી અને વાસ્તવિક હતી. પરંતુ તે પછી આપણે ઘણી પ્રગતિ કરેલી છે; અને હવે પૂર્વવત્ એકલા સ્થાનિક જ્ઞાતિસમૂહ સાથે સર્વ વ્યવહાર સંકુચિત રાખવા આગ્રહ કરવો એ વિઘાતક રીતિનીતિ છે, એમ જ કહેવું પડશે. તેથી...લગ્નસંબંધ એક જ સ્થળે ન કરતાં તેનું ક્ષેત્ર વિસ્તરે એવી તજવીજ કરવી જોઈએ.'

ગુજરાત વર્નાક્યુલર સોસાએટીમાં તેમને કૉલેજકાળથી જ જીવંત રસ હતો. સદ્‌ભાગ્યે એમાં જ તેમને કાર્યક્ષેત્ર મળી ગયું. એ સંસ્થાની પ્રગતિ માટે તે અહોનિશ ચિંતન કરતા રહેતા. એની પ્રત્યે તેમની નિષ્ઠા અને એ સંસ્થાના પ્રમુખ તેમજ મંત્રી પ્રત્યેનો તેમનો આદર અપાર હતો. સોસાએટીની સેવામાં તે ખૂબ રમમાણ રહેતા હોઈ તેમના સાહિત્યકાર, વિદ્યાપ્રવૃત્તિ કરનારા કે એવા બીજા મિત્રોનું મિલનસ્થાન પણ સોસાએટી જ બની ગઈ હતી. કોઈ કે મજાકમાં પણ સાચી વાત કહી દીધી છે કે એ જો થોડા દિવસ બહારગામ જાય તો સોસાએટીને પણ ત્યાં તેમની પાસે લઈ જવી પડે એટલા બધા તે સોસાએટીના કાર્ય સાથે ઓતપ્રોત થઈ ગયા હતા. સોસાએટીની લાયબ્રેરીના એકેએક પુસ્તકનો તેમને સ્પર્શ હતો. પોતાના સ્થાન પરથી ઊઠયા વિના જ અમુક પુસ્તક કયા કબાટમાં ક્યાં હશે તે તે અચૂક કહી શકતા. પોતાના પ્રાણરૂપ એવી એ 'ગુજરાત વર્નાક્યુલર સોસાએટીનો ઈતિહાસ' લખવાની તેમની (અનુસંધાન પૃ. ૨૭૫)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળ

૧૯૨ જૂની પિછાનો

ગજુભાઈ પાઠક પછી બીજા એક જૂના મિત્ર મળી ગયા, તે લીમડીના વિજયશંકર જાની. એક વરસથી ચિત્રના પહેલા વર્ષમાં જોડાયા હતા. તેમણે જામનગરના ચિત્રશિક્ષક કેશવરાવ પાસેથી પોર્ટ્રેટ કરવાની તાલીમ લીધેલી, પણ તેમાં ધંધાની વૃત્તિ વધારે હતી. શિક્ષણના પાઠ તેમને બહુ કઠણ લાગતા. એ જ્યારે મળે ત્યારે કહેતા કે 'ગુજરાતી વિદ્યાર્થી પર અહીં ધ્યાન અપાતું જ નથી.' એમને રજા કે ફુરસદ મળે એટલે કોઈનાં ફોટો-ચિત્રો કરવાનું કામ લઈ આવે અને કેટલા પૈસા મળ્યા તેની જ વાતો કર્યા કરે. મને કહેતા કે પોર્ટ્રેટ જાણે નહિ તે ચિત્રકારો ભૂખે મરે છે. એકબે વખત તો તે મનહર બિલ્ડિંગમાં પણ આવેલા કારણ કે લીમડીવાળા શેઠો સાથે તેમનો પરિચય હતો. ગજુભાઇ માટે તેમને બહુ માન. ગજુભાઈ દૃઢ સિદ્ધાંતી એટલે જાની-ની ભારે ટીકા ટાંકણી કરતા ને તેમની વાતો કાપી નાખતા; પણ તેથી તે ગુસ્સે થતા નહિ. પાછળથી બોલતા કે 'ગજુને આ ગમતું નથી.'

બીજા હતા ચિત્રવર્ગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા દેવશીભાઈ તલસાણિયા. એમની સાથે હું વઢવાણ કૅમ્પની ગુજરાતી નિશાળમાં પાંચમી ચોપડી ભણેલો અને તેમના ઘેર શીખવા જતો, તે યાદ કરી તેઓ વારંવાર મારી પાસે આવી જતા અને પોતાનો વર્ગ જોવા લઇ જતા. મને થતું કે હું ક્યારે આવા કૅનવાસો લઈ મોટાં ચિત્રો કરી શકીશ? દેવશીભાઈથી આગળના છેલ્લા વર્ષમાં હતા જામનગરના શંભુપ્રસાદ બુચ. એ તો મને કહેતા કે તમે મૅટ્રિક થઈને અહીં ક્યાં ભૂલા પડ્યા? અહીં તમારું કંઈ નહિ ઊપજે. સ્કૉલરશિપો–ઈનામો તો બધાં મહારાષ્ટ્રીઓને જ જાય છે. ભાવનગર રાજ્યની એક સ્કૉલરશિપ છે તે પણ એક મહારાષ્ટ્રીને અપાઈ છે. મેં પાછળથી આ વિષે તપાસ કરેલી તો ખરી નીકળેલી; એટલે મેં તે માટે અરજીઓ કર્યા જ કરી, પણ મને એ સ્કૉલરશિપ કદી મળી નહિ. એ વખતમાં સાત રૂપિયા વધારે મળતા હોત તો હું મારો ઘણો સંકોચ મટાડી શકત.

૧૯૩ મિત્રની લાગણી

મારા મિત્ર પરમાનંદને બહુ લાગી આવતું કે હું ઘણી કંજુસાઇથી મુંબાઈમાં ગુજારો કરું છું. આ બાબત મેં મારા પિતાશ્રીને કદી લખી નહોતી. પણ પરમાનંદ હમેશાં મને તંગીમાં જોતા એટલે એક વાર ભાવનગર ખાતે તેના પિતાશ્રીને મારી જરૂરિયાતનું લખી નાખ્યું હશે. તે વખતે તેમના કુટુંબની આણંદજી પુરુષોત્તમની કાપડની દુકાન ધીકતી હતી, એટલે એક દિવસ તેમના પિતાશ્રીનો એક પત્ર તેમણે મને આપ્યો. તેમાં આવું કંઈક લખ્યું હતું: 'ભાઈ રવિશંકર, ભાઇ પરમાનંદ લખે છે કે તમને અભ્યાસમાં ખર્ચની ઘણી ખેંચ રહે છે તો અમારી ત્યાંની પેઢી પરથી તમારે દર મહિને રૂપિયા સાત ઉપાડવાની આ ચિઠ્ઠી છે તે બતાવી લઈ આવશો.'

હું તો મિત્ર-પ્રેમનો આવો દાખલો જોઇ સ્તબ્ધ થઇ ગયો. ક્ષુબ્ધ ભાવે મેં પરમાનંદને જણાવ્યું: 'આમ મારાથી સહાય લેવાશે નહિ. તમારા પિતાશ્રીનો હું આભાર માની ક્ષમા ચાહું છું કે આ વાત મારા પિતાશ્રીને સ્વમાનહાનિ કરનાર બનશે. તેઓ એમ જ કહેશે કે મેં ખર્ચ આપવા ક્યારે સંકોચ બતાવ્યો છે કે તારે બહારથી મદદ લેવી પડી? આ તો હું મારા મનથી જ નિગ્રહ રાખું છું.' એ સહાય મેં ન લીધી, પણ મારા માટે ચિંતા કરનારા કોઈ છે ખરા એ વિચારે હું મારી ભાવનામાં વધુ સ્થિર બન્યો.

મેં ચા તો છોડી જ દીધી હતી, તેમજ નાસ્તામાં કદી જરૂર પડે તો સ્કૂલના દરવાજે એક ડોશી કેળાંની ટોપલી લઈને બેસતી તેની પાસેથી બપોરે પૈસાનાં બે કેળાં મળતાં તેનાથી ચલાવી લેતો. મુંબાઈમાં ટ્રામ ગાડી સસ્તી હતી, પણ હું કોટમાંથી ચાલીમાં કે સ્કૂલથી મુકામ સુધી ચાલતો જ આવતો-જતો. કોઈક વાર લોકલમાં પરામાં જતાં કે વિક્ટોરિયા ગાર્ડન જવા પૈસા ખર્ચ્યા હશે. મારાં કપડાં જાતે જ ધોઈ નાખતો. એકાદ ખમીસ-કોટ કંપનીમાં આપતો તેમાં પણ ખમીસના બે પૈસા અને કોટનો એક આનો હતો. મારા મિત્રોનું સ્વાગત તો શું કરવાનું હોય? કોઇક વાર જેભાઈ અને અંબારામ માસ્તર અમાસે ભેગા થઈ જઈએ તો ચોપાટી સુધી ફરી આવીએ. અમે ત્રણે જણ ખર્ચમાં એકસરખા કડકા રહેતા.

૧૯૪ વીશીનો અનુભવ અને ભાવનગરમાં મરકી

અમાસને દિવસે અમારી વીશીમાં કંઈક મિષ્ટાન્ન થતું ને સાંજે વીશી બંધ રહેતી. એક વાર રાત્રે અમે જમીને નીચે આવ્યા અને ધોધમાર વરસાદ તૂટી પડ્યો એટલે સામેની એક બંધ દુકાનની પાટલી પર તે અટકવાની રાહ જોતા બેઠા. એવામાં મારા પેટમાં ઉછાળો આવ્યો અને સખત ઊલટી થઇ. ખાધેલું બધું નીકળી ગયું. આ પરથી અમે ત્રણે જમવા-રહેવા બાબતની ચિંતા કરવા લાગ્યા. હું મારા કુટુંબને લાવી શકું એમ નહોતું. માસ્તરને પણ કંઇ મોટી કમાણી તો નહોતી; પણ તેમનાં બૈરાં-છોકરાં દેશમાં ભાઈને ત્યાં હતાં તેમના ઉકળાટભર્યા પત્રો આવતા તેથી તેમણે દરખાસ્ત મૂકી કે 'જો તમે ઓરડીના ખર્ચમાં ભાગીદાર થતા હો તો હું મારાં બૈરાં-છોકરાંને તેડાવું.' અમે જોડાવા કબૂલ કર્યું ને નિશ્ચય કર્યો કે હું દેશમાંથી આવું ત્યાં સુધીમાં ઓરડી શોધી કાઢવી. હમણાં તો મારે જેમતેમ બેત્રણ માસ ખેંચવાનો વિચાર હતો, કારણ કે પરીક્ષા પછી બે માસની રજા પડવાની હતી.

ઘેરથી સમાચારોના પત્રો આવતા તે સાથે વીરમગામથી બેનના પણ કરુણતાભર્યા પત્રો આવતા. તેની પરિસ્થિતિની અસર શરીર પર જણાવા લાગી હતી. ખાય તે ઊલટી થઇ જાય. વડીલોને આ ખબરોથી ચિંતા થતી. એવામાં મારા મોટા ભાઇની બદલી રાણપુર ક્લાર્ક તરીકે થઈ, એટલે રાણપુરની સૂકી હવામાં તેને સારું થાય એવી આશાથી વીરમગામના સંબંધીઓને જણાવ્યું કે તેને હાલ રાણપુર મોકલે. આમ, રાણપુરમાં મોટા ભાઇની ને ભાભીની વત્સલ હૂંફમાં તેણે થોડો વખત કાઢ્યો. એટલામાં મોટા ભાઈ ઉમરાળાના સબ પોસ્ટમાસ્તર તરીકે નીમાયા એટલે તેને ઉપચાર કરવા બા પાસે મોકલી આપી.

એવામાં ભાવનગરમાં ઊંદરો મરવા માંડ્યા, પ્લેગના કેસો થયા ને લોકો ગભરાયા. સાધનવાળાં માણસોએ નજીકનાં ગામોમાં કુટુંબો ફેરવી નાખ્યાં અને નોકરિયાતો ને વેપારીઓ ઑફિસો તથા દુકાનો સંભાળવા ટ્રેન રસ્તે સવાર-સાંજ આવ-જા કરવા લાગ્યા.

મારા કાકાને ગઢેચી (ભાવનગર પરા)ની રેલવે-ઑફિસની નોકરી હતી, એટલે તેમણે બીજા મિત્રોની સાથે ધોળા જંક્શનમાં એક જગ્યા રાખી લીધી હતી. દરેક જણે રસોડા-સામાન પૂરતો એક ઓરડો રાખ્યો હતો અને મોટાંનાનાં સ્ત્રી-પુરુષોનાં અલગ જૂથ પાડી સામુદાયિક રાતવાસો ઓશરીઓમાં જમાવ્યો હતો. મારાં માતુશ્રી પણ બેનને તથા મારાં પત્નીને લઈને ત્યાં જઈ રહ્યાં હતાં. દીવાળી નજીક આવી ત્યારે પણ ભાવનગરની હવા સુધરી નહોતી. (ચાલુ)

મિત્ર-પત્ની

મૂળલેખક • વિમળ મિત્ર
અનુવાદક • ગુણવંત છો. શાહ

કેટલાં ય માનવચરિત્રો જોયાં આ દુનિયામાં! એકએક માનવીને જોઈજોઈને જાણે એકએક નવો અજ્ઞાત મહાદેશ હાથ લાગ્યો હોય એવો મને આનંદ થયો છે. દુનિયામાં દરેક વસ્તુ નથી મળી શકતી એટલે મને પણ અભાવનો અનુભવ થાય છે. ફરિયાદ કરવા જેવું કશું નથી.

આજની આ 'રાણીસાહેબા'ની જ વાત લો ને! આજે આટલા દિવસો પછી 'રાણીસાહેબા'ને બિહારના આ દૂરના ગામડે મળવા હું પહોંચી ગયો. એની સાથે પચ્ચીસ-ત્રીસ વર્ષનો જૂનો સંબંધ હતો. વિચાર્યું કે ભવિષ્યમાં કોઈના વિષે વાર્તા લખીશ તો સૌથી પહેલાં આ 'રાણીસાહેબા' વિષે જ લખીશ.

લગભગ પાંચસો માઈલ દૂરથી અમે ત્યાં પહોંચ્યા. રેલવે સ્ટેશનેથી ત્રીસ માઈલનો મોટર રસ્તો. મૃણાલિનીનાં લગ્ન હતાં. રાણીસાહેબાની એ એકની એક દીકરી છે.

ઘણા વખત સુધી સંતાન ન થયા પછી જ્યારે આ છોકરીનો જન્મ થએલો ત્યારે ગોકુળે મને પૂછેલું: 'છોકરીનું નામ શું રાખવું?'

એ વખતે સંસ્કૃતના ગ્રંથો ઉથલાવી ઉથલાવીને મેં કહેલું: 'શકુન્તલા'.

પરંતુ એ સૂચન ઊડી ગયું. પિતાની ઇચ્છાને માની ઇચ્છા પાસે હાર કબૂલવી પડેલી. આવું ફક્ત નામની બાબતમાં જ નહોતું. ગોકુળના નામની પ્રતિષ્ઠા જ્યારે વધી, એ રાયસાહેબ થયો ત્યારે પણ જે કઠોર હાથ એની ઉપર સત્તા ચલાવતો હતો તે મૃણાલિનીના પિતાનો નહિ પણ એની મા, આજની આ રાણીસાહેબાનો હતો. પોતાના સમ્માન માટે યોજાએલી કેટલીય સભાઓમાં તેણે ભાષણ કરતાં કહેલું કે: 'મારી સઘળી ઉન્નતિનું મૂળ મારી પત્ની છે. તે હમેશાં સાચી સેવા, સાચો સ્નેહ અને સંપૂર્ણ સહયોગ મને આપતી રહી છે.'

સાચું છે કે લગ્ન પછી ગોકુળ ક્યાંથી ક્યાં પહોંચ્યો હતો! એ મોટો માણસ બન્યો; પરંતુ લડાઈના વર્ષોમાં કેટલાક જેમ રાતોરાત મોટા માણસ બની ગયા હતા એ રીતે નહિ! ચેમ્બર ઑવ કૉમર્સ, ધારાસભાનું સભ્યપદ, લોકસભા, પરદેશના પ્રવાસ,–ત્યાં સુધી કે મૃત્યુના દિવસે પણ સફળતા એના ચરણ ચૂમતી રહી હતી. જેમાં જેમાં એણે હાથ નાખેલો એ તમામ કાર્યોમાં એનો બેડો પાર થઈ જતો. આ બધાંનાં મૂળમાં હતી ગોકુળની પત્ની અને તેનો સાચો સ્નેહ.

પરંતુ અત્યારે આ વાતને અહીં જ રહેવા દઉં. કલકત્તાથી પાંચસો માઈલ દૂર આવેલા આ ગામમાં રાણીસાહેબાની પુત્રીના લગ્નમાં આવીએ અને બધી વાતો સાંભરી આવે એમાં સ્મરણશક્તિનો શો વાંક!

વિશાળ મકાન, મકાન નહિ રાજમહેલ જ કહેવો જોઇએ. કોઈએ કહેલું કે સત્તાણું વીઘા જમીન છે! લગ્ન તો કાલે છે, પરંતુ આજે સવારથી જ કામકાજ એવી રીતે થવા લાગ્યું છે કે જાણે એમ લાગે કે લગ્ન કાલે નહિ, આજે છે. જાનૈયાઓને રહેવા-કરવાની વ્યવસ્થા અદ્ભુત છે! ગામભરની રૈયત સવારથી જ પતરાવળીઓ નાખીને બેઠી હતી. ચારે તરફ લાડુ, પેંડા, ગુલાબજાંબુ, પૂરી, કચોરી વગેરેની રમઝટ બોલતી હતી.

બીજા દિવસે વરરાજા ક્યારે આવ્યા, ક્યારે પોંખાયા, ક્યારે હસ્તમેળાપ થયો—કશું જ જોઈ ન શક્યો—એટલી બધી ભીડ હતી!

રાયસાહેબ ગોકુળ મિત્રની એકની એક ઉત્તરાધિકારીણીના પતિદેવને જોવાની મારી તમન્ના હતી પણ એ પૂરી ન થઇ શકી.

એ પછીના બીજા જ દિવસે મહેતાજીને મેં પૂછેલું: 'રાણીસાહેબાને એકાદ વખત મળી શકાય એમ છે ખરું?'

મહેતાજી પહેલાં તો વિચારમાં પડ્યા, પછી અંતે તેમણે ઘરમાં ખબર કહેવરાવ્યા. એનો જવાબ આવતાં લગભગ એક કલાક થયો. લગ્નવાળું ઘર હતું, બધાં કામમાં પડેલાં હતાં. એ વખતે એક બુઢ્ઢાને મળવાની ફુરસદ કોને હોય? પણ મૂળ વાત તો જુદી જ નીકળી. મહેતાજીએ કહ્યું, 'નહિ સાહેબ, રાણીસાહેબાનો કડક હુકમ છે કે ઘરમાં કોઈએ ન આવવું.'

મહેતાજીનું કહેવું અક્ષરશઃ સાચું છે એ હું પાછળથી સમજ્યો. મને દીવાનખાનામાં એક પડદા પાસે બેસાડવામાં આવ્યો. એક દાસી લાજ કાઢીને પડદાની પેલી બાજુ ઊભી હતી. મહેતાજીએ થોડી વારે કહ્યું, 'રાણીસાહેબા આવી ગયાં છે. તમારે જે કંઇ વાત કરવી હોય તે તરત કહી દો. એમને બહુ કામ છે.'

પરંતુ આવા વર્તન માટે હું તૈયાર નહોતો. રાણીસાહેબાની મોઢામોઢ બેસીને વાતોના તડાકા માર્યા હોય એવા પણ દિવસો મેં જોયા છે. અને આજે અચાનક આમ કેમ? બંગાળ છોડીને બિહારમાં એક જમીનદારીમાં બેઠેલી પિસ્તાળીસ વર્ષની પ્રૌઢાને પોતાના મૃત પતિના મિત્ર સાથે વાતો કરવામાં આટલો બધો સંકોચ શા માટે? આ વર્તાવ મને સારો ન લાગ્યો. આની મને ખબર હોત તો હું મળવાની માગણી જ ન કરત. હું અપમાનિત થયો હોઉં એવું મને લાગ્યું.

મૃણાલિનીના લગ્ન માટે કલકત્તાથી હું એક સાડી લેતો આવેલો. એ મહેતાજીના હાથમાં આપતાં હું બોલ્યો: 'ના, મારે કંઈ વાત નહોતી કરવી, રાણીસાહેબાને ફક્ત આ આપવાની હતી.'

બસ, એટલું કહીને હું સડસડાટ કરતો બહાર નીકળી ગયો અને ઘોડાગાડી કરીને સીધો સ્ટેશને પહોંચ્યો. મનમાં થયું, ગોકુળ આજે જીવતો હોત તો મારી સાથે આવો વર્તાવ થાત? ગોકુળની દરેક વાત મને યાદ આવવા લાગી. ગોકુળને રૂપિયાની ખેંચ તો ક્યારેય અનુભવવી પડેલી નહિ. લગ્ન પછી એની કુંડળીમાં ગુરુનો ઉદય થયો હતો. ધનદોલત, વાહવાહની કીર્તિ, ભરપૂર ઇજ્જત–બધું એને મળેલું. અરે, અમારા બધા મિત્રોમાંથી એના જેટલું ઉન્નતિના શિખરે કોણ પહોંચી શક્યું હતું એ તો કહો! પરંતુ એના જેવા કમભાગી માણસ પણ મેં મારી જિંદગીમાં જૂજ જ જોયા છે.

રાણીસાહેબાને પૂછ્યા વિના એક પાઈ પણ ગોકુળ ફંડફાળામાં નોંધાવી શકતો નહિ. ઑફિસેથી નીકળીને ક્યારેક સિનેમા જોવા જવાની ગોકુળને ઇચ્છા થઈ આવતી, પરંતુ એ માટે પત્નીની સખત મનાઈ હતી. ગમે એટલું કામ હોય તો પણ રાતના આઠ વાગ્યા પછી બહાર રહેવાની ગોકુળને છૂટ નહોતી. ઘેર જઇને પણ તેણે પહેલાં રાણીસાહેબા પાસે પહોંચવું પડતું. એ નિયમ જેટલો કઠોર હતો એટલો જ અનિવાર્ય હતો.

ગોકુળ જિંદગીભર પત્નીની ઇચ્છા પ્રમાણે વર્તેલો અને બધું કામ પત્નીની સલાહ પ્રમાણે જ કરતો. કોઇને પૈસા ઉધાર આપવા હોય

તો પણ પત્નીની મંજૂરી લેવી પડતી. આખા દિવસમાં એ ક્યાંક્યાં ગયો, કોનેકોને મળ્યો, અને એને કોણકોણ મળવા આવેલું એ તમામ વાત વિસ્તારપૂર્વક એ ઘેર આવીને પત્નીને કહેતો.

આ બધું સહન ન થતાં એક વાર તો એ ડૉ. સેનગુપ્ત પાસે પણ ગએલો. ગોકુળે બધું સ્પષ્ટ કરીને કહ્યું: 'મારી પત્નીને મારી ઉપર બહુ શંકા રહે છે. એ સમજે છે કે દુનિયાભરની સ્ત્રીઓ મને આડા રસ્તે લઈ જવા ટાંપીને બેઠી છે. મારા જેવો સદ્પુરુષ આખા કલકત્તામાં બીજો કોઈ નથી. આ દર્દનું મારે હવે શું કરવું?'

'આપને બાળ-બચ્ચાં છે?' ડૉક્ટરે પૂછેલું. 'નહિ'.

'બાળ-બચ્ચાં થતાં બધું બરોબર થઈ જશે. ચિંતા કરવાનું છોડીને તમારું શરીર તપાસાવી યોગ્ય ઇલાજ કરાવો.'

પરંતુ એવું કંઇ કરાવવું ન પડયું. એકાદ-બે વર્ષ પછી એમને ત્યાં આ છોકરીનો જન્મ થયો, જેનાં હમણાં લગ્ન થયાં. પુત્રીજન્મ પછી એક દિવસ મેં ગોકુળને પૂછેલું, 'હવે કેમ ચાલે છે? રોગ ઘટયો?'

'શાનો રોગ? એવું ક્યાં કંઈ હતું જ.'

હવે ગોકુળને સાચી વાત કરવી ગમતી નહિ. તેને પોતાની પત્ની વિષે ગર્વ હતો. એની પત્નીની સરખામણીમાં બીજાની પત્નીઓ ઓછી ચારિત્ર્યશીલ છે એમ તે માનતો. પોતાની સઘળી ઉન્નતિનું મૂળ પત્નીની પતિ–પરાયણતા છે એવી એની ધારણા હતી. તેની પત્નીના પ્રતાપે જ ખાંડનું એક કારખાનું, શણની બે મિલો, રાયસાહેબનો ખિતાબ, કલકત્તામાં સાત મકાનો, અને મોટી જમીનદારી—બધું તેને મળ્યું હતું!

ટ્રેન આવવાને હજી બે કલાકની વાર હતી. ત્યાં તો મહેતાજી એકાએક આવ્યા અને કહ્યું: 'રાણીસાહેબાએ મને મોકલ્યો છે. આપ ચાલ્યા ન જતા. આ એમનો પત્ર.'

ખૂબ જ વિનતિભર્યા શબ્દોમાં લખ્યું હતું કે: 'આ રીતે નારાજ થઇને આપ જાઓ એ 'મીનુ' માટે અશુભ ગણાય. હજી વર-કન્યાને પણ વિદાય નથી આપી. મારે પણ તમારી સાથે થોડી વાતચીત કરવી છે. વર-કન્યાની વિદાય પછી તમારી સાથે વાતચીત કરીશ એમ વિચારેલું. મહેરબાની કરીને પાછા ફરશો. મારુ એટલું માન રાખશો.'

અંતે મારે રાણીસાહેબાની કારમાં પાછા ફરવું પડયું.

જાનની વિદાય વખતે વરને સરખી રીતે જોયો. રાણીસાહેબા કરતાં મોટો જમીનદાર છે એમ જાણ્યું; પરંતુ મૃણાલિની કરતાં એની ઉંમર ઓછી લાગી. મૃણાલિની એના પડખામાં બેઠી હતી, લાજ કાઢીને. એ કંઈક વિચિત્ર લાગ્યું. કલકત્તાના 'સુનીતિ શિક્ષાસદન'માં એ ઇન્ટર આર્ટ્સ સુધી ભણેલી છોકરી આજે લાજ કાઢીને બેઠી હતી!

રાત્રે સૂતી વખતે એક બહુ જૂની વાત યાદ આવી ગઈ. લગભગ ત્રીસ વર્ષ પહેલાંનો બનાવ હશે. રાણીસાહેબા ત્યારે 'રાણીસાહેબા' બનેલી નહિ. ત્યારે તો એ જમશેદપુરની આરતી રાય હતી. એ ઈન્ટર આર્ટ્સની વિદ્યાર્થિની હતી.

એ જ દિવસોમાં ગોકુળ મિત્રના લગ્નની વાત મિત્રોમાં આવી. એમ નક્કી થયું કે જાનૈયાઓ વરરાજાની સાથે કલકત્તાથી આવશે. અને હું? એ દિવસોમાં હું તો કાકાને ત્યાં જમશેદપુરમાં 'સી' રોડવાળા બાર નંબરના ક્વાર્ટરના ઓરડામાં રજાઓનો આનંદ લઈ રહ્યો હતો. એકાએક ગોકુળનો પત્ર આવ્યો. લખ્યું હતું: 'તારા ક્વાર્ટરના સામેના મકાનમાં જ હું લગ્ન કરવા આવી રહ્યો છું. તૈયાર રહેજે, પરમ દિવસે સાંજે સાજનમાજનના રસાલા સાથે પહોંચીશ.'

મેં જોયું તો સામેના સોળ નંબરના મકાનના બગીચામાં એક મંડપ ઊભો કરાઈ રહ્યો હતો, લગ્નોત્સવની તૈયારીઓ થઈ રહી હતી, બે–ત્રણ મોટરો ઊભી હતી, માણસો આવ-જા કરતા હતા.

માહ મહિનો હતો. ઠંડી ખૂબ પડી રહી હતી. એ દિવસે રાત્રે હું મોડે સુધી એક 'નૉવેલ' વાંચી રહ્યો હતો. કાકા–કાકી બધાં ય અંદર રૂમમાં સૂતાં હતાં. એકાએક બારણાં પર હળવેકથી ટકોરા પડ્યા. હું ઊભો થયો, શાલ સરખી રીતે ઓઢી, બારણું ખોલીને જોયું તો આશ્ચર્યથી અવાચક થઈ ગયો.

શિયાળાની એ થથરાવતી રાત, ચારે બાજુ ભયંકર અંધારું. એ મને મનુષ્ય નહિ પણ અપ્સરા જેવી લાગી! જાણે કે બહારનું ધુમ્મસ અપ્સરાના રૂપે રૂમમાં ગરમી મેળવવા ન આવ્યું હોય!

મેં પૂછ્યું: 'કોણ છો તમે? શું જોઇએ?'

બનાવ પચ્ચીસ-ત્રીસ વર્ષ પહેલાંનો છે. બધું બરોબર, યાદ તો નથી, પરંતુ રડતાંરડતાં એણે જે કહેલું એ અસ્વાભાવિક અને કુતૂહલ ભર્યું હતું. બોલી: 'આ રસ્તાના તેર નંબરના મકાનમાં જે છોકરો રહે છે એને અત્યારે જ બોલાવી આવો. એનું નામ વિકાસ છે. મકાનની આગળના ભાગમાં પૂર્વની બાજુએ જે બારી છે ત્યાં એની પથારી છે એટલે ધીમેથી સાદ પાડશો તો ય સાંભળી જશે. અત્યારે મારે એનું બહુ જરૂરી કામ છે. હું ત્યાં જાઉં તો પકડાઈ જવાની બીક છે. તમે જ મહેરબાની કરીને વિકાસને બોલાવી આવો. પૂછે તો કહેજો કે આરતી બોલાવે છે, બહુ જ મુસીબતમાં સપડાઇ છે.'

આરતી મારી પથારી ઉપર બેસી ગઈ અને એ થથરાવતી ઠંડીમાં બહુ ધ્રૂજતો હું વિકાસને બોલાવવા ઊપડયો. વિકાસ આવ્યો ત્યારે આરતીની આંખોમાં ભય હતો, બેચેની હતી. હવે શું કરવું એ વિચારતો હું ઊભો હતો ત્યાં એ બોલી: 'બસ, હવે એક વધુ કૃપા કરો–સહેજ બહાર બેસશો? તમને મુસીબતમાં તો મૂકી રહી છું. પણ શું થાય?'

મારા રૂમમાં એ બંનેને બેસાડીને હું બુદ્ધુની જેમ બહાર આવીને મૂડાની ખુરશીમાં બેઠો. એ પછી શું થયું એની મને ખબર નથી. હા કાકાના રૂમની ઘડિયાળમાં ક્યારે બાર વાગ્યા, એક, બે, અને ત્રણ વાગ્યા એટલી મને ખબર હતી. રૂમમાં થતી વાતચીતના તૂટયાફૂટયા શબ્દો, રડવાનો અવાજ એવું ક્યારેકક્યારેક બહાર સંભળાતું હતું.

સવાર થતાં પહેલાં એ બંને જતાં રહ્યાં. મને યાદ છે કે બીજે દિવસે લગભગ નવ વાગે હું ઊઠ્યો હતો.

પરંતુ અચરજની વેળા તો હજી હવે આવવાની હતી! લગ્નના દિવસે જાનૈયાઓની સાથે ગોકુળ આવ્યો, અને જ્યારે સૌની સાથે હું પણ માંડવે પહોંચ્યો ત્યારે કન્યાને જોઈને દિંગ થઈ ગયો. આ તો, એ જ, મારા રૂમમાં રાત્રે આવેલી એ આરતી!

પત્નીને જોઇને ગોકુળ કદાચ બહુ રાજી થયો. હું પણ જાનૈયાઓની સાથે જ કલકત્તા જતો રહ્યો. આ રહસ્યને હું આજીવન શી રીતે ગુપ્ત રાખી શક્યો છું એ મારું મન જ જાણે છે. મનની આ ગુપ્ત વાત મિત્રોને કહેવા ઘણી વાર ઇચ્છયું છે પણ કહી શક્યો નથી, પછી ગોકુળને ક્યાંથી કહી શકું?

મારા કુતૂહલને અને એ રાતવાળા રહસ્યને હું 'મારણ-મંત્ર'ની જેમ મનમાં છુપાવી રાખતો હતો. દિવસો પછી એક વખત ટાટાનગર ગયો ત્યારે પેલા વિકાસની તપાસ કરેલી. પરંતુ જિન્દગીમાં જેમ કેટલીક વસ્તુઓ ખોવાઇ ગઈ હતી તેમ વિકાસ પણ ગુમ થઇ ગયો હતો.

આ પછીનો બનાવ આરતી રાયનો નહિ પણ 'શ્રીમતિ મિત્ર'નો છે. એ વખતે આરતી રાય હજી 'રાણીસાહેબા' બનેલી નહિ. માન-પાન, આદરસત્કાર, પ્રતિષ્ઠા વગેરેના શિખર ઉપર પહોંચીને અચાનક ગોકુળ મિત્રનું મૃત્યુ થયું. શ્રીમતી મિત્રે બધો કારભાર હાથમાં લઈ લીધો. આ પ્રસંગ એ વખતનો જ છે.

શકુન્તલા, નહિ મૃણાલિની—મૅટ્રિક સુધી એક રૂઢિવાદી 'ગર્લ-

સ્કૂલ'માં ભણેલી. મૃણાલિનીને સ્કૂલ જવા માટે અનુકૂળ રહે તેવી એક ગાડી ગોકુળ મિત્રે એને ખરીદી આપેલી.

એ પછી એ અમારા 'સુનીતિ શિક્ષાસદન'માં દાખલ થઈ. ઘરમાં ગીતાપાઠ અને સ્તોત્રપાઠ શીખવાડાતો અને સાથેસાથે ઇન્ટર આર્ટ્સનો અભ્યાસ પણ ચાલતો. એમાં એક દિવસે આ આગ જાગી.

કૉલેજમાં હું ક્લાસ લઈ રહ્યો હતો. એકાએક શ્રીમતી મિત્રનો દરવાન આવ્યો અને 'પિયુન બુક'માં સહી કરાવીને મને એક પત્ર આપી ગયો. કવર ફોડીને પત્ર વાંચતાં બૉમ્બ પડયા જેવું લાગ્યું. ટાઇપ કરેલો ત્રણ પાનાંનો પત્ર હતો. નીચે શ્રીમતી મિત્રની સહી હતી.

પત્રનો સારાંશ હતો : અમારા 'સુનીતિ શિક્ષાસદન'ના અંગ્રેજીના અધ્યાપક વિભૂતિ ઘોષાલ ઉપર મૃણાલિનીએ એક પ્રેમપત્ર લખ્યો હતો જેનો વિભૂતિ ઘોષાલે ઉત્તર પણ આપેલો. આ રીતની પત્રોની આપલે ઘણા દિવસોથી ચાલી રહી છે. એ બધા પત્રો શ્રીમતી મિત્રના હાથમાં આવી ગયા. હવે તેમણે મૃણાલિનીને કૉલેજ મોકલવી બંધ કરી છે. એટલું જ નહિ પણ વિભૂતિ ઘોષાલ જેવા પ્રોફેસરને કાઢી કેમ ન મૂકવા એવું પણ પૂછયું છે. યુનિવર્સિટીવાળાઓ આવી કૉલેજોને ચાલવા કેમ દે છે! છોકરીઓની કેળવણીના નામે જ્યાં ચારિત્ર્યહીનતાના પાઠ શીખવાડવામાં આવે છે અને જે કેળવણીસંસ્થામાં આવા બદચાલના બદમાશ શિક્ષકો હોય એવી સંસ્થાને તોડી પાડવા માટે કાયદો ન હોય તો એવો કાયદો અત્યારે જ શા માટે ન ઘડવો જોઇએ? વગેરે વગેરે.

આ પત્રની એક નકલ વાઈસ ચાન્સેલરને અને એક ચાન્સેલરને પણ મોકલવામાં આવેલી.

પત્ર વાંચીને મને હસવું આવ્યું કેમ કે તાતાનગરના 'સી' રોડના ૧૨ નંબરના ઘરનો પ્રસંગ શું સાવ કાલ્પનિક હતો? છતાંય મેં વિભૂતિ ઘોષાલને મળવાનો પ્રયત્ન કર્યો. એ નવયુવક હતો. બંગાળીઓમાં રત્ન કહેવાય એવો હતો. અંગ્રેજી, હિસ્ટ્રી અને ઇકોનૉમિક્સમાં એણે એમ. એ. કર્યું હતું. ત્રણેમાં એ ફર્સ્ટ ક્લાસ આવેલો. તેણે મારા સવાલોના જે જવાબો આપ્યા એ ઉપરથી મને એનો કંઇ વાંક ન લાગ્યો. ટૂંકમાં એણે એટલું જ કહ્યું કે એકબીજાને તેઓ બહુ જ ચાહતાં હતાં.

એ પછી હું શ્રીમતી મિત્રને મળવા ગયો, મુલાકાત પણ થઈ, પેલી આરતી રાયને ઘણા દિવસે જોઈ. સફેદ મલમલની સાડી, બરફ જેવો ઊજળો દેહ અને વધારે પડતા મેદની નીચે ઢંકાયેલી આ શ્રીમતી મિત્ર અને જમશેદપુરની યુવતી આરતી રાય વચ્ચે ઘણું અંતર હતું.

બહુ વાર પછી એ રોષમાં બોલી : 'જે લોકોના હાથમાં છોકરા-છોકરીઓનાં ચરિત્ર-નિર્માણની જવાબદારી છે એ લોકો જ આ રીતે એનો સર્વનાશ કરે ત્યારે એમનાં મા-બાપનાં દિલ કેટલાં દુભાતાં હશે એનો વિચાર તો કરો જરા!'

એણે જે કહ્યું તે મારે મૂંગે મોંએ સાંભળી લેવું પડયું. એ ફક્ત મારી મિત્ર-પત્ની જ નહોતી, પરંતુ રાયસાહેબ ગોકુળ મિત્રની વિશાળ સંપત્તિની વિધવા માલિકણ પણ હતી.

અંતમાં કહ્યું : 'તમે બધા એ કૉલેજને બંધ કરો. તમે એમ નહિ કરો તો મારે એ કામ કરવું પડશે. શરીરના ધર્મનો નાશ થાય કે મનના ધર્મનો નાશ થાય, બધું એક જ છે.'

એ પછી એક બાજુ જોઇને તેમણે સાદ પાડયો : 'પ્રફુલ્લબાબુ, એકસો સાત નંબરની 'સી' ફાઈલ લાવો તો જરા!'

ફાઈલ આવતાં એ ઉઘાડીને કહ્યું : 'પ્રફુલ્લબાબુ, આ તેત્રીસમું પાનું જોઇ લો. 'સુનીતિ શિક્ષાસદન'ને માસિક જે પાંચ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે એ 'કૅન્સલ' કરી નાખો. આજે જ એક ચિઠ્ઠી લખી નાખો કે પચાસ પંખા એમને ત્યાં મોકલવાનું કહ્યું છે તે અહીં મોકલી આપે.'

શ્રીમતી મિત્રનો પત્ર વાંચીને હું બહુ જ વ્યગ્ર થઈ ગયો હતો, પરંતુ એમને સામે જોઈને મને એમની ઉપર દયા આવી. અધમૂઆ ઉપર પ્રહાર કરવાની ઇચ્છા ન થઈ. વિચારી રહ્યો—શ્રીમતી મિત્ર ખરેખર એક સ્વસ્થ અને સ્વાભાવિક સ્ત્રી છે?

'સુનીતિ શિક્ષાસદન'ને મળતી હતી એ માસિક સહાય ખરેખર બંધ થઈ ગઈ. પેલા પંખા પણ ગયા. છતાં ય 'સદન'નું કામ ધીરેધીરે ચાલતું હતું, પરંતુ અંતે એ પણ એક દિવસ બંધ થઈ ગયું.

એ પછી એક દિવસ કોઈની પાસેથી સાંભળ્યું કે શ્રીમતી મિત્ર પોતાની પુત્રી સાથે હવે જમીનદારીના ગામમાં રહે છે. આરતી રાયે કુમારિકાના જીવન દરમ્યાન જે દુર્બળતા દર્શાવી હતી એનું શ્રીમતી મિત્ર બનીને એ પ્રાયશ્ચિત્ત કરતી હતી. અને એ દુર્બળતાનો પડછાયો પુત્રી ઉપર ન પડે એ દૃષ્ટિથી એ ત્યાં ચાલી ગઈ હોવી જોઇએ. આજે મૃણાલિનીના મોં ઉપર લાંબી લાજ અને એના કરતાં નાની ઉંમરનો વર જોઇને મને ત્યારની મારી એ કલ્પના સાચી લાગી.

બીજા દિવસે સવારે મને બોલાવવામાં આવ્યો. ગામડા ગામના આ દુર્ગમ પ્રાસાદમાં એક ખંડ કાળજીપૂર્વક સજ્જ કરવામાં આવ્યો હતો. આજે ત્યાં ન હતી આરતી રાય, કે શ્રીમતી મિત્ર, આજે તો ત્યાં હતી 'રાણીસાહેબા.' દીવાલો ઉપર ગોકુળના ફોટાઓ ટાંગેલા હતા. બે તૈલચિત્ર પણ હતાં—એક ગોકુળનું અને બીજું રાણીસાહેબાનું.

રાણીસાહેબાને ઘણા દિવસો પછી જોતો હતો એટલે હું સહેજ ચોંકયો. ખરેખર એ સાવ બદલાઈ ગઈ હતી. તેના અવયવો વધુ સાફ અને સફેદ થઈ ગયા હતા. થોડા વખત પહેલાં જ સ્નાન કર્યું હશે એમ લાગતું હતું. લલાટમાં ચંદનના 'મૃગપદ' કરેલા હતા, પૂજા પણ હમણાં જ પૂરી થઈ હશે. હાથમાં માળા ફરી રહી હતી.

કહે, 'કેવા છે જમાઈ? જોયા તમે?' પછી થોડી વાર અટકીને બોલી: 'મીનુના લગ્નની મને બહુ ચિંતા હતી; આજે ખરેખર મારા મગજ ઉપરનો મોટો બોજ હળવો થયો છે.' ભીંત ઉપરના એક તૈલચિત્ર તરફ આંગળી કરીને કહ્યું, 'એ કહ્યા કરતા હતા કે એમના વિકાસના મૂળમાં હું જ છું. પરંતુ એ તો દેવપુરુષ હતા, ઊલટાની એમના સ્પર્શથી હું જ ધન્ય થઈ છું. એમનો પ્રેમ મને મળ્યો નહોત તો શું હું મીનુને મારી ઇચ્છા પ્રમાણે પાળીપોષી શકત? આજે એ પણ નથી અને મીનુ પણ ચાલી ગઈ છે.'

આમ એક બે આડીઅવળી વાતો થઈ અને અંતે વિદાય લેવા નમસ્કાર કરીને હું ઊભો થયો. બારણાની બહાર પગ મૂકતાં જ સંભળાયું : 'જરા પાછા આવજો તો! એક મિનિટ!'

હું પાછો ફર્યો. હસમુખ ચહેરો હતો. એના મોં ઉપર હાસ્ય જોઇને મને શંકા પડી. આ મોં ઉપર હાસ્ય કયારે ય જોયું જ નહોતું!

કહે : 'તમને એક વાત પૂછવી હતી.' 'શું?'

'મારી પુત્રીનું નામ 'શકુન્તલા' રાખવાનું તમે એક વાર સૂચન કરેલું ને? તમે સૂચવેલું નામ રાખવામાં મને વાંધો હતો. યાદ છે તમને? મને વાંધો કેમ હતો એની ખબર છે?' 'ના, કેમ?'

'પહેલાં તમે કહો કે તમે શું જોઇને 'શકુન્તલા' નામ સૂચવેલું?'

'મને તો એવો કંઈ વિચાર નહિ આવેલો. બસ, એમ જ મેં નામ સૂચવેલું. એમાં બીજો કશો આશય નહોતો.'

'સાચું કહો છો?' થોડી વાર સુધી મારી સામે જોઇને તેમણે આગળ કહ્યું. 'મારા પતિને તમે સારી રીતે ઓળખતા હતા. અમારા દામ્પત્ય જીવનમાં પણ કયાં ય ત્રુટી ન હતી. (અનુસંધાન પૃ. ૨૫૭)

લા સ્કાલા

ઑપેરા હાઉસ

લેખક: ચંદ્રવદન ચી. મહેતા



સ્કાલાની
રંગભૂમિ અને પ્રેક્ષકગૃહ
ઈ. ૧૮૯૯માં

એરોપ્લેનની પૂછડિયા ચકરડી ફડફડે, એની પાંખ મચકોડાય અને ધરતી ઉપરથી એનાં પૈડાંના પગ ઊંચા થાય એટલે મનમાં વિચારો ઘોળાવા માંડે કે હવે યુરોપની ભોમકાને રામરામ; એટલે છેલ્લી સલામ. પરંતુ માણસ વિચારે શું અને આગળ બનવા પામે શું, એનો તાગ કદી કોઇએ કાઢ્યો જાણ્યો નથી. યુરોપ સાથે લેણદેણ સારી: ઉપર ફિનલૅન્ડ ને પણે સ્પેન; ને હવે મારે ખાતે આ બાજુ યુરોપ-એશિયાનો સરહદવિસ્તાર ઠીકઠીક વાર ખૂંદવાનું વિધાતાને ચોપડે ક્યાંક લખાએલું હોવાનો આધાર; એટલે વળી એક ફેરો સાંપડતાં યુરોપના દખ્ખણિયા દરવાજા રોમથી દાખલ થઈ, આ વખતે એની વિવિધ ફૂલે મઘમઘતી ફ્લૉરેન્સ, પાણીમાં તરંગોળાએલી વેનિસ, તડકે ચળકતી લુગાંના, એવી એવી રમણીય નગરીઓ જોવાની તક મેળવી.

પણ આપણે ખાસ કામ છે તે તો અસાધારણ ચિત્રોની કળાથી મશહૂર એવી મિલાનો નગરી સાથે, એટલે ત્યાં જ ધામા નાખીશું. ત્યાં વારંવાર વિશ્વમેળા પણ થયા છે, ભલભલા વેપારીઓએ એની મહેમાની માણી છે; પરંતુ એ મેળા-મહોત્સવો, ને દેવળોમાંની રંગબેરંગી ચિત્ર નકશીકામવાળી કાચ-બારીઓ ઉપરાંત મિલાનો ઑપેરેટિક-ઓપેરાઈ સંગીતના ખાંસાહેબોની તીર્થનગરી પણ છે. આપણે માટે અને ખાસ કરીને જેઓ હજી ભરતભૂમિની ત્રણ પ્રકારની મંડપ બાંધણીની નાટકશાળાઓના ચોકઠામાંથી, યા નવતર જમાનામાં હોલ-હિસાબની નાટકશાળાઓના અધકચરા ખયાલમાંથી બહાર નીકળ્યા નથી એમને માટે એનું 'સ્કાલા' ઓપેરા હાઉસ જોવા જેવું છે.

વીએનાથી ઊડો તો કલાક દોઢ કલાકમાં અહીં; ને ટ્રેનમાં આવો તો સંગીતના જલસાઓ માટે દરસાલ હજારો શ્રોતાઓને એકઠા કરનાર, અને ત્યાંની નાટ્યશિક્ષણની શાળામાં અભ્યાસ કરવા જનારા કૈંક વિદ્યાર્થીઓને પરિચિત એવી નાનકડી અને અતિરળિયામણી નગરી સાલ્ઝબર્ગ થઇને ઉત્તર ઈટાલીમાં પ્રવેશી મિલાનો પહોંચી શકાય. અને વીએનાની ખ્યાતનામ ઓપેરાથી જરા પણ ઓછી ઊતરે નહિ એવી સ્કાલા ઓપેરા ઉપર સીધા ચોકમાં જ પહોંચી શકીએ.

એની બાંધણીની સરખામણીમાં ઊતરી આપણે બંને સંગીતપ્રિય નગરીઓને જરા પણ લડાવવા માગતા નથી, ઈરખાથી જલાવવા પણ માગતા નથી. એટલે આપણે એટલું જ કહી શકીએ કે વીએનાનું ઓપેરા હાઉસ એ વાગ્નેરીઅ છે, મિલાનોનું સ્કાલા ઈટાલીઅન છે; બંનેએ પોતપોતાનો ઇતિહાસ સરજ્યો છે; બંને આગ અને લડાઈની ભીષણ બૉમ્બવર્ષા થકી ઘવાયાં છે. જ્યાં સંગીતની ઝીણામાં ઝીણી શ્રુતિ સુકોમલ અંગુલિથી વાદ્ય ઉપર તરવરી ઊઠતી, યા વર્ષો થકી કેળવાએલા ગળામાંથી નીસરી રહેતી ભલભલાનાં જડ અને કઠોર હૈયાંને પણ સંવેદના થકી આનંદમાં તરંગોળાવી દેતી, ત્યાં ધડાધડ, ભડાભડ પડતા બૉમ્બ-ધડાકાઓએ નાનકડા વિસૂવિયસો જેવા જ્વાલામુખીઓ સરજ્યા, એ પણ આજના સંસ્કારાએલા જમાનાની હકીકત છે, કુદરતની ન સમજાય એવી કરામત છે!

ના જી, આપણે આડાઅવળા નહિ જઇએ; ચિત્રો જોવા કે પેલી ગૂંચળિયા સેવો જેવી લસબસતી સ્પેઘટી ખાવા ચોગાનમાં કે ખૂણામાં નહિ બેસીએ. આપણે આ લખાણની શરૂઆત કરી ત્યારે રોમમાં પૅઠ્યા ઈટાલિયનોના દિમાગનો તાગ તો કાઢ્યો જ હતો. એટલે એ બાબતો પણ નહિ ઉકેલીએ. તો યે કહેવું પડે કે મિલાનો અને ફ્લૉરેન્સના ઈટાલિયનો વાતવર્તને નમણા. કલા-કસબના જાણકાર અને સમજણા, ખાવેપીવે શૉખીન અને શાણા. ફ્લૉરેન્સ તો પોતાના ખાવાના અનોખા છરી-ચમચા બનાવે, ચમચાની પકડમાં જાતજાતની કારીગીરી ઉપસાવે, પ્યાલા-રકાબીમાં અજી મધુરી કલાની છાંટ ભભરાવે, ઘર-સજાવટમાં દિલનો રસિક સ્વભાવ બતાવે, મકાન-શણગારમાં પારી(સ)થી અલાયદી ભાત ઉપસાવે; ને નાટકશાળાઓ તેમજ ઓપેરા હાઉસોમાં તનમનથી પોતાનો જીવડો ઠાલવે.

પણ એમ કંઈ સીધા મિલાનના ઓપેરા હાઉસમાં ઓછા જ જઈ શકાય છે? તમે દીનો બુઝાટીનું નામ સાંભળ્યું છે? મારાથી પાંચેક વર્ષે નાના, પણ યુરોપમાં નાટકકારોની જમાતમાં એણે સારી નામના મેળવી છે. રહે મિલાનમાં. ત્યાંના પીકોલો થીએટરમાં ૧૯૫૩માં એનું પહેલું નાટક ભજવાયું, અને આલ્બેર કામુને એવું ગમ્યું, કે એણે એની કૃતિને ફ્રેન્ચમાં ઉતારી અને પારી(સ)માં પણ ભજવાયું.

એક ઇસ્પિતાલિયા ક્લિનિકમાં એક ખંડ, નાટકનું નામ ગાયો નિવી કાર્તે. નાટકનો નાયક પૈસાદાર છે. મોત ભરખવા આવ્યું છે. માંદો પડતાં ગયો સેનેટોરિયમમાં. સગાંવહાલાંનો લાડકો: તમે આવા, તમે તેવા; બહુ ભલા, બહુ સારા; બહુ દયાળુ, બહુ માયાળુ; શરીર પર કષ્ટ આવે તો તમે ખમી શકો. દુઃખ સહી શકો, હાડમારી વેઠી શકો, ભોગ આપી શકો. ઓહોહો, શું તમારો સ્વભાવ!—બધાને જ પ્રિય. ઇસ્પિતાલ અફલાતૂન છે, એટલે કે એમાં બધી જ સગવડો છે. કશાની ખોટ કે મણા નહિ. સાત તો મજલા છે. અને જેમને કશો રોગ નહિ, યા નહિ જેવો રોગ હોય અને શરીર તપાસાવવા આવે, એવા દાગીનાઓ સાતમે મજલે. પણ જેના શરીરમાં જરા જેટલો રોગ વર્તાય, તે છઠ્ઠે મજલે; આપણા કાર્તે સાહેબનો દાગીનો પહેલાં તો પડ્યો છે સાતમે મજલે, પણ દિવસો જાય તેમ તેમ એ ઊતરે: છઠ્ઠે, પાંચમે, ચોથે, ત્રીજે, હાય હાય! હવે શું? ભોંયતળિયે તો ભોં નખાવાના દરદીઓ જ હોય છે. બીજે માળે, અને છેવટે કાર્તે પહેલે મજલે આવી પટકાયા, ભોં નખાયા, અને બધા ભેગા ભોંમાં દટાયા. સાતમે મજલે માણસ ધારતો હોય કે પોતે આસમાનમાંના તારા જોનારો અને એને હાથ ધરનારો ભારેનો માલેતુજાર છે, પણ છઠ્ઠે મજલે આવતાં એને લાગે છે કે બીજાઓ પણ છે; અને પહેલે મજલે અનેક સામાન્ય માણસો પણ

જીવે છે, અને સૌ જેવા આખરે મરે પણ છે. મરતાં પહેલાં માલેતુ-જાર માનવીને વાસ્તવિક જગતનું ભાન કરાવવાનો નાટકકારનો ઉદ્દેશ. સૌ પોતપોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહે એ ન ચાલે.

સામાન્ય માનવની દેખભાળ કરાવવાવાળા આ દીનો બુઝાટીને હું થોડું થોડું ઓળખું. હિમ્મત ભીડી, ને 'કેલા સેરા' છાપાની ઑફિસમાં જ્યાં એ કામ કરે ત્યાં એમને પકડી કાર્યક્રમની કડીઓ ગોઠવી લીધી. બુઝાટી બરોબરનો ગુલાબી માણસ. હસમુખો, મળતાવડો, જીવ તોડી આપે એવી વ્યક્તિ. મિલાનોના ખૂણાખાંચરા એના પગ તળે. રસ્તે ચાલતાં દસમાંના પાંચ એને 'હલ્લો' કરે. રસિક મર્મજ્ઞ. જામી પડ્યા અમે બંને. અલબત્ત, અંગ્રેજી જાણે એટલે પછી હાડમારી કેવી? એણે તો ઍન્જેલિકા પાસીની ને લુઈગી લાબ્લાશ, બે રંગભૂમિનાં વિદ્યાર્થી-ઓને પકડી મને વળગાડી દીધાં. ઍન્જેલિકા જરા યે ઍંજલ જેવી નહોતી. બારોભારની મૉડર્ન ગર્લ. ચતુર, વિનય વિવેકે ભરપૂર, અને હકીકતો એકઠી કરવામાં તથા રીતસરની ગોઠવવામાં બહુ પાવરધી. લુઇગીનો તો અવાજ જ સાંભળ્યા કરીએ એવો મીઠો. અંગ્રેજી ભાંગ્યું-તૂટ્યું બોલે, એ ઇટાલિયન ઉચ્ચારે વધારે મીઠું લાગે. મીઠો તો યે નક્કર ઘેરો ઊંડો સાદ. ઊંડો તો એવો કે મને ૧૯૬૨થી ખસેડી ત્રણસો સાડી ત્રણસો વરસ કાળના ગર્ભમાં ઉતારી લઈ ગયો.

"આ જ એ મિલાન. એના ગવર્નરે અહીં એક નાટકશાળા બંધાવી. લીઓનાર્દો દ વિન્ચી જેવા તો અગાઉ અહીં રંગભૂમિના મૂળ નાખી ગયા હતા. ૧૪૯૦માં યોજાએલા એક લગ્ન-સમારંભમાં વિન્ચી-એ 'પૅરેડાઇઝ' નામની એક કૃતિ રચી ભજવવા પ્રબંધ કર્યો હતો. ૧૭૧૭માં એક નાટકશાળા બંધાઈ. એનું નામ રીજિયો દુકાલ. એમાં યુવાન મોત્ઝાર્તની કૃતિઓ પણ ભજવાઈ હતી. ત્યાં ૧૭૭૬માં લાગી આગ; અને ઑસ્ટ્રિયાના ગવર્નરે તરત જ ત્યાં નવું થીએટર બાંધી આપવાની બાંહેધરી આપી. જૂના જમાનાના સાંતા મેરિયા આલા સ્કાલા નામના એક ખંડિયેર દેવળની જગ્યા પસંદ કરવામાં આવી. એ જગ્યાએ ખોદકામ કરતાં અસલ 'માઈમ'ના પ્રયોગો થતા એ જગ્યા નિશ્ચિત કરનારી કોતરેલી તકતી મળી! ઑસ્ટ્રિયા-એટલે કે વીએનાની શાહજાદી મારીઆ ટેરેસાએ ૧૭૭૮માં આ ઓપેરા ખુલ્લી મૂકી. આમ એ વીએનાની બહેનપણી તો થઈ જ. ૧૭૮૦-'૯૦માં તો ત્યાં પડાપડી થવા લાગી. એની બાંધણીની રોનક, કારીગરી, અવાજ-ની માધુરીનું રખોપું...પારી(સ) લંડન-વિયેના-સેંટ પીટર્સબર્ગ (આ-જનું લેનિનગ્રાડ) વગેરેમાં હવા ચાલી કે ઓપેરાની યુરોપની નવી રાજધાની હવે મિલાનોમાં સ્થપાઈ છે! રૉસ્સીની, બેલિની ને વર્દીએ પોતાની ઓપેરાઓ રજૂ કરી સ્કાલાની કીર્તિને ઓર વધારી. ૧૮૧૨થી રૉસ્સીનીએ અને એની પછી વર્દીએ ૧૮૯૦-'૯૩ સુધી પોતાની અનુપમ કૃતિઓ થકી હાક વગાડી મિલાનોની જ નહિ પણ યુરોપ સમસ્તની પ્રજાને ઘેલી કરી મૂકી."

શરૂઆતમાં જ આપણે ઓપેરાની ભજવણીના ઇતિહાસમાં ડોકિયું કરી ગયા હતા, યાદ છે ને? એમાં ગ્લુક, મોત્સાર્ત, બેટોવન વેબર, વાગ્નર વગેરે મહારથીઓની કારકિર્દી જાણી લીધી હતી. 'સ્કાલા' સાથે સંકળાએલા રૉસ્સીનીનું 'વિલ્હેમ ટેલ' જોવા જેવું, ને 'બાર્બર ઑવ સેવિલ'નું સંગીતની સૂરાવલીથી ભરપૂર સાંભળવા જેવું ઓપેરા છે. ડોનીઝેટીએ સ્કૉટની વાર્તા ઉપરથી 'લ્યુશીઆ દ લામર મૂર' લખીને ભજવાવી-ગવડાવી સારી કીર્તિ સંપાદન કરી. પણ એ સૌમાં આપણા વર્દીસાહેબ તો 'રિગોલેટો' લા ટ્રવિયાટા', 'એઈડા', 'ઑથેલો' અને ફૉલસ્ટાફ' લખી-ગવડાવી અમરત્વને પામ્યા.

એઈડાની ઑપેરા તો ઇજિપ્તના ખેદીવ ઇસ્માઈલ પાશાએ પો-



સ્કાલાની બે વિખ્યાત અભિનેત્રીઓ. 'ઑથેલો'ની 'ડેસ્ડીમોના' તરીકે એડવિના અને કર્કબી લુન 'એઈડા'ના એક પાત્ર તરીકે.

તાની કૈરોની નાટકશાળામાં ભજવવા ખાસ લખાવી હતી. પ્રથમ ૨૪મી ડિસેમ્બરે ૧૮૭૧માં ત્યાં ભજવાઈ ને ૧૮૭૨માં મિલાનોમાં સ્કાલામાં ભજવાઈ. બંને સ્થળે પ્રેક્ષક શ્રોતાઓએ ભારેનો રસાનંદ માણ્યો. સ્કાલામાં વર્દીને બત્રીસ વાર ઍંકોર કરી બોલાવી, હીરા-જડિત હાથીદાંતની સંગીત દંડુકી ભેટ આપવામાં આવી. ઉપર જાત-જાતનાં રત્નોથી મઢેલા 'એઈડા' એ શબ્દો, તે જુદા. ખેદીવે જ્યારે એને આ ઓપેરા લખવા આગ્રહ કર્યો ત્યારે વર્દીને ખેદીવે હજારો ડોલર એટલે લગભગ લાખ રૂપિયા લખવા માટે આપ્યા. ત્યારે ખેદીવના દરબારમાં મેરિયેટ બે કરીને ફ્રેન્ચ જાણનાર એક સંશોધક અને પુરા-તત્ત્વવિદ્ હતો. એણે મૂળમાં આ વાર્તા સૂચવેલી, એટલે 'એઈડા'ની રજૂઆત માટે એણે જ સેટિંગ્સ વગેરેની યોજના કરી આપેલી.

બે બાદશાહોના ઝગડાની વાત. એમાં એકની દીકરી ગુલામ. એને બીજા બાદશાહના દીકરા સાથે પ્રેમસંબંધ, યુદ્ધ ખેલાયા જીતાયા બાદ બંને પ્રેમીઓનું ભૂગર્ભમાં કરુણ મૃત્યુ, એવી આ ઇજિપ્તના પુરાણા સમયની કથા, એમાં વર્દીએ જે સંગીત ભર્યું છે તે ઘણી ઊંચી કક્ષાનું છે. દુનિયાભરના ઓપેરા હાઉસોમાં એ ભજવાતી રહી છે. પણ હું એમ છાતી ઠોકીને કહું કે ૧૯૨૭માં મુંબાઈમાં રૉયલ ઓપેરા હાઉસમાં આ ઓપેરા એક ઇટાલિયન કંપની ભજવી ગઈ હતી અને મેં તથા મારા મિત્ર ચન્દ્રકાંત ત્રિવેદીએ સાથે બેસી જોઈ હતી, તો એ હકીકત કેટલા માનશે? ત્યારે ઓપેરા હાઉસમાં સિનેમા નહોતો થતો; આજે યુરોપના એક પણ ઓપેરા હાઉસમાં સિનેમા નથી થતો.

એઇડા પછી વર્દીએ 'ઑથેલો' અને 'ફૉલસ્ટાફ' એ બે કૃતિઓ લખી. સ્કાલામાં રજૂ કરાઈ. શેક્સપીઅરના પ્રકીર્તિત પાત્ર ફૉલ-સ્ટાફ માટે બલ્ફે, આટો નિકોલે, આમ્બ્રોઇસ ટૉમસે અને ઍડોલ્ફ આડામે પોતપોતાની રીતે ઓપેરા લખી છે, પણ ૧૮૯૩માં સ્કાલામાં ભજવાએલી વર્દીની ઓપેરા જ આજે સર્વે લખાણોમાં ઉત્તમ ગણાઈ છે. માનશો? મારું એક અજ્ઞાન અહીં કબૂલ કરી દઉં: મને ખબર જ નહિ કે ફૉલ્સ્ટાફ એ ઐતિહાસિક પાત્ર છે. હું તો માનતો કે શેક્સપીઅરે પોતાની કલ્પનામાંથી નિપજાવેલું હાસ્યરસ માટેનું એ પાત્ર હશે; પણ આપણાં ઠસ્સેદાર ને મરોડદાર ઝુલ્ફાંવાળાં ઍન્જેલિકા બેન કહે કે 'રાખો રાખો હવે! એ એક વીર જોદ્ધો તો હતો, ઉપરાંત ફ્રાન્સમાં નોકરીએ પણ ચડેલો. એજિનકૉર્ટની લડાઇમાં લડેલો અને

હોનફ્લ્યુરમાં ગવર્નરપદે પણ બિરાજેલો. સેંટ જોન સામે અંગ્રેજો લડયા ત્યારે અંગ્રેજોના હારીને પીછેહઠ કરતા લશ્કરમાં પણ એ હતો. ૮૨ વર્ષ જીવ્યો, નૉર્ફોક પરગણામાં રહ્યો, અને મરતાં પહેલાં ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ યુનિવર્સિટીના પાયા મજબૂત બનાવવા સારી જેવી સખાવત પણ કરતો ગયો.' એંજેલિકાનું આટલું જ્ઞાન જાણ્યા બાદ આપણે પછી બહુ જાળવીને વાત કરવા માંડી. ફૉલસ્ટાફ માટે ત્યાર બાદ મેં બેત્રણ વિદ્વાનોને પૂછયું તો તેઓ હા પણ પાડે છે અને ના પણ કહે છે. એવા સંશય સેવનારાઓ પણ છે.

ભલભલા ગાનારાઓએ સ્કાલામાં નામના મેળવી છે, સ્કાલાની રંગભૂમિને પોતાના સંગીત થકી મુલાયમ બનાવી છે. એ જ પ્રમાણે એનાં સેટિંગ્સ બનાવનારાઓએ પણ નામના પ્રાપ્ત કરી છે. વચ્ચે વળી મ્યુનિસિપાલિટી મદદ કરવા ના પાડે તો મિલાનના ઉમરાવો એકઠા થઈ સ્કાલાને જીવતી રાખે. ૧૯૧૪-'૧૮ની લડાઈ પછી સ્કાલામાં સમારકામ થયા કરે, કૈં અવનવું યોજવું હોય તો થઈ શકે એ માટે પૈસાટકાની કદી તંગી ન પડે એવી યોજના વિચારાઈ અને તરત અમલમાં પણ મુકાઈ. ૧૯૨૧માં સ્કાલામાં નવજીવન અને સ્ફૂર્તિ લાવનાર આર્ટુરો ટોસ્કાનિનીએ એનો હવાલો લીધો. ૧૯૨૯માં એ પરદેશ ગયો, અને નવજુવાન વિક્ટર સાબાટાએ એનો કબજો સંભાળ્યો.

હવે આપણે એ આલીશાં ભલભલા રાજમહેલને ભુલાવે એવા સ્કાલા થીએટરમાંના બેનમૂન રંગના ચકચકતા આરસની પગથાર અને દીવાલોવાળા એક સામાન્ય ખંડમાં કૉફી પીતા બેઠા છીએ. આજે એન્જેલિકા ફાલસા-રંગી બ્લાઉઝમાં અને કાનમાં મોતીનાં બે લટકણિયાં સાથે, ત્રણ વળાંકમાં ઊંચે જઈ નીચે ઢળતાં ઝુલ્ફાં ઝુલાવતી બેઠી છે. છ ગૅલેરીની અરધા ગોળાકારની હારમાળામાં બેઠકો અને નીચે ઑર્કેસ્ટ્રાની બેઠકોવાળું પ્રેક્ષકગૃહ બાજુમાં જ છે. અત્યારે પ્રેક્ષકો નથી; બધું શાંત છે; છતાં પથ્થરે પથ્થરમાં, બેઠકે બેઠકમાં અનેક સૂરાવલીઓ તરવરતી સાંભળવા મથો તો તે સંભળાવવા તૈયાર છે. ત્યાંની રોનક, ભભક, ત્યાંનો ઠાઠ અસબાબ, ત્યાંના શણગાર, કોતરકામ, રચનાકૌશલ્ય, બાંધણી, સગવડ વગેરે વિચારતો મૂંગો બેઠો છું ત્યાં એન્જેલિકાએ પોતાના હાથમાંનો કપ નીચે તાસકમાં ગોઠવતાં વખતસર એક ફટકો માર્યો, થનગનાટમાં રચ્યુંપચ્યું મન ચોંકી ઊઠે એવો: 'ત્રણસો-સાડી ત્રણસો વર્ષની ત્રણચાર વંશજોની મહેનત ઉપર ૧૯૪૩ની સોળમી ઑગસ્ટે આ આલીશાં કલાત્મક ઈમારત ઉપર આકાશમાંથી બૉંબ ફટકારાયો અને સૈકાઓ પહેલાં પૉમ્પીના થીએટર ઉપર કે કોલોસિયસ ઉપર વિસૂવિયસે આગની ઊલટી કરીને એને ભંગાર હાલતમાં મૂકી દીધાં હતાં એમ આ છ મજલાના પ્રેક્ષકગૃહના ભુક્કા કરી દીધા. પહેલામાં કુદરતી કોપ હતો, બીજામાં માનવીની ઘેલછા હતી.' મારી કૉફી તો ઠરી જ ગઈ હતી, ને આ સાંભળીહું પણ આખો ઠરી ગયો! વીએનામાં સાંભળ્યું એ જ અહીં, અને તે પણ ઓપેરા હાઉસ પર જ. શી ઇશ્વરની રચના હશે? ઇશ્વર જ જાણે! (ચાલુ)

મિત્રપત્ની (અનુસંધાન પૃષ્ઠ ૨૫૪થી) પરંતુ આજે હું સ્વાધીન છું. એ પણ નથી અને મીનુ પણ જિંદગીભર માટે પરાઈ થઈ ગઈ છે. આજે કહેવામાં કશો જ ડર નથી. તમે 'શકુન્તલા' નામ કેમ સૂચવેલું એ બીજું કોઈ ભલે ન સમજ્યું હોય, પણ હું તો સમજી જ ગએલી.'

'મને માફ કરજો.'

'પણ તમે માફીને લાયક નથી. શકુન્તલાના જન્મની વાત આપણા દેશની સાત વર્ષની છોકરી પણ જાણતી હોય છે.' એટલું બોલીને વિદાયના 'રામરામ' કરતી એ અંદર ચાલી ગઈ.

પાછા ફરતી વખતે ટ્રેનમાં બેઠોબેઠો હું કેટલા ય વિચારો કરતો હતો--કાચી ઉંમરમાં થઈ ગએલી ભૂલના કારણે જીવનભર પ્રાયશ્ચિત્ત કરનાર 'રાણીસાહેબા'ના પૂર્ણ સ્વરૂપને જોવાનું સૌભાગ્ય મને મળ્યું હતું. એણે ભોગ-વિલાસ, શહેર, મોજમજા, બધ્ધું છોડી દીધું હતું અને માટીના પૂતળાની જેમ મોં છુપાવીને એક ગામડામાં પડી રહી હતી. ગોકુળ તો કમનસીબ હતો જ, પરંતુ આજની 'રાણીસાહેબા'ને જોઇને લાગ્યું કે એ તો વળી એના કરતાં ય સો ગણી કમનસીબ હતી.

મનમાં એમ પણ નક્કી કર્યું કે આ રાણીસાહેબા વિષે હવે કશું નહિ લખું. મૃણાલિની જ્યારે સાસરવાસના અત્યાચારોથી ગાંડી બની ને આત્મહત્યા કરશે ત્યારે 'રાણીસાહેબા' વિષે વાર્તા લખીશ.

રાણીસાહેબા સાથેની મારી એ છેલ્લી મુલાકાત હતી. પછી એને ક્યારે ય મળી શકાયું નથી. એ પછી જે એક બનાવ બન્યો એ ન બન્યો હોત તો રાણીસાહેબા ઉપર હજી મેં વાર્તા લખી નહોત.

એક દિવસ એક યુવક ખાંડની કોઈક મિલના શેર વેચવા મારી પાસે આવ્યો. યુવક ઘણો જ ચબરાક હતો. મને કહે: 'અત્યારે જ શેર ખરીદવાનો હું આગ્રહ નથી કરતો. પહેલાં તમે અમારું પ્રૉસ્પેક્ટસ વાંચી જાઓ એટલો જ આગ્રહ કરું છું.'

પ્રૉસ્પેક્ટસને મેં જોયું. 'ઉપર નરકટિયાગંજ સ્યુગર મૅન્યુફૅક્ચરિંગ ઍન્ડ ટ્રેડિંગ કન્સર્ન, મૅનેજિંગ એજન્ટ: વી. કે. ગુપ્ત ઍન્ડ કંપની' લખેલું. સફેદ એન્ટિક પેપરની રૉયલ આઠપેજી બુકલેટ હતી. છેલ્લા પાના ઉપર બૅલૅન્સશિટ આપેલું.

મને વિચારતો જોઇને વળી યુવક બોલ્યો: 'આપને કદાચ એમ થાય કે મૅનેજિંગ એજન્ટ નવા છે, પણ જે લોકો વી. કે. ગુપ્તને ઓળખે છે એને આપ પૂછી જોજો. મિસ્ટર ગુપ્તે અમેરિકા અને જપાનમાં વીસ વર્ષ સુધી સ્યુગર ટૅકનૉલૉજી ઉપર અભ્યાસ અને કામ કર્યું છે. આટલા વર્ષ પછી ભારત આવીને આ કામ સંભાળી રહ્યા છે. ગજબનું બ્રિલિયન્ટ કૅરિયર છે, સાહેબ! નાનપણમાં કોઈએ પોતાના પૈસાથી એમને જપાન મોકલેલા, બાકી ગરીબ માબાપના પુત્ર છે.'

આમ છતાં ય હું પીગળતો નથી એવું એને લાગ્યું હશે કે કેમ, પણ થોડી વાર પછી વળી એ બોલ્યો. 'એક ખાનગી વાત પણ સાહેબ તમને કહી દઉં. બિહારની 'રાણીસાહેબા'નું નામ સાંભળ્યું છે તમે?'

હું એકદમ સડક થઈ ગયો!

'એ પોતે જ આની પાછળ છે. એમણે એકલાએ જ લાખો રૂપિયાના શેર ખરીદી લીધા છે. જરૂર પડશે તો હજી પણ વધુ શેર ખરીદશે.'

મેં કહ્યું: 'રાણીસાહેબા!'

મોં ઉપર હાસ્ય ફરકાવતાં એ બોલ્યો: 'જી હા, બિહારની 'રાણીસાહેબા' તરીકે તો એક જ વ્યક્તિ જાણીતી છે. તમે ઓળખો છો કે શું એમને? એ જ રાણીસાહેબાએ વીસ વર્ષ સુધી વી. કે. ગુપ્તને જપાન અને અમેરિકામાં ફરતા રાખ્યા હતા. એમના માટે હવે એક પણ 'ફોરેઈન ડીગ્રી' કે એક્સ્પિરીઅન્સ બાકી નથી. અહીં પાછા ફરવાની એમની તો ઇચ્છા જ નહોતી. પણ 'રાણીસાહેબા'એ જ એમને પાછા બોલાવ્યા છે. આ કંપની રાણીસાહેબાની છે એમ કહેવામાં ય વાંધો નથી. બાકી મિસ્ટર ગુપ્ત બાળપણમાં બહુ ગરીબ હતા. જમશેદપુરમાં રહીને ટ્યુશનો કરીને ભણેલા.'

'શું નામ કહ્યું તમે?' ખુરશીમાં ટટ્ટાર થતાં મેં પૂછ્યું.

'અમારા મૅનેજિંગ એજન્ટનું? મિસ્ટર ગુપ્ત.'

'પૂરું નામ.'

'મિસ્ટર વી. કે. ગુપ્ત.'

'ના, ના, આખું...'

'હં, વિકાસકુમાર ગુપ્ત.'

વાળ

લેખક • પુષ્કરભાઇ ગોકાણી


ઇન્સ્પેક્ટર હવે પાસે ફરિયાદ આવી: અબ્રાહમની ૩૨ વર્ષની પુત્રી માર્થા એકાએક ગુમ થઇ ગઇ હતી. અને ડોરિસ સિવાય અબ્રાહમને ત્રીજું કંઈ સંતાન નહોતું. ઈન્સ્પેક્ટર હવેએ અબ્રાહમને માર્થા વિષે ઝીણવટભરી પૂછપરછ કરી. ડોરિસ કરતાં તે ચાર વર્ષે મોટી હતી, પરંતુ ડોરિસ પરણેલી અને પાંચ વર્ષના પુત્રની માતા હતી, જ્યારે માર્થાને કોઈ અગમ્ય કારણસર પરણવા પ્રત્યે નફરત હતી અને પોતાનો સમય સામાજિક કાર્યોમાં વીતાવતી. તે સિનેમાની શોખીન અને ઓછાબોલી હતી અને પોતાના દેખાવની વધારેપડતી દરકાર રાખતી.

માર્થાના ઓરડામાં તપાસ કરતી વખતે ઈન્સ્પેક્ટર હવેએ તેની સખીઓ, સંબંધીઓ અને સમાજસેવા અંગેના પરિચિતો સાથે થએલા પત્રવ્યવહારની ફાઈલ અબ્રાહમ પાસેથી માગી લીધી. રૂમમાં ફરતાંફરતાં હવેએ ડ્રેસિંગટેબલની ઝીણવટથી તપાસ કરી અને ત્યાં બ્રશ પર ખોસેલા કાંસકામાંના વાળને લઇને એક કવરમાં સાચવી લીધા.

ઑફિસે આવીને તેમણે એ વાળ લૅબોરેટરીમાં તપાસ માટે મોકલી આપ્યા અને પછી પેલી ફાઈલ જોવા લાગ્યા. અસહાય સ્ત્રીઓ, સામાજિક સંસ્થાઓ, પેઢીઓ, સરકારી ખાતાંઓ વગેરેના પત્રોની સાથે તેમાં ફિલ્મોમાં 'એક્સ્ટ્રા'ઓ પહોંચાડવાનું કામ કરનાર એક જ્હૉન નામના શખ્સનો પણ પત્ર હતો.

ઈન્સ્પેક્ટર હવેએ પ્રથમ તેની તપાસ કરી. ગૂમ થયાના દિવસે માર્થા તેને સાંજે સાડા સાત વાગ્યે મળી હતી અને સવા આઠે તે ટૅક્સીમાં બેસીને ચાલી ગઈ હતી. ઈન્સ્પેક્ટરે જ્હૉન સાથેની વાતચીતમાં જ તેના ડગલા ઉપરનો એક વાળ મેળવી લીધો અને લૅબોરેટરીમાં મોકલી આપ્યો પરંતુ એનું કંઈ ઉપયોગી પરિણામ ન આવ્યું.

દરમ્યાનમાં ઓરડામાંથી મળેલા વાળનો અહેવાલ પણ આવી ગયો હતો. તે વાળમાં ચાર વાળ બાદ કરતાં બધા વાળ ૩૦ થી ૩૫ વર્ષની કોઈ સ્ત્રીના હતા. વાળ માથામાંથી સહજ નીકળેલા હતા, ખેંચી કઢાયા નહોતા. જે વાળ પુરુષના હતા તે ૪૦ થી ૪૫ વર્ષનો, તંદુરસ્ત, કદાચ ભરાવદાર બાંધાનો અને મધ્યમ કદનો તેમજ તાંબા-પિત્તળના કોઇ કારખાના સાથે વ્યવહાર રાખતો હશે એમ જણાયું. પરંતુ બે



માસ વીતી જવા છતાં હજી કંઈ પત્તો લાગતો નહોતો.


ઈન્સ્પેક્ટરે ડોરિસની મુલાકાત પણ લીધેલી તેનો પતિ આલ્ફ્રેડ ભુસાવળમાં પિત્તળનાં વાસણો બનાવવા અને વેચવાનો વેપાર કરતો હતો. ડોરિસ તેની બીજી વારની પત્ની હતી. માર્થા ગુમ થઈ એ પહેલાં તે સસરાને ત્યાં મુંબાઈમાં જ હતો અને આગલા દિવસે જ તે ભૂસાવળ ઊપડી ગએલો. ઇન્સ્પેક્ટર એને મળવા ભૂસાવળ ઊપડયા. તપાસ કરતાં તેમને એટલું જણાયું કે આલ્ફ્રેડ મુંબાઈથી રવાના થયા પછી ત્રીજા દિવસે ભૂસાવળ પહોંચેલો. તો પછી એ વચ્ચેના બે દિવસ તે ક્યાં ગયો હતો? દરમ્યાનમાં આલ્ફ્રેડનો વાળ પ્રાપ્ત કરીને લૅબોરેટરીને મોકલી દેવાયો. ત્યાંના પૃથક્કરણમાં આવ્યું કે માર્થાના ઓરડામાંના પુરુષના ચાર વાળ સાથે એનું સરખાપણું ઘણું છે.

હવે પ્રશ્ન એ રહ્યો કે મુંબાઈ-ભૂસાવળ વચ્ચેના દિવસે આલ્ફ્રેડ ક્યાં હતો? ઇન્સ્પેક્ટર એની તપાસમાં પડયા. ત્રણ માસ થવા આવ્યા છતાં હજી કંઈ કડી હાથ લાગતી નહોતી. એવામાં સુરતમાં પીટર નામના તેના કોઇ મિત્રને ત્યાં ઘણી વાર તે જતો એવી બાતમી મળી. સુરત જઇને તપાસ કરતાં જણાયું કે બે એક માસ પહેલાં પીટરને ત્યાં આફ્રિકાથી ઘણા દિવસે આવેલાં ફોઈનાં દીકરી બહેન ગુજરી જવાથી તે બહુ શોકમગ્ન રહે છે. છતાં એની સાથે મુલાકાત ગોઠવાઈ. મુલાકાત ઘણી કડક અને ન ગોઠે તેવી થઈ. આલ્ફ્રેડ સુરત આવ્યો હતો એવું તો તેણે કબૂલ કર્યું. પરંતુ મરહૂમ બહેન વિષે તેણે કશી દાદ ન આપી.

અંતે મૅજિસ્ટ્રેટની પરવાનગી લઈ ઈન્સ્પેક્ટરે કબર ખોલાવી. શબને સીધું ઓળખવું તો મુશ્કેલ બની ગયું હતું પણ એના વાળને લૅબોરેટરીમાં મોકલી દેવાયા. એ વાળ માર્થાના હતા એમ નક્કી થયું અને આલ્ફ્રેડ તથા પીટરની ધરપકડ થઇ.

અદાલતમાં પુરવાર થયું કે માર્થાને પ્રેમમાં ફસાવીને લગ્ન કરવા આલ્ફ્રેડ તેને પોતાના મિત્ર પીટરને ત્યાં લઇ ગએલો. પરંતુ માર્થાને જોઇને પીટરની દાનત બગડી અને ઘરમાં થએલી ઉગ્ર બોલાચાલી અંતેની ઝપાઝપીમાં માર્થા મારી ગએલી. ભંડો ફૂટી ન જાય એ માટે બંને મિત્રોએ મળીને ફોઈની દીકરીની વાત ઉપજાવી કાઢી. અને આલ્ફ્રેડે 'તેરી બી ચૂપ ઓર મેરી ભી...' ન્યાયે મૌન સેવેલું.

ઉપરના કિસ્સામાં વાળના આધારે ઇન્સ્પેક્ટર આખો કેસ ઉકેલી શક્યા, આમ, ન ઓળખાતા મરનારને ઓળખવા અને મરનારના ખૂ-



વિવિધ પ્રકારના વાળના છેદ. મેડયુલા એટલે વાળનો મધ્યભાગ, ક્યુટિકલ એટલે બહારનો ભીંગડાંના જેવાળો ભાગ. આ બંને ભાગની વચ્ચેનો રેસાવાળો ભાગ તે કોર્ટેક્સ.

ટિકિટસંગ્રહ



'આંતરરાષ્ટ્રીય સહયોગ વર્ષ' નિમિત્તે બહાર પડેલી ભારતની ખાસ ટપાલટિકિટ (જમણી બાજુ). ચાલુ વર્ષે દરમિયાન ૧૦મી સપ્ટેમ્બરે સ્વ. ગોવિંદવલ્લભ પંત, ૩૧મી ઑક્ટોબર સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલ, ૫મી નવેમ્બરે દેશબંધુ ચિત્તરંજનદાસ તથા ૧૭મી નવેમ્બરે મિથિલાના કવિ વિદ્યાપતિના માનમાં ખાસ ટપાલટિકિટો પણ બહાર પડશે. આ ઉપરાંત, ભારતના એવરેસ્ટ-આરોહણની સફળતાને વધાવતી એક ખાસ ટિકિટ પણ બહાર પડવાની છે. નીચેની ડાબી તરફની બે ટિકિટો નેધરલૅન્ડની છે. પહેલી ટિકિટ ત્યાંના 'મિલિટરી વિલિયમ ઑર્ડર'ની ૧૫૦મી જયંતી નિમિત્તની છે. તેના પર ત્યાંના ચોથા વર્ગના ઉમરાવપદના ચંદ્રકનું આલેખન છે. બીજી ટિકિટ 'ઈન્ટરનૅશનલ ટેલીકૉમ્યુનિકેશન યુનિયન'ની શતાબ્દી નિમિત્તની છે. ઉપર જમણી બાજુની બે ટિકિટોમાં: પહેલી કૅન્સરની ભયાનક બિમારી પરત્વે દેશની પ્રજાને જાગ્રત કરવા અમેરિકાએ બહાર પાડેલી ખાસ ટિકિટ. તેમાં નીચે 'અગાઉથી કરાવેલી (રોગની) તપાસથી જિંદગી બચે છે' એ અર્થનું સૂત્ર છે. અને બીજી ટિકિટ અમેરિકન આંતરવિગ્રહ શતાબ્દી નિમિત્તની પાંચમાંની છેલ્લી છે. ઍપોમૅટૉક્સ (વર્જિનીઆ), જ્યાં દક્ષિણના સેનાપતિ જન. રૉબર્ટ ઈ.લીએ સંઘ રાજ્યોના સેનાપતિ જન. યુલિસીસ ગ્રાંટ પાસે આખરી હાર કબૂલી હતી ત્યાંથી એ બહાર પડી છે. નીચેની બે ટિકિટો ઈઝરાએલની છે. પહેલી ટિકિટ એ રાષ્ટ્રની ૧૭મી જયંતી નિમિત્તની ને બીજી (જમણી બાજુની) નાઝી કેદછાવણીમાં બચેલા યહૂદીઓના છુટકારાની ૨૦મી સંવત્સરી નિમિત્તની છે.











નીને શોધવા વાળ ઘણીવાર મહત્ત્વની કડી પૂરી પાડે છે. કોઈપણ વાળના નમૂનાને મેળવીને પહેલાં તેની નીચે મુજબ તપાસ થાય છે:

૧) વાળ ગુનાને સ્થળેથી મળ્યો છે કે શબ ઉપરથી મેળવ્યો છે.

૨) મળેલો વાળ મનુષ્યનો છે કે પ્રાણીનો? એ માટે વાળને કાપીને સૂક્ષ્મદર્શક યંત્ર તળે જોવો જોઈએ છે. વાળના મધ્યભાગને મેડ્યુલા (Medulla) કહે છે. તેની ઉપરના થર (scales) ને ક્યુટિકલ (cuticle) કહે છે અને વચ્ચેના ભાગને કૉર્ટેક્સ (Cortex) કહે છે. આખા વાળ કરતાં એનો મધ્ય ભાગ મેડ્યુલા વાળને ઓળખવામાં ખાસ મદદ કરે છે. મનુષ્યમાં મેડ્યુલાનો વ્યાસ આખા વાળ કરતાં ત્રીજા ભાગથી પણ ઓછો હોય છે, જ્યારે પ્રાણીના વાળમાં એ આખા વાળના વ્યાસ કરતાં અરધાથી વધારે હોય છે. કેટલીક વાર અમુક વાળમાં મેડ્યુલા હોતો જ નથી, તો કોઈ વાળમાં એ સળંગ ન હોતાં કટકે કટકે હોય છે. સ્ત્રીઓમાં મેડ્યુલા પુરુષ કરતાં પણ નાનો હોય છે, તો વળી ક્યારેક જરા ય હોતો નથી.

૩) વાળ એ વાળ જ છે કે નહિ એ પારખવા માટે એને બાળવો જોઈએ. વાળ તરત બળતો નથી અને બળતી વખતે તે એકદમ સંકોચાય છે અને તેમાંથી એક પ્રકારની વાસ આવે છે.

૪) મળી આવેલા વાળમાં મૂળ હોય તો તે ખેંચાઈ આવેલો છે તેમ સમજવું; એ મૂળ જીવંત હોય તો બળથી ખેંચાએલો અને સૂકું હોય તો તેની મેળે ખરી કે ખેંચાઈ આવ્યો છે એમ માની શકાય.

૫) સ્ત્રીઓના વાળ લાંબા અને સળંગ એકસરખા હોય છે.

૬) વાળની ઉપર ચડેલા ભીંગડાં જેવા થર (scales) દરેક મનુષ્યમાં અલગઅલગ પ્રકારના હોય છે તેથી વાળને સરખાવવામાં એ મહત્ત્વનો ભાગ ભજવે છે.

૭) મનુષ્યનો વાળ કેરાટિન (keratin) નામના પ્રોટીનનો બનેલો હોય છે અને તેમાં શરીરના રંગદ્રવ્યનો પણ ભાગ હોય છે. વાળમાં દેખાતા એ રંગદ્રવ્ય ઉપરથી માણસનો વાન નક્કી થઈ શકે છે.

૮) વાળ સાધારણ રીતે ૪૦ વર્ષની આસપાસ ધોળા થવા લાગે છે. શરૂમાં તે કાળાશપડતા ભૂરા, પછી ભૂરા, સફેદપડતા ભૂરા અને સફેદ એમ ઉત્તરોત્તર વય મુજબ રંગ પકડે છે, એથી વય નક્કી કરવામાં આ રંગ મદદરૂપ નીવડે છે. વાળનો વ્યાસ પણ એમાં કામ લાગે છે. વય વધવા સાથે વાળ જાડો અને બરડ બનતો જાય છે.

૯) ભારતીયોના વાળ ખાસ કરીને કાળા અને બારીક હોય છે, ચીના તથા જાપાનીઓ અને અગ્નિએશિયનોના જરા ખરબચડા અને કાળાશપડતા હોય છે, આફ્રિકનોના વાળ આછા કાળા કે કથ્થાઈ અને વાંકડિયા હોય છે, જ્યારે પશ્ચિમના દેશોના (અનુ. પૃ. ૨૬૧)

૨૪૭૦૨૨૧૪૧૯૮૫૭૪૧૯૧૮૯૭૫ લિપિ

લેખક · સિદ્ધાર્થ ત્રિવેદી

સાંકેતિક લિપિઓની શોધ રોજિંદા વ્યવહારમાં વપરાતી લિપિઓ જેટલી જ જૂની છે. ઈજિપ્તના પ્રાચીન અવશેષોમાં ત્રણ પ્રકારની સાંકેતિક લિપિઓના નમૂના મળે છે. બાઈબલમાં પણ સાંકેતિક લિપિમાં લખાએલા કેટલાક શબ્દો છે. જેમાં A ને બદલે Z, B ને બદલે Y વગેરે અવળા ક્રમાંકની પદ્ધતિ વપરાએલી છે.

આધુનિક વિશ્વના ઠંડા યુદ્ધના રાજકારણમાં નાનામોટા દરેક દેશની સરકાર પોતપોતાની ખાસ ગુપ્ત લિપિમાં ગુપ્તચરો દ્વારા દુશ્મન દેશોની હિલચાલ ને પ્રવૃત્તિ અંગે સતત સંદેશા-વ્યવહાર ચલાવતી જ હોય છે, અને કેટલીક વાર તો દુનિયાના દેશોની સરકારોનું ભાવિ તેમના એલચીઓ, રાજપુરુષો અને જાસૂસો સાથેના આ સાંકેતિક સંદેશાઓની ગુપ્તતા પર અવલંબતું હોય છે, આથી દરેક દેશ પોતાની ખાસ સાંકેતિક લિપિ (Ciphers) પ્રયોજવા માટે સતત પ્રયત્નશીલ રહે છે અને તેમનાં સંરક્ષણખાતાં અને એલચીખાતાંમાં એ સંશોધનનું કામ સતત ચાલ્યા કરતું હોય છે.

આધુનિક સાંકેતિક લિપિઓમાં મુખ્યત્વે બે પદ્ધતિ વપરાય છે: (૧) સબ્સ્ટીટ્યૂશન: આમાં લિપિના મૂળાક્ષરોને બદલે અમુક નિશ્ચિત પદ્ધતિએ અને નિશ્ચિત ક્રમમાં અક્ષરો, ચિહ્નો, આંકડા વગેરે મૂકવામાં આવે છે. અગાઉ 'કુમાર'માં આવેલી સુશીલાબહેનની અંકપલ્લવી, કૌટિલીય, સહદેવી, મૂલદેવી વગેરે પદ્ધતિઓ આ પ્રકારની છે. (૨) ટ્રાન્સ્પોઝિશન: આમાં અક્ષરો, ચિહ્નો કે આંકડાઓનો ક્રમ તોડીને તેને આડાઅવળા ગોઠવવામાં આવે છે. ખૂબ સંશોધનો કરીને પ્રયોજાતી આવી ઘણી ખરી આધુનિક પદ્ધતિઓમાં એક અક્ષરને બદલે બીજો નવો મુકાતો અક્ષર, ચિહ્ન કે આંકડો પણ સતત બદલાતો રહે છે! જેમ કે એક જ સંદેશામાં અંગ્રેજી E મૂળાક્ષરને બદલે સંદેશાના અમુક ભાગમાં X વપરાતો હોય તો તે જ સંદેશામાં બીજી જગાએ 'ઈ' ને બદલે 'ઓ' મુકાય. અને વળી ત્રીજા ભાગમાં E ને બદલે M મૂકવાની આંટીઘૂંટી હોય! આધુનિક રાજદ્વારી સંદેશા-વ્યવહારનું પ્રમાણ પણ ઘણું વિપુલ છે. એટલે આવી આંટીઘૂંટીભરી લિપિઓમાં સંદેશાઓની રચના અને ઉકેલ સલામત હોવાની સાથે અત્યંત ઝડપી હોવાં પણ જરૂરી બને છે. તેથી આ સઘળું કામ ખૂબ ઝડપી ગતિવાળાં યંત્રો દ્વારા એટલી સરલતાથી થતું હોય છે કે સાંકેતિક લિપિના સંદેશાઓ ટાઈપરાઈટર પર સંદેશો ટાઈપ થાય એટલી બધી ઝડપથી તૈયાર થાય છે અને ઉકેલી પણ શકાય છે.

આની સામે જાસૂસી પ્રવૃત્તિઓ દ્વારા પ્રાપ્ત કરેલા દુશ્મન દેશોના સંદેશાઓની સાંકેતિક ભાષાઓ ઉકેલવા માટે પણ દરેક દેશ સતત પ્રવૃત્તિશીલ રહે છે અને એ કાર્ય માટે આ વિષયના નિષ્ણાતો ખાસ રોકવામાં આવે છે. દુશ્મનનો ઝડપાયેલો સંદેશો ઉકેલવામાં એ નિષ્ણાતો કેટલાંક સામાન્ય અવલોકનોથી શરૂઆત કરે છે. જેમ કે, અંગ્રેજી ભાષામાં E અક્ષર સૌથી વધુ વપરાય છે, અને તે પછી T, A, O, I, N, S, H, R, D, L, વગેરે અક્ષરો તેમના વપરાશના ક્રમમાં આવે છે. એ જ રીતે બે અક્ષરો-જોડકાંમાં સૌથી વધુ વપરાતું અક્ષર-યુગ્મ 'th' છે અને ત્રણ અક્ષરોથી બનેલા શબ્દોમાં સૌથી વધુ વપરાતો શબ્દ 'the' છે. દુશ્મનના સંદેશામાં જો 'સી' અક્ષર સૌથી વધુ વપરાયો હોય તો સંદેશો ઉકેલનાર નિષ્ણાત 'સી'ને બદલે 'ઈ' મૂકીને પ્રથમ પ્રયત્ન કરશે. આવી જ બીજી કેટલીક યુક્તિ પ્રયુક્તિઓ વડે તે કેટલીક વાર તો પોતે જાણતો યે ન હોય તેવી ભાષાઓના સંદેશા પણ ઉકેલી આપે છે!

સંદેશો લખવામાં યંત્રોની મદદ લેવાય છે તેમ ઉકેલવા માટે પણ નિષ્ણાતો હવે 'યાંત્રિક મગજ'નો સહારો લે છે. સંદેશામાં અમુક અક્ષર, અક્ષર-યુગ્મ કેટલી વાર વપરાએલાં છે તેની હજારોની સંખ્યામાં કરવી પડતી જહેમતભરી અને કંટાળાજનક ગણતરીઓ કોમ્પ્યુટર યંત્રો ટૂંક સમયમાં કરી આપે છે. અમુક સંદેશા તો એ યાંત્રિક મગજો (robot cryptanalysts) આપોઆપ ઉકેલી આપતા હોય છે. બીજા વિશ્વયુદ્ધમાં જર્મનોએ transposition cipher ઉકેલવા માટે એવા જ એક યંત્રમાનવનો ઉપયોગ કર્યો હતો.

અમેરિકાની રાષ્ટ્રીય સલામતી અંગેની સંસ્થા NSAમાં સાંકેતિક લિપિઓ ઉકેલવા માટે ૧૦,૦૦૦ જેટલા નિષ્ણાતો કામ કરે છે! સાડાત્રણ કરોડ ડૉલરના ખર્ચે બાંધેલા વિશાળ મકાનમાં એની કચેરીઓ આવેલી છે. છતાં એનું કાર્ય એટલું ખાનગી રીતે ચાલે છે કે ૧૯૬૦ સુધી તો એ સંસ્થાની હસ્તીની જ કોઇને જાણ ન હતી! પણ ૧૯૬૦માં એમાં કામ કરતા બર્નોન મિશેલ અને વિલિયમ માર્ટિન નામના બે નિષ્ણાતો ફૂટી ગયા, તેમણે રશિયામાં નાસી જઇને એ સંસ્થાની જાહેર કરેલી વિગતો પરથી જ દુનિયાને માહિતી મળી કે અમેરિકાની સરકાર વિશ્વભરમાં પથરાએલાં પોતાનાં ૨૦૦૦ રેડિયો સ્ટેશનો દ્વારા લગભગ સર્વ દેશના ખાનગી વાયરલેસ સંદેશા આંતરી લઈ ઉકેલ માટે અહીં મોકલે છે, જેમાં ચાળીસથી વધુ દેશોના સંદેશા તો પૂરેપૂરા અને સંપૂર્ણ સફળતાથી ઉકેલી શકે છે.

છતાં આ પ્રકારે ઉકેલી જ ન શકાય એવી સંપૂર્ણ સલામત સાંકેતિક લિપિ પ્રયોજવાના પ્રયત્નો પણ થએલા છે. ખરુ જોતાં એ પદ્ધતિ ઘણી સરળ છે. એમાં માત્ર આંકડાઓનો જ ઉપયોગ કરવાનો હોય છે. થોડાં વર્ષ પહેલાં રૂડૉલ્ફ ઈવાનોવિચ ઍબેલ નામનો રશિયાનો મોટામાં મોટો ગુપ્તચર અમેરિકામાં પકડાઈ ગયો હતો (જેને અમેરિકાએ 'યૂ-ટૂ' ૫-૨ પ્રકરણમાં રશિયામાં પકડાએલા અમેરિકન જાસૂસ વિમાની ફ્રાન્સિસ ગૅરી પાવર્સના બદલામાં રશિયન સરકારને પાછો સોંપ્યો) તે પણ આ પ્રકારની સંપૂર્ણ સલામત આંકડાઓની સાંકેતિક લિપિ વાપરતો. આવી સલામત પદ્ધતિ યોજવી એ દરેક દેશ માટે જરૂરી છે, કેમ કે કેટલીક વાર તદ્દન સામાન્ય લાગતાં કેટલાંક અર્થહીન વાક્યો કે આંકડાઓમાં વિજય કે સર્વનાશની એંધાણી આપનાર પૂર્વસંકેતો સમાએલા હોય છે.

ગુજરાતી ભાષામાં આવી સંપૂર્ણ સલામત સાંકેતિક લિપિ પ્રયોજવાનો પ્રયત્ન આ નીચે કરું છું. (આને અંક ૪૭૩માં આવેલી સુશીલાબહેન પટેલની 'અંકપલ્લવી' સાથે સરખાવવા યોગ્ય છે.)

આ નવી લિપિમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓ સમાએલા છે:

(૧) ૧૨ સ્વરો (અ થી અઃ) માટે ૧ થી ૯ અને 1, 2, 3, એટલા અંગ્રેજી આંકડા લેવા. વળી આંકડાને ક્રમબદ્ધ નહિ પણ પ્રત્યેક સ્વર માટે આડાઅવળા ક્રમમાં પ્રયોજવા.

(૨) ૩૫ વ્યંજનો (ક થી જ્ઞ) માટે દરેક વ્યંજન દીઠ ૧૦ થી ૯૮ સુધીના આંકડામાંથી કોઈ પણ આંકડા આડાઅવળા ક્રમમાં જુદાજુદા નક્કી કરવા. પરંતુ એમાં ૧૧, ૨૨, ૩૩, ૪૪, ૫૫, ૬૬, ૭૭, ૮૮, ૯૯, એટલા આંકડા ન લેવા. એનો ઉપયોગ આગળ આવશે.

(૩) દરેક અક્ષર (સ્વર+વ્યંજન) દર્શાવવા પ્રથમ સ્વરનો અંક

અને પછી વ્યંજન માટેની નક્કી કરેલી બે આંકડાની સંખ્યા મૂકવી.

(૪) અર્ધાક્ષર (એટલે કે એકલો વ્યંજન) દર્શાવવા માટે તે તે વ્યંજનની નક્કી કરેલી બે આંકડાની સંખ્યાની આગળ ૦ (મીંડું) મૂકવું.

(૫) જ્યાં એકલો સ્વર જ વાપરવાનો હોય ત્યાં પ્રથમ તે સ્વરનો આંકડો, અને તે આંકડા પછી ૦૦ (બે મીંડાં) મૂકવાં.

(૬) જ્યાં સંખ્યાઓ જ દર્શાવવાની આવે ત્યાં આંકડા નહિ વાપરતાં તે સંખ્યા માટેના શબ્દો જ વાપરવા.

(૭) આમ સંદેશાના દરેક અક્ષર માટે ત્રણ આંકડાની સંખ્યા થશે.

(૮) કોઈ પણ બે શબ્દો છૂટા પાડીને દર્શાવવા નહિ, પણ પ્રત્યેક શબ્દ પૂરો થએલો દર્શાવવા માટે તે શબ્દના છેલ્લા અક્ષર માટેની ત્રણ આંકડાની સંખ્યા પછી, એક વધુ ત્રણ આંકડાની સંખ્યા મૂકી દેવી. આ વધારાની ત્રણ આંકડાની સંખ્યા બનાવવા માટે પૂરા થએલા શબ્દના કાં તો પહેલા કે છેલ્લા અક્ષર માટે આવતી ત્રણ આંકડાની સંખ્યાનો પહેલો આંકડો અને તેની સાથે અનામત રાખેલી ૧૧, ૨૨, ૩૩, ૪૪, ૫૫, ૬૬, ૭૭, ૮૮, ૯૯ એટલી સંખ્યાઓમાંથી ગમે તે એક સંખ્યા મન ફાવે તેમ મૂકી દેવી, એટલે ત્રણ આંકડાની વધારાની સંખ્યા તૈયાર થશે. તે બે શબ્દો વચ્ચેની ખાલી રહેતી જગ્યા દર્શાવવા માટે મૂકી શકાશે.

(૯) આમ આખા સંદેશ માટે સળંગ આંકડાઓ જ, એકબીજાથી જરા પણ છૂટા પાડ્યા સિવાય મૂકી શકાશે. એક વાક્ય પૂરું થએલું દર્શાવવા માટે તે પછીના નવા વાક્યના આંકડા જરા છૂટા પાડવામાં વાંધો નહિ. (જોકે એ પણ ખાસ જરૂરી નથી) પરંતુ કોઈ પણ બે શબ્દો વચ્ચે તો જરા પણ અંતર દર્શાવવું ન જોઇએ, જેથી શબ્દ ક્યાં પૂરો થાય છે તેની અજાણ્યાને ખબર જ ન પડે.

(૧૦) આટલા મુદ્દાઓ પરથી બનાવેલી નવી લિપિમાંથી વધારાની નવી લિપિઓ બનાવવા માટે અંક ૪૭૮માં કૌટિલીય લિપિમાં દર્શાવ્યા પ્રમાણેનાં જુદાંજુદાં પર્મ્યુટેશન્સ લઈ શકાય.

ઉદાહરણ તરીકે આપણે આ પ્રમાણેની સંકેતલિપિ યોજીએ:

વ્યંજનો

ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ
૪૧	૪૨	૫૩	૫૪	૬૦	૬૫	૯૨	૭૮	૫૯	૨૯	૬૨	૧૩	૯૫	૬૮
ણ	ત	થ	દ	ધ	ન	પ	ફ	બ	ભ	મ	ય	ર	લ
૬૮	૮૫	૪૯	૮૧	૩૬	૨૨	૭૫	૮૪	૫૦	૬૭	૩૫	૭૨	૩૭	૧૮
વ	શ	ષ	સ	હ	ક્ષ	જ્ઞ							
૨૦	૭૬	૬૧	૪૭	૪૩	૪૮	૮૦							

સ્વરો

અ	આ	ઇ	ઈ	ઉ	ઊ	એ	ઐ	ઓ	ઔ	અં	અ:
૭	૬	૯	૩	૮	૨	૧	૪	૫	1	2	3

હવે ધારો કે આ નવી લિપિમાં આપણે 'તંત્રી કુમાર, કુમાર કાર્યાલય લિમિટેડ, અમદાવાદ' એ સંદેશ મોકલવો છે; તો તેની યોજના આ મુજબ થશે :

તં ત્રી		કુ મા ર		કુ મા
2૮૫ ૦૮૫ ૩૩૭	૨૮૮	૮૪૧ ૬૩૫ ૭૩૭	૭૩૩	૮૪૧ ૬૩૫
તં ત્ રી				
ર		કા ર્ યા લ ય		લિ મિ
૭૩૭	૮૬૬	૬૪૧ ૦૩૭ ૬૭૨ ૭૧૮ ૭૭૨	૬૧૧	૯૧૮ ૯૩૫
ટે ડ		અ મ દા વા દ		
૧૬૨ ૭૧૯	૯૨૨	૭૦૦ ૭૩૫ ૬૮૧ ૬૨૦ ૭૮૧		

આખો સંદેશો સાંકેતિક લિપિમાં આમ થશે : "૨૮૫૦૮૫૩૩૭૨૮૮૮૪૧૬૩૫૭૩૭૭૩૩૮૪૧૬૩૫૭૩૭૮૬૬૬૪૧૦૩૭૬૭૨૭૧૮૭૭૨૬૧૧૯૧૮૯૩૫૧૬૨૭૧૯૯૨૨૭૦૦૭૩૫૬૮૧૬૨૦૭૮૧."

આ સંદેશો તેના મૂળ સંકેતના આંકડા જાણ્યા સિવાય ઉકેલવો લગભગ અશક્ય લાગે છે, અને એથી એ વાપરવા માટે સંપૂર્ણ સલામત કહી શકાય. જેને એ મોકલ્યો હોય તે વ્યક્તિ તો આપણી સાંકેતિક લિપિથી જાણકાર હોઇ તેને માટે એ ઉકેલવો ખૂબ સરળ છે.

અનુસંધાન] **વાળ** [પૃ. ૨૫૯થી

રહેવાસીઓના કાળાશપડતા કથ્થાઈ અને મધ્યમસરના હોય છે.

૧૦) વાળની લંબાઈ ઉપરથી તે શરીરના કયા ભાગનો છે તે પણ જાણી શકાય છે.

ગુનાશોધનમાં વાળનું મહત્ત્વ સૌપ્રથમ ઇ.સ. ૧૮૪૭માં ફ્રેંચ પ્રજામાં સ્વીકારાયું. માણસના શરીરમાં વાળ સૌથી છેલ્લે નાશ પામનારી વસ્તુ છે અને ઘણી વાર તો મૃત્યુ પછી પણ વાળ ઊગી આવ્યા હોવાનું જણાયું છે. મૃત્યુ પામ્યા પછી થોડો વખત જીવ્યા બાદ શરીરના કોષો નાશ પામે છે એ ખરું, પરંતુ એવા શરીરની ચામડી સંકોચાઈ જવાથી વાળ બહાર નીકળી આવે છે અને વાળ ઊગ્યા હોય તેવું દેખાય છે. મૃત્યુ પછી શરીરને દાટવામાં આવે ત્યાં ઘણો વખત સુધી વાળ જળવાઇ રહે છે.

આમ, શરીરમાં નકામા ગણાતા વાળ, જેની સજાવટમાં માણસ ઘણો સમય ગાળે છે તે તેના મૃત્યુ પછી પણ તેનો સાથી અને સાક્ષી બની રહે છે અને તેને થએલા અન્યાય સામે પોકાર કરી ઊઠે છે.

અલબત્ત, એકમાત્ર વાળના જ આધારે ગુનેગારને પકડી શકાય નહિ, પરંતુ એ વાળ ગુનેગારની કે બિનગુનેગારની ચોક્કસ ઓળખમાં ખાતરીપૂર્વકનો સાથ તો જરૂર આવે છે. (ચાલુ)

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષાવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મય પ્રકાશનોની સમીક્ષાનું કામ સને ૧૯૬૫ માટે શ્રી ચંદ્રશંકર ભટ્ટ (૯બી, ચંદ્ર કૉલોની, એલિસબ્રિજ, અમદાવાદ-૯)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો-પ્રકાશકોને સાહિત્ય સભાની વિનતિ છે કે પોતાના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થતાં ઉપરને સરનામે મોકલીને આભારી કરશે.

પંદરમી શિષ્ટ-વાચન પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી પંદરમી શિષ્ટ-વાચન પરીક્ષા તા. ૨૬ સપ્ટેમ્બર ૧૯૬૫ને રોજ જે તે કેન્દ્રોમાં લેવાશે. પરીક્ષા માટે શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ કૃત 'પંજાબ કેસરી લાલા લજપતરાય' નામનું પુસ્તક (કિં. રૂ. ૧) રાખવામાં આવ્યું છે. પરીક્ષાર્થી દીઠ પ્રવેશ ફી ૨૫ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની પણ યોજના છે. કેન્દ્ર સ્થાપવા તથા વધુ વિગત માટે લખો : વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ., સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા.

શબ્દકથા : 'એક-ધનુર્ધર'

આ પહેલાં (અંક ૪૯૫માં) જેની વાત કરી હતી તે 'એકનટ'માં 'એક' એટલે 'જેની ઉપરાંત કોઈ બીજો નથી.' સહેજે આમાંથી 'જેના જેવો કોઈ બીજો નથી' એવો અર્થ પણ ઊપજે. અને 'અદ્વિતીય' શબ્દ આવી જ અર્થછાયા ધરાવે છે. દિલીપને વર્ણવતાં રઘુવંશમાં કાલિદાસ કહે છે 'તેના વડીલ પૃથ્વી પર "એકપાર્થિવ" હતા એટલું જ માત્ર ન હતું: તે દિલીપ પણ પૃથ્વી પર "એકધનુર્ધર" હતો (ન કેવલં તદ્‌ગુરુરેકપાર્થિવ: ક્ષિતાવભૂદેકધનુર્ધરોઽપિ સ:) અહીં 'એકપાર્થિવ' એટલે 'અદ્વિતીય રાજા' અને 'એકધનુર્ધર' એટલે 'અદ્વિતીય બાણાવળી'.

નાસિકના એક ગુફાલેખમાં પ્રતિષ્ઠાનના મહાન રાજવી ગૌતમીપુત્ર શાતકર્ણિને તેની માતા બલશ્રીએ 'એકધનુર્ધર' કહીને બિરદાવ્યો છે. અને ગૌતમીપુત્રના એક સિક્કા ઉપર વચ્ચોવચ જે માત્ર બાણ ચડાવેલા ધનુષ્યનું ચિહ્ન છે, તેને આ જ વાતનું પ્રતીક ગણવામાં આવ્યું છે.

અહીં 'એકછત્રે રાજ્ય કર્યું' એ પ્રયોગ પણ યાદ આવે. કાલિદાસે 'એકાતપત્ર પ્રભુત્વ'ની વાત કરી છે, અને ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય)ના એક સિક્કા ઉપર રાજાને માથે છત્ર ધરી રહેલા વામનનું આલેખન છે તેમાં આ જ સૂચન છે. બીજી રીતે આ જ અર્થ 'એકચક્રે' કે 'એકચક્વે' એ પ્રયોગ વડે વ્યક્ત થાય છે. ચક્રવર્તી રાજાના પ્રદેશમાં તેના સિવાય બીજા કોઈ રાજાના રથનું ચક્ર ન ફરી શકે. એ 'ચક્રી' કે 'ચક્રપતિ' પણ કહેવાતો. પ્રાકૃતમાં 'ચક્કવઇ'. તે ઉપરથી 'એકચક્વે', 'એકછત્રે', 'એકચક્રે'માં 'એક ઉપરાંત કોઈ બીજો નહિ' એ અર્થછાયા મુખ્ય છે.

વળી 'અદ્વિતીય વીર' ને ઋગ્વેદમાં 'એકવીર' કહ્યો છે, અને ગુજરાતીમાં તેનું નામ છે 'એકલવીર', તેવો જ 'એકલમલ્લ'.

આ બધા જેમ 'એક' ખરા, તેમ 'એક્કા' પણ ખરા. **હરિવલ્લભ ભાયાણી**

સાહિત્યસંપર્ક

કેટલાંક નવાં કાવ્ય-પ્રકાશનો

નરસૈં મહેતાનાં પદ : અધ્યાપક શ્રી કેશવરામ કા. શાસ્ત્રી કૃત આ સંપાદન ગુજરાત સાહિત્યસભાના હીરક મહોત્સવ નિમિત્તની ગ્રંથમાળાનું પ્રથમ પુસ્તક છે. જૂની હસ્તપ્રતને આધારે થએલા આ પ્રથમ પદસંગ્રહમાં નરસૈં મહેતાનાં અત્યાર સુધી અપરિચિત એવાં ૨૦૮ પદો પહેલી જ વાર પ્રકાશમાં આવ્યાં છે. સાથેની અભ્યસનીય પ્રસ્તાવનાને કારણે આ સંપાદનનું મૂલ્ય વધે છે. (પ્રકાશક: ગુજરાત સાહિત્ય સભા, ઍલેન્ટાઈનની હવેલી, ત્રણ દરવાજા, અમદાવાદ-૧. કિ. ૪/-). **ધૂપદાન :** ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં ગઝલના અભ્યાસ અને ખેડાણના એક અગ્રણી પુરસ્કર્તા સ્વ. 'નસીમ'-હસનઅલી રહીમ કરીમ નાયાણીની ગઝલ અને રુબાઈઓનો સંગ્રહ. એમાંના સ્વ. 'નસીમ'નો ગઝલના પ્રકારનો ઐતિહાસિક પરિચય લેખ, 'તુરબત-ના શિલાલેખ' દ્વારા શ્રી 'તુરાબ'નો અંજલિલેખ અને શ્રી મુનાદીના 'ગુજરાતમાં ગઝલપ્રવૃત્તિ' વિષેનો અભ્યસનીય નિબંધ તથા શ્રી રામપ્રસાદ બક્ષીએ કરાવેલા કવિપરિચયથી આ સંગ્રહ વધુ મૂલ્યવાન બન્યો છે. (પ્રકાશક : હંસગીત પ્રકાશન, મોટલીબાઈ સ્ટ્રીટ, મુંબાઈ-૧૧. કિ. રૂા. ૫/-).

આમોદ : શ્રીકાન્ત માલુલીકર તો 'કુમાર'ના વાચકોના પરિચિત કવિ છે. દોઢેક દાયકાની એમની મૂક કાવ્યસાધનાના પ્રથમ મૂર્ત પરિપાક શો આ સાર્થનામ કાવ્યસંગ્રહ છે. (પ્રકાશક: શ્રીકાન્ત માલુલીકર, ૮૩૫ ભાઉની પોળ, રાયપુર, અમદાવાદ-૧ કિ. ૨/૫૦). **ક્વચિત :** 'કુમાર'ના અન્ય પરિચિત કવિ શ્રી ઈન્દુકુમાર ત્રિવેદીનાં બેએક દાયકા દરમિયાનનાં કાવ્યોનો સંગ્રહ. (પ્રકાશક: નટવરભાઈ મો. પટેલ, લલ્લુભાઈ પાર્ક, સી-બ્લૉક, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬, કિ. ૧/-). **ગીતશ્રી :** 'દિલહર'-હરિપ્રસાદ મોહનલાલ સંઘવીનાં ગીતો અને ગઝલો. (પ્રકાશક: હ. મો. સંઘવી, મુનિચોક સિહોર,-સૌરાષ્ટ્ર, કિ. ૩/-). **પ્રતીક્ષા :** ભોળી બાળલીલાથી માંડી પ્રભુની અભ્યર્થના સુધીના વિષયોને કાવ્યદેહ આપતો સંગ્રહ. લેખક-પ્રકાશક : ગિરિજાશંકર વિ. પાઠક (કૃષ્ણકુંજ, ચોરવાડ-સૌરાષ્ટ્ર, કિ. ૨/-). **ગીત-આલાપ :** ગેય ગીતોનો એક સંગ્રહ. લેખક-પ્રકાશક: મહેન્દ્રકુમાર બી. જોષી (જૂની સામળદાસ કૉલેજ પાસે, વડવા, ભાવનગર, સૌરાષ્ટ્ર, કિં. ૧/-).

નવા ચરિત્રગ્રંથો

પ્રાત:સ્મરણીય મહાત્મા ગાંધીજી: (પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ). એક જ દસકામાં બીજી આવૃત્તિ પામતા આ બે ગ્રંથોમાં મહાત્મા ગાંધીજીની જીવનકથાને વિસ્તૃતપણે આલેખવામાં આવી છે. પહેલા ભાગમાં ગાંધીજીની જીવનકથાની અને બીજા ભાગમાં એમના જીવનકાર્યની રજૂઆતવાળાં આ પુસ્તકો ગાંધીજીને સમજવામાં ઘણાં સહાયરૂપ બને છે. લેખક-પ્રકાશક: અંબેલાલ જોષી. (મુખ્ય વિક્રેતા: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. કિ. ૨૫/-). **પંજાબકેસરી લાલા લજપતરાય :** આ વર્ષે ઊજવાતી લાલાજીની જન્મશતાબ્દિ નિમિત્તે લખાએલું એમનું આ સંક્ષિપ્ત જીવનચરિત્ર. નાનું હોવા છતાં ભાષાની ઓછપ કે ક્લિષ્ટતા વિના લાલાજીના જીવનનાં લગભગ બધાં જ પાસાંને સ્પર્શતું હોઈ એક આવકારદાયક પ્રકાશન બની રહ્યું છે. લેખક: ઈશ્વરભાઈ પટેલ. (પ્રકાશક: ગુજ. પુસ્તક સહાયક સહકારી મંડળ લિમિ. વડોદરા. કિ. ૧/૫૦) **મહાન વૈજ્ઞાનિકો** (ખંડ-૬): બાળકિશોરોને ખયાલમાં રાખીને લખાએલી શ્રેણીની આ પુસ્તિકામાં ભારતના ડૉ. વિશ્વેશ્વરૈયા, પ્રો. સાહાની, પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર, ડૉ. સુબ્બારાવ, પ્રો. શિશિરકુમાર મિત્ર, આચાર્ય પ્રફુલ્લચંદ્ર, ડૉ. જગદિશચંદ્ર બોઝ અને પ્રો. હાલ્ડેનના જીવનનો સરળ પરિચય અપાયો છે. લેખક : ડૉ. નરસિંહ મૂ. શાહ. (પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧. કિ. ૧/૫૦). **મોરારભાઈ પટેલ :** બારડોલીની લડતના એ વીર સિપાહીના અવસાન બાદ બાર વર્ષે પ્રકટ થતા એમના આ પરિચયપુસ્તકમાં એમની જીવનકથા અને સંસ્મરણો તથા એમને અર્પણ થએલી શ્રદ્ધાંજલિઓનો સમાવેશ કરેલો છે. લેખક-પ્રકાશક : કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા. (કસ્તૂરબા સેવાશ્રમ, મરોલી. કિ. ૨/૫૦). **અબ્રાહમ લિંકન :** અમેરિકાના એ જગવિખ્યાત પ્રમુખના કેટલાક જીવનપ્રસંગો. લેખક: પ્રકાશ જે. શાહ અને જિતેન્દ્ર સી. ઉપાધ્યાય. (પ્રકાશક : ભારતી પ્રકાશન, ન્યૂ જમશેદ રોડ. મુંબાઈ-૧૯. કિ. ૦/૫૦). **એક કવિની આત્મકથા** અને નૃત્યકારનું નિવેદન : સોવિયેત સંઘના બે કલાકારો એવજેની એવતુશેન્કો ને રુડોલ્ફ નુરેયેવે લખેલા આ બે આત્મકથાનકોમાં સ્ટાલિનના કાળના સામ્યવાદી શાસન તળે જીવાતા જીવનના નિખાલસ એકરારનો સૂર છે. અનુવાદક : સુભદ્રા ગાંધી. (વિશ્વમાનવ પ્રકાશન, વડોદરા. કિ. ૪/-).

અન્ય પ્રકાશનો

ભારતની એકતા, સ્વપ્ન અને સિદ્ધિ: આકાશવાણીએ ઈ. ૧૯૫૫થી યોજેલી 'સરદાર

બંધુસમાજ [૪]

લેખક
હરસિદ્ધભાઈ
દિવેટિયા

ચોથા સભ્ય શંકરરાય અમૃતરાય સહીઅડ



બંધુસમાજના ચોથા સભ્ય શંકરરાય અમૃતરાય, સમાજની સ્થાપના સમયે વડોદરામાં એમના પિતા મુનસફ હતા ત્યાં રહેતા, એટલે બે વરસ મોડા – ઈ. ૧૮૯૪માં અમદાવાદમાં રહેવા આવ્યા પછી બંધુસમાજના સભ્ય થયા હતા. એમને પણ સાહિત્યનો શૉખ તો પહેલેથી હતો, પણ તે જુદી જાતનો હતો. કવિતા રચવા કરતાં સાહિત્યનાં વિવેચન કરવાની ઢબ એમણે સારી વિકસાવી હતી. મારા એ મામા અને આનન્દશંકરભાઈના સાઢુભાઈ થતા હતા.

'એમનો જન્મ વિ. સં. ૧૯૩૦ના શ્રાવણ સુદ ૭ (૧૮૭૪ની ૧૯-મી ઑગસ્ટ)ના રોજ અમદાવાદમાં થએલો; પરંતુ પિતાની કારકિર્દી વડોદરામાં હોઈ, બાળપણ તથા કૉલેજ સુધીનો શિક્ષણકાળ વડોદરામાં વીતેલાં. ત્યા મુનસફ પિતાને નગરશેઠ હરિભક્તિની પિછાન તથા અમલદારી હોવાથી એમની ઊગતી વય જાહોજલાલીમાં વીતેલી. તેમનું લગ્ન અઢાર વર્ષની વયે તેમના પિતાની જાહોજલાલી જેવા જ સમાન ગૃહમાં – ગ્વાલિયરના જાગીરદાર ભગવંતરાય મુનશી–રાજેનાં પુત્રી જયાબહેન સાથે થએલું. બી.એ. થયા પૂર્વે અભ્યાસ છોડી દઈને તેઓ વડોદરાની નેટિવ હાઈસ્કૂલમાં શિક્ષક થયા, ને સંસ્કૃતના સારા અભ્યાસી હોઈ એ વિષયના શિક્ષક તરીકે સારી ખ્યાતિ મેળવેલી; તેમજ ઈ. ૧૮૯૪માં શાળાનું મકાન થયા બાદ સહાયક આચાર્ય તરીકે પણ કામ કરેલું.

અમદાવાદમાં તે 'બંધુસમાજ'ની સાહિત્યપ્રવૃત્તિ ઉપરાંત તેમના સહાધ્યાયી મિત્રો ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, શ્રી કૃષ્ણલાલ(બચુભાઈ) દેસાઈ, બૅરિસ્ટર મગનભાઈ ચતુરભાઈ પટેલ, જીવણલાલ બૅરિસ્ટર, આદિની સાથે જાહેરજીવનમાં પણ પણ ભાગ લેતા થયા હતા અને શરૂમાં હોમરૂલ-લીગમાં તથા પાછળથી કૉંગ્રેસમાં જોડાયા હતા. આચારેવિચારે ચુસ્ત કૅાંગ્રેસી રહીને તેમણે લાહોર, મુંબાઈ, કલકત્તા, અલ્લાહાબાદ, નાગપુર, લખનૌ તથા મદ્રાસનાં અધિવેશનોમાં હાજરી પણ આપી હતી.'

પિતાના એકના એક પુત્ર હોઇને તેમજ દ્રવ્યનું ઉપાર્જન તથા પૈસાની વ્યવસ્થા કરવાની એમના પિતાની બુદ્ધિ સારી હોવાથી પૈસેટકે સુખી હતા. અમદાવાદ આવ્યા પછી ઈ. ૧૯૧૧માં (તા. ૧૧-૧૧-'૧૧ના રોજ) એમણે 'જ્ઞાનમંદિર' નામનું છાપખાનું કાઢયું હતું, જે એ કાળે ઠીક જાણીતું થયું હતું. 'સંયુક્ત કુટુંબની સંસ્થા' વિષે એમણે સારો નિબંધ લખ્યો હતો. બિન્દુભાઈનાં કાવ્યો(તરંગાવલી)નું એમણે સુંદર વિવેચન સાથે સંપાદન કર્યું હતું. 'ગુજરાતી ભાષા અને તે સંબંધી વિચારો' એ વિષય ઉપર નરસિંહરાવના પ્રમુખપણા નીચે ઈ. ૧૮૯૮માં એક મનનીય વ્યાખ્યાન એમણે આપેલું. 'અમદાવાદનો જીવનવિકાસ' તથા 'ગીતમાળા'ના બે ભાગ એમણે પ્રકટ કર્યા છે.

'ગર્ભશ્રીમંત હોવા ઉપરાંત શેરના વ્યવસાયમાં એમની બુદ્ધિ ઠીક ખૂંચી હતી અને જમીનો તથા મકાનોની લે-વેચની પણ એમને એવી જ પકડ હતી. આથી તે સારી એવી સ્થાવરજંગમ મિલકત ધરાવતા હતા, તેમજ શિક્ષકનો વ્યવસાય કરેલો હોઈ તથા ધાર્મિક વલણવાળા હોઈ કેળવણી તથા ધર્મસ્થાનોમાં ધનનો સદ્વ્યય કરતા.

સં. ૨૦૦૭ના શ્રાવણ સુદ ૫(ઋષિપંચમી)ની સાંજે(ઈ. ૧૯૫૧-ના ઑગસ્ટની ૭મી તારીખે) ૭૭ વષની વયે એમનું અવસાન થયું.'*

(*અવતરણવાળા ફકરા શ્રી કે. કા. શાસ્ત્રી લિખિત જીવનરેખામાંથી)

પટેલ સ્મારક વ્યાખ્યાનમાળા'ના ઉપક્રમે ઈ. ૧૯૬૨માં શ્રી મોરારજી દેસાઇએ આપેલા આ વ્યાખ્યાનમાં છેક રામાયણ-મહાભારત કાળથી સ્વરાજ્ય પ્રાપ્તિસુધીમાં ભારતે એકતા માટે સેવેલાં સ્વપ્નો અને સ્વાતંત્ર્ય બાદ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓની છણાવટ કરવામાં આવી છે.(પ્રકાશક: માહિતી ખાતું, ગુજરાત સરકાર, અમદાવાદ; કિં. ૧/–) **પૂર્ણ યોગની સમીક્ષા:** શ્રી અરવિંદ આશ્રમના એક સાધક મણિભાઈ પટેલે આ નાનકડા પુસ્તકમાં શ્રી અરવિંદની અતિમાનસની સાધનાને સરળ ભાષામાં વિશદ રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.(પ્રકાશક: ગુણવંતરાય મહેતા, મુંબાઈ કિં.૧/–) **પત્રાવલિ:** શ્રી અરવિંદનાં બંગાળી શિષ્યા-શિષ્યોને લખાએલા પત્રોનો 'સુંદરમે' કરેલો અનુવાદ: યોગનો પાયો, એની મુશ્કેલીઓ, એના સ્વરૂપના ભાગ, માના આશ્રયમાં વગેરે વિભાગોમાં વહેંચાએલો આ અનુવાદ શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનને સમજવામાં સરળતા કરી આપે છે. (પ્રકાશક: શ્રી અરવિંદ આશ્રમ પ્રેસ, પોંડિચેરી; કિં. ૧/૭૫) **બરફ રસ્તે બદરીનાથ:** પગમાં પગરખાં પણ પહેર્યા વિના બે કામળાભેર સાત દિવસમાં ગોમુખથી બદરીનાથ જઈ આવેલા સાધનવિહોણા સાધુઓના એ કપરા સાહસ-પ્રવાસની તળપદા શબ્દોવાળી પોતાની આગવી શૈલીમાં સ્વામી આનંદે લખેલી રસિક કથા. સાથે અપાએલા એ પ્રવાસમાર્ગના નકશાથી પુસ્તિકા વધુ મૂલ્યવાન બની છે. (પ્રકાશક: બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ; કિં. ૧/૫૦) **ભારત ઇતિહાસ નોંધ:** કાર્લ માકર્સની નોંધનો ભોગીલાલ ગાંધીએ કરેલો અનુવાદ. ઈ.૬૬૪થી ૧૮૫૮સુધીનાભારતનાઇતિહાસની સાલવાર માહિતી આપતું ઉપયોગી પ્રકાશન.(પ્રકાશક: ચેતન પ્રકાશન ગૃહ, વડોદરા; કિં. ૪–૨૫). **લોકશાહી, સમાજવાદ અને સ્વતંત્રતા:** ગાંધીજી, લેનિન, પ્રો. ગાલબ્રેથના આ વિષેના વિચારો ઉપરાંત પોતાના વિચારોની પણ વિશદ રજૂઆત કરતા મૂળ શ્રી રાજગોપાલાચારીના પુસ્તકનો ભોગીલાલ ગાંધીએ કરેલો અનુવાદ. (પ્રકાશક: ઉપર મુજબ; કિં. ૪/૦.) **મહિલા મિત્ર:** 'કુમાર'ના પરિચિત વૈદ્ય લાભશકર ઠાકરનું એક સાર્થનામ ઉપયોગી પ્રકાશન. સ્ત્રીઓના માસિક ધર્મના વિકારો, યોનિરોગો, સગર્ભાવસ્થાના રોગો, છાતીના રોગો, એનાં લક્ષણો અને ઉપાયો ઉપરાંત કુટુંબનિયોજન, ઑપરેશન, સ્ત્રીઓની જાતીયવૃત્તિ વગેરે વિષે રોચક શૈલીમાં સુંદર સભર માહિતીથી ભરપૂર આ પ્રકાશન સંકોચને કારણે પીડાતી સ્ત્રીઓને કષ્ટમુક્ત થવામાં સહાયરૂપ છે. (પ્રકાશક: નાનુભાઈ નાયક, સાહિત્ય સંગમ, સુરત; કિં. ૬/૦.) **આબાદીનો દેશ:** અમેરિકન પત્રકાર વ્હીલર મૅકલિનના 'લૅન્ડ ઑાવ પ્લેન્ટી'નો જગન્નાથ દેસાઇએ કરેલો અનુવાદ. યંત્રો અને અન્ય સાધનો દ્વારા દેશને ધનધાન્યથી કેવો છલકાવી દીધો છે એની માહિતી

આપતું આ પુસ્તક ઘણી રીતે માર્ગદર્શક છે. (પ્રકાશક: વોરા ઍન્ડ કં. મુંબાઈ. કિ. ૨/૦.) **અમેરિકન લોકોનું અર્થતંત્ર**: અમેરિકન અર્થતંત્રની કામગીરી ને એની ઉચ્ચ ઉત્પાદન શીલતા તથા જીવનધોરણની સિદ્ધિઓ છણતા મૂળ ગેરહાર્ડ કોમ અને થિયોડોર ગેઈગરના અંગ્રેજી પુસ્તકનો રસેશ ઠક્કરે કરેલો અનુવાદ. (પ્રકાશક: ઉપર મુજબ, કિ. ૫/૦). **બાળકોના વિવેકાનંદ**: એમના પ્રેરક અને બોધક જીવનપ્રસંગોનું આલેખન કરતી બાલભોગ્ય શૈલીમાં લખાએલી મૂળ શ્રી વિશ્વાશ્રયાનંદજીની બંગાળી પુસ્તિકાનો શ્રી ચૈતન્યાનંદે કરેલો સરળ ને પ્રવાહી અનુવાદ. પાને પાને રંગીન ચિત્રોવાળી આ પુસ્તિકા ખરે જ જેટલી ઉપયોગી છે એટલી જ આકર્ષક પણ છે. (પ્રકાશક: સ્વામી ભૂતેશાનંદ, અધ્યક્ષ શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ; કિ. ૧/૦) **સામ્યવાદી ચીન**: એ. ડોક બાર્નેટ વૉશિંગ્ટન યુનિવર્સિટીના ઉપક્રમે આપેલાં ત્રણ વ્યાખ્યાનો પરથી જયંતી દલાલે કરેલો અનુવાદ ચીનના આધુનિક પ્રશ્નોની સમીક્ષા કરવા સાથે ત્યાંના રાજકારણ ને અર્થતંત્ર પર પણ સારો પ્રકાશ પાડે છે. (પ્રકાશક: વોરા ઍન્ડ કં. મુંબાઈ; કિ. ૧/૫૦).

પ્રકીર્ણ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદનાં પ્રકાશનો

પરદેશોમાં ભારતીય સંસ્કૃતિ: ઈરાન, ચીન, તિબેટ, જાવા ઈત્યાદિ દેશોમાં ભારતીય સંસ્કૃતિનો પ્રબળ પ્રભાવ પડેલો હોવા વિષેના પુરાવા આપતા તે તે દેશોનાં સાંસ્કૃતિક સ્થાનોનો પરિચય આપતું પુસ્તક. લેખક: નાનુભાઈ દવે; કિ. ૧/૨૫. **ભડલી વાક્યો**: ખ્યાતનામ જોષીએ કરેલા વરતારાઓ વિષેની પ્રચલિત ઉક્તિઓનો પરિચયાત્મક સંગ્રહ. સંપાદક: જેઠાલાલ નારાયણદાસ ત્રિવેદી; કિ. ૦/૪૦ પૈસા. **શ્વેતાશ્વર ઉપનિષદ**: વાસુદેવ મહાશંકર જોષી કૃત સંપાદન; કિ. ૧/૫૦. **વ્યવહાર શોધન**: (સાતમું પુષ્પ) લે. ગોપીજન વલ્લભ શાસ્ત્રી.

બાલગોવિંદ ઍન્ડ કં.નાં પ્રકાશનો

ચીનના હાકેમો: સામ્યવાદી ચીનના સર્જક માઓ ત્સે તુંગ, લ્યુ શાઉ ચી, માર્શલ ચેન યી, ચુ તેહ આદિનો પરિચય આપતી જાણીતા પત્રકાર હરિન શાહ લિખિત પુસ્તિકા. કિ. ૧/૦. **સ્મરણશક્તિ**: શ્રી સંતબાલજીએ ધ્યાન અને એકાગ્રતા દ્વારા સ્મરણશક્તિ કેળવવા બતાવેલા યોગમાર્ગીય ઉપાયો અંગેની પુસ્તિકા. કિ. ૧/૦. **લોકશિક્ષણના પ્રયોગો**: એ વિષેની શ્રી રાજારામની એક માર્ગદર્શક પુસ્તિકા; કિ. ૧/– **ફળાહાર**: જુદાં જુદાં ફળોમાં રહેલાં પ્રજીવકો અંગે સંવાદાત્મક માહિતી આપતી ધીરજલાલ ગજ્જરની એક ઉપયોગી પુસ્તિકા; કિ. ૦/૫૦. **સરળ ગુજરાતી મુદ્રાલેખન**: ગુજરાતી ટાઈપરાઈટિંગ શીખવવા સારુ મહાવરા માટે આપેલા વિવિધ નમૂનાઓનો સંગ્રહ. લેખક: મિસ્રી અને જાની; કિંમત ૨/૫૦.

ઘરગથ્થુ ઔષધ — [૪૩ : દાડમ

સંસ્કૃત કવિઓએ અનેક વાર આ ફલવિશેષનું રૂપ પ્રકટ કર્યું છે. 'માલતીમાધવ'ના કવિ વાનરના મુખને પકવ થઈને ફાટી ગયેલા રાતાચોળ દાડમ સાથે સરખાવે છે. વૃત્તાકાર દાડમને રસિક કવિઓએ 'કુચફલ' એવું નામ પણ આપ્યું છે. આયુર્વેદજ્ઞોએ દાડમમાં નીચે મુજબનાં ગુણકર્મો નોંધ્યાં છે:

દાડમ ઘણું કરીને ખાટું, તૂરું અને મધુર રસવાળું, સ્નિગ્ધ, ઉષ્ણવીર્ય, ઊલટીને મટાડનાર, હૃદયને પ્રિય અને હિતકર, વાયુનાશક, ગ્રાહિ, અગ્નિને પ્રદીપ્ત કરનાર તથા પિત્ત અને કફને ન વધારનાર છે. જો દાડમ તૂરું તથા ખાટું હોય તો પિત્ત અને વાયુનો પ્રકોપ કરે છે; ગળ્યું દાડમ પિત્તનાશક અને ઉત્તમ ગણાય છે. સુશ્રુતે મીઠા દાડમને ત્રણે દોષોનો નાશ કરનારું કહ્યું છે. ભાવમિશ્રે પણ મીઠા દાડમની પ્રશંસા કરી છે. એ કહે છે કે મીઠું દાડમ ત્રિદોષનાશક, શુક્રવર્ધક, મેધાપ્રદ અને બલપ્રદ છે. વળી તરસ, બળતરા, તાવ અને હૃદય, કંઠ તથા મુખના રોગોનો નાશ કરનાર છે.

ઝાડા

દાડમ ગ્રાહિ હોવાથી અતિસારનું એક ઉત્તમ ઔષધ છે. મધુર રસવાળું દાડમ કોઈ પણ દોષથી થએલા ઝાડામાં પ્રયોજવાથી લાભ થાય છે. શાર્ઙ્ગધરે એક ઉત્તમ પુટપાક પ્રયોગ બતાવ્યો છે. પાકાં દાડમ પર ચીકણી માટીનો બે આંગળ લેપ કરી અગ્નિના ભઠ્ઠામાં મૂકી દેવું. લાલચોળ થઈ જાય એટલે કાઢીને માટી દૂર કરી દાડમને વસ્ત્રમાં મૂકી દબાવીને કે યંત્રપીડનથી રસ કાઢી લેવો. આવો સ્વરસ સાદા સ્વરસની અપેક્ષાએ પચાવામાં હલકો છે. તે અગ્નિને પ્રદીપ્ત કરે છે અને ઝાડાને બાંધે છે. મધુર રસ બલપ્રદ પણ છે.

શાર્ઙ્ગધરે અતિસાર માટે પ્રસ્તુત કરેલું એક 'લઘુ દાડિમાષ્ટક ચૂર્ણ' આ પ્રમાણે છે: દાડમના સૂકા દાણા ૮ તોલા, સાકર ૪૦ તોલા, તજ-તમાલપત્ર અને એલચી એ ત્રણ થઈને ૪ તોલા, સૂંઠ, મરી અને પીપર એ ત્રણે ચાર ચાર તોલા લઈ આ આઠે ચીજોનું સૂક્ષ્મ ચૂર્ણ બનાવી ભરી લેવું. આ ચૂર્ણ રુચિકારક, અગ્નિવર્ધક, કંઠવિશોધક, મળને બાંધનાર તથા ખાંસી અને તાવને મટાડનાર છે. ઝાડાના દર્દીએ મોળી છાશના અનુપાનથી સવાર-બપોર ને સાંજ બે બે વાલ ચૂર્ણનું સેવન કરવું. આ ચૂર્ણ પિત્તાતિસારમાં લાભદાયક નથી.

લોહીના ઝાડા

લોહીના ઝાડામાં કડાછાલ અને દાડમના ફળની છાલ ચાર રૂપિયા ભાર લઈ આઠગણા પાણીમાં એને પકવ કરવી. પાણીનો આઠમો ભાગ બાકી રહે એટલે ઉતારી ઠરી ગયા પછી ગાળી લઈ અર્ધો તોલો મધ મેળવીને સવારે તથા સાંજે પાંચ વાગ્યે એમ બે વખત પીવા આપવું. ભયંકર રક્તાતિસારનો આ ઉત્તમ ઘરગથ્થુ ઉપાય ભાવમિશ્રે બતાવેલો છે.

અરુચિ

તાવમાં ઉપવાસને કારણે અરુચિ થઈ જાય છે. ચક્રદત્તે રુચિના પ્રાદુર્ભાવ માટે એક સરળ પ્રયોગ રજૂ કર્યો છે. દાડમનો રસ સિંધવ અને મધ એ ત્રણેના મિશ્રણને મોંમાં રાખવાથી અસાધ્ય અરુચિ દૂર થાય છે. બગસેને તાવમાં મોં બગડી ગયું હોય તેને માટે દાડમ ને સાકરની ચટણી મોંમાં રાખવાનું સૂચવે છે.

નસકોરી

દાડમનાં ફૂલ તથા લીલી ધરોને પથ્થર પર છૂંદી થોડું પાણી મૂકી વસ્ત્રથી દબાવીને નાકમાં બે બે ટીપાં મૂકવાથી થોડા સમયમાં જ રક્તસ્રાવ બંધ થાય છે. એકલા દાડમનાં ફૂલના રસનો પ્રયોગ પણ લાભદાયી બને. આ પ્રયોગ ચરકનો છે. હરસમાં લોહી પડતું હોય તો એમાં દાડમની છાલનું તક્ર (છાશ) સાથે ચરકે સેવન સૂચવ્યું છે. દાડમની છાલ અર્ધો તોલો લઈ એના ત્રણ સરખા ભાગ કરી સવારે, બપોરે અને સાંજે એકએક ભાગ લસોટીને છાશ સાથે મિશ્રિત કરીને લેવો. મોંમાંથી રક્તસ્રાવ થતો હોય એમાં પણ લાભદાયી છે.


કૃમિ

દાડમના મૂળની છાલ ઉત્તમ કૃમિનાશક છે. એક થી બે તોલા છાલનો કવાથ ખાલી પેટે આપવો. એ દિવસે ખાવા ન આપવું. બીજે દિવસે સવારે રેચ આપવો; એથી ચપટા કૃમિ (ટેપ વર્મ) મરી જઈને નીકળી જાય છે.


લાભશંકર ઠાકર

બાલકૃષ્ણ પટેલ

શ્રી રવિશંકર રાવળની કલાશાળામાં પાઠ લઈ તૈયાર થએલા અનેક કલાકારોમાં બાલકૃષ્ણ પટેલ પણ એક છે. ૧૯૨૭માં અમદાવાદમાં જન્મ. બચપણથી જ ચિત્રકળા પ્રત્યે અભિરુચિ હોઈ મૅટ્રિક સુધી અભ્યાસ કરી રાત્રે મિલમાં નોકરી કરતા જઈ એમણે દિવસે કલાની સાધના કરવા માંડી ને તસવીરની ચિત્રણા પર સારો હાથ જમાવ્યો. આગળ જતાં મિલની નોકરી છોડી દઈ પોર્ટ્રેટ પેઇન્ટિંગ જ કરવા માંડયું ને એમાં સારી સફળતા મેળવી. એક વર્ષ વડોદરાની ફાઈન આર્ટસ કૉલેજમાં શ્રી બેન્દ્રે પાસે નૉન કૉલેજિયન વિદ્યાર્થી તરીકે મૉડર્ન પેઇન્ટિંગનો અભ્યાસ પણ કર્યો. ત્યાર પછી અવારનવાર તેઓ ચિત્રપ્રદર્શનોમાં





વાંસની શરીરરેખા શિંગડાં અને પગ, ફૂમતું બાંધેલા રાંઢવાની પૂછડી, લાકડાની ચીપોની ખૂંધ, ઈંઢોણીની આંખ અને પગલૂછણિયાની ઝૂલ ઓઢાડી બનાવેલા આ 'વૃષભ' ને એવાં જ સાધનો વાપરી બનાવેલો 'ગોકળી'.




પોતાની કૃતિઓ રજૂ કરતા રહ્યા છે. પાંચેક વર્ષ ટેક્સ્ટાઈલ આર્ટિસ્ટ તરીકે પણ કામ કર્યું છે. 'ઍબ્સ્ટ્રેક્ટ' ચિત્રો પર પણ એમને સારી ફાવટ છે. ૧૯૫૭માં દિલ્હીની લલિતકલા અકાદમીનો કૉમેન્ડેડ ઍવોર્ડ મેળવ્યો. ૧૯૫૯માં મુંબાઈની જહાંગીર આર્ટ ગૅલેરીમાં 'વન-મૅન શૉ' પણ કર્યો. આજે એમનાં ચિત્રો કેટલાક સંગ્રહોમાં સચવાયાં છે. કલાના અવનવા પ્રયોગો કરવામાં એમને ઊંડો રસ છે. આ રીતે છેલ્લે અમદાવાદમાં ભરાએલા 'કૃષિમેળા'માં ગુજરાત રાજ્યના મંડપ માટે એમણે સર્જેલી કૃતિઓ અહીં આપી

નીચે ડાબી બાજુથી. સૂપડું, તાવડી, વાંસ અને તેની ચીપો, સૂતળી ને ઘાસની સાદડી વાપરીને બનાવેલી 'ગ્રામનારી'; સીંદરી, તાવડી, વાંસ, રંગેલી સૂતળી ને પાણકોરાના ટુકડાઓથી બનાવેલી 'રબારણ' અને છેલ્લે એક ટોપલી, છેડે મણકા ને કોડી બાંધેલી દોરીઓ સિવાય બાકી બધું વિવિધ પ્રકારનાં 'બ્રશ' વાપરીને કરેલી માનવ-આકૃતિની આ કૃતિઓમાં બાલકૃષ્ણે દાખવેલી કલાચાતુરી વરતી શકાય છે. અહીં તો એની એકરંગી છાપો જ આપી શકાઈ છે, પણ અસલ કૃતિઓ એના મોટા કદ અને રંગવૈવિધ્યને લીધે ઓર દીપે છે.







છે. એમાં એમણે રોજિંદા વપરાશની— વાંસ, દોરી, સાદડી, ઈંઢાણી, તાવડી, કોડિયાં, કોડી, પગલુછણિયાં વગેરે જેવી મામૂલી ચીજોનો જ ઉપયોગ કર્યો છે. ખેડૂતના ગ્રામજીવનનો ચિતાર આપતું એક મોટું ચિત્ર પણ એમણે આ મંડપ માટે આલેખ્યું હતું. આ અંકના પાછલા પૂઠામાં તે આપ્યું છે. એના પરથી બાલકૃષ્ણ પટેલની ચિત્રણા વિષેનો ખયાલ આવી શકશે.

←ભાલાળો અસવાર અને મોર. અહીં પણ બાલકૃષ્ણે એ જ વાંસ, ટોપલી, ફૂમતાં, કાપડ, તાવડી ને તાંસળી જેવી ચીજો વાપરીને જ સરજત કરી છે.

ચીતરવાનું સહેલ છે [૩] પર્સ્પેક્ટિવના નિયમો

ચિત્રકાર્યના કોઈ પણ પાઠ પામ્યા ન હોય તેમને સાદું ખોખું ચીતરવાનું પણ મુશ્કેલ લાગે છે. તેનું કારણ હાથે લીટી પાડવાની અશક્તિ નથી, પણ સામેનો પદાર્થ સંપૂર્ણપણે જોવાની ટેવનો તેમનામાં અભાવ હોય છે. આપણે દરેક જણ આંખનો દરેક વખતે પૂરો ઉપયોગ કરી જાણતા નથી. જે જોઇએ છીએ તેનો ઉપરચોટિયો સંકેત પકડી લઇએ છીએ. આથી આપણી કેળવણી અને જ્ઞાન પાંગળાં રહે છે.

મનની એવી અધૂરી નોંધના કારણે આપણે ફરી વાર તેની શબ્દોથી કે ચિત્રથી રજૂઆત કરી શકતા નથી. દરેક પદાર્થને ઊંચાઈ પહોળાઈ ઊંડાઈ અંતર અને વિવિધ સપાટીઓ હોય છે. તે ઉપરાંત તેને રંગ અને લીસું કે ખરબચડું સ્તર, પટ કે પોત (ટેક્સ્ચર texture) હોય છે. એ બધાંનાં સંયોગથી આકાર બને છે. આકારનું સર્વાંગ જ્ઞાન કે સ્મૃતિ પામવાને સભાનપણે તેનું નિરીક્ષણ કે દર્શન કરવાની જરૂર છે. જેઓને જન્મથી આવાં અવલોકનની ટેવ પડી હોય તેઓ સહજમાં ચિત્રો કરે છે. ઘણા તેને ઈશ્વરી બક્ષિશ કહે છે. છતાં અન્ય કોઈ પણ એવી ટેવ કેળવીને આકારનું ચિત્ર કરવાની શક્તિ મેળવી શકે છે. આ શક્તિ માણસની શબ્દ શક્તિને પણ વિશેષ પ્રભાવ આપે છે.

ચિત્રપટ ૩માં જે નમૂના આપ્યા છે તે પર વિચાર કરી આકારોનાં સ્વરૂપ ચિત્રમાં ઉતારવાનું જે કોઈ ધારે તે કરી શકે છે. આની નકલ ન કરતાં ચિત્રપટમાં ચિત્ર કરવા માટે જે જે નિયમ પર ધ્યાન આપવું જોઇએ તેનો સંકેત બતાવેલો છે. તમે બેઠા હો ત્યાંથી તમારી આંખ સામેના પદાર્થો આંખની સપાટીથી ઉપર કે નીચે જમીન પર ગોઠવેલા દેખાય છે. પદાર્થનો કોઈ ભાગ કે ખૂણો આંખથી નજીક કે દૂર જાય છે. જમીનનો પટ સપાટ હોવા છતાં તેનો દૂર જતો ભાગ સંકડાય છે. તેની ખાતરી કરવા એક ચોરસ પૂઠામાં એક ગાળો કોરી લાંબા કરેલા હાથમાં પકડી આંખની સામે ઊંચુંનીચું કરીને જોશો તો આંખની સીધી સપાટી પર માત્ર એક રેખા દેખાશે. ઉપર નીચે કરી જોશો તો પહોળાઈ એકની એક રહેતી જણાશે. જ્યારે દૂર-નજીકની બાજુઓમાં વધઘટ થશે. પ્રત્યક્ષ ક્રિયાથી જ આ વાત વધુ સરળતાથી સમજાશે.

વસ્તુઓની પહોળાઈ ઊંચાઈ કે વળાંક સમજવાને પેનસિલ કે એકાદ પટ્ટીને તમારી ચાર આંગળીમાં સ્થિર કરી અંગૂઠો ફરતો રાખી દૂરનાં માપો લેવાં ને તેને એકબીજા સાથે સરખાવીને પ્રમાણો જાણવાની તરકીબ શીખી તેનો મહાવરો પાડવાની બહુ જરૂર છે. લાંબે ગાળે તમારી આંખ એવી તાલીમ પામશે કે તમે નજરથી બમણું કે અનેક ગણુ, ત્રાંસું સીધું પહોળું લાંબું કહી શકશો. ચોકસાઈ કરવા માટે પેનસિલ આંખની સામે પકડી પદાર્થની રેખાઓ કે પ્રમાણો ચકાસી જોવામાં આળસ રાખશો નહિ.

સમાંતર રેખાઓ દૂર જાય છે તેમ એક બિંદુમાં મળે છે. તેને લીધે સપાટી પ્રમાણે ગોળ આકૃતિઓ, ચોરસો અને બીજા પદાર્થોમાં શા ફેરફારો થાય છે તે આ ચિત્રપટમાં પ્રત્યક્ષ કરવા પ્રયત્ન કર્યો છે. અભ્યાસીએ તેની નકલ ન કરતાં એવા જ પદાર્થો બતાવ્યા પ્રમાણે ગોઠવી તેનું ચિત્ર કરવું અને પોતાના ચિત્રને આ નમૂનાઓ જોઈ સુધારવું. ચોરસના અને ગોળના નિયમો સપાટી વિષે તથા પ્રમાણો વિષે કેવો સંબંધ ધરાવે છે તે જોશો. એક ઘનની બે બાજુ પરનાં ગોળને ગાડાનાં પૈડાં સાથે કેવી સમાનતા છે તે આકૃતિ જોઇને સમજાશે.


આ રીતે અનેક પદાર્થોમાં ગોળ ગોળો, ચોરસ અને ઘનચોરસ તથા ચાર ખૂણાનું મકાન કે ઘુમટ અથવા પૂલમાં એક સરખા નિયમોનો આધાર છે તે સ્પષ્ટ થશે. એને દષ્ટિનું કેન્દ્રવિધાન કે દૃષ્ટિસંધાન (પર્સ્પેક્ટિવ) કહેવામાં આવે છે.

ઉપર પ્રમાણેના મહાવરાથી આકૃતિઓ બને તેટલી મોટી કરવી. કાગળમાં સમાય તે વસ્તુઓ મૂળ માપની જ કરવી. અને માપ અને પ્રમાણ સાચવી ચિત્ર કરી શકો તે પછી મૂળ વસ્તુ પરની ભાત છાપ નકશી વગેરે વિગતો ધીરજથી દાખલ કરવી.

(આ ચિત્રપટના આધારે મહાવરો કરનારા કોઇએ પોતાના પ્રયત્નોના નમૂના સાથે પોતાની મુશ્કેલીઓની ચોખવટ મેળવવા વળતા પોસ્ટવાળા કવર સાથે અમને લખી મોકલવાથી તેને વધુ વિગતવાર માર્ગદર્શન આપવામાં આવશે.)

ભાષાન્તર-નિધિ

અન્ય ભાષાઓની પ્રશિષ્ટ અને શ્રદ્ધેય કૃતિઓના ગુજરાતીમાં અનુવાદ કરાવીને પ્રગટ કરવાના ઉદ્દેશથી ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજ્યે ભાષાન્તર-નિધિ (ટ્રાન્સલેશન ટ્રસ્ટ)ની રચના કરેલી. શ્રી જાદવજી મોદીના પ્રમુખપદે અને શ્રી ડોલરરાય માંકડના મંત્રીપદે ચાલતી આ સંસ્થાના ટ્રસ્ટીમંડળમાં શ્રી જેઠાલાલ જોષી, શ્રી મનુભાઈ પંચોળી અને શ્રી જે. બી. સૅન્ડિલ પણ છે. નિધિએ અત્યાર સુધીમાં પાંચેક પ્રકાશનો કરેલાં છે. દેશ વિદેશની ભાષાઓમાં પ્રગટ થએલા મૂલ્યવાન વિચાર-સાહિત્યને પોતાના અનુવાદ-કાર્યક્રમમાં સામેલ કરવા અંગેનાં સૂચનો (નીચેને સરનામે) નિધિ જરૂર આવકારશે: શ્રી ડોલરરાય માંકડ, મંત્રી: ભાષાન્તર-નિધિ, ગંગાજળા વિદ્યાપીઠ, અલીઆબાડા (જિ. જામનગર, સૌરાષ્ટ્ર).



ચીતરવાનું સહેલ છે (૩): આ ચિત્રપટમાં પર્સ્પેક્ટિવના નિયમો સમજાવ્યા છે. કોઈ પણ આકારની, આંખથી દૂર જતી રેખા સંકડાતી દેખાય છે. દૂરના પદાર્થની લંબાઈ-પહોળાઈ વગેરેના પ્રમાણ જોવા હાથમાં પેનસિલ કે પટ્ટી કઈ રીતે પકડવી એ આ પટમાં જમણી બાજુના મથાળે ખૂણામાં દર્શાવ્યું છે. દૃષ્ટિરેખાથી ઉપર કે નીચેની સપાટી કે આંખથી દૂર જતી રેખાઓ કઈ રીતે વંકાય છે એ જમણી બાજુના નીચેના ખૂણામાંની દેરીની આકૃતિ પરથી સ્પષ્ટ થશે. આ જ નિયમ આંખ સામેના પ્રત્યેક આકારોની બાબતમાં પણ એકસરખો લાગુ પડે છે.

'રસનાં સર્જન એટલે રસોઈ. રસ શબ્દમાંથી
રસોઈ શબ્દ રચાયો છે; અને
રસોઈ શબ્દમાંથી રસોયણ
શબ્દ ઘડાયો છે.
નિત્ય નિત્યે નવ સૃજન
સરજાય તે રસોઈ.'–કવિ નાનાલાલ

'આહાર અને આરોગ્ય'ની લેખમાળાનો ચોસઠમો હપતો

લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

રાંધવાની અસર

આદિ માનવની પ્રથમ શોધ અગ્નિ પેટાવવાની છે તો તેની મહાન સિદ્ધિ ખોરાક રાંધવાની છે. સકલ પ્રાણીસૃષ્ટિમાં માનવી એકલાને જ હાસ્ય કરવાની શક્તિ વરેલી છે તેમ તેની બીજી વિશિષ્ટતા ખોરાક રાંધીને ખાવાની છે. રાંધવામાં કળા અને વિજ્ઞાન બંને સમાવિષ્ટ છે અને સારી રસોઈ બનાવવામાં જ્ઞાન અને ચાતુરી રહેલાં છે. ખરાબ હવાની જેમ ખરાબ ખોરાકથી તન અને મનનું આરોગ્ય જળવાતું નથી. ભૂખ્યા ને થાકેલા માણસનાં ચીડ ને કકળાટ પેટ ભરીને ખાધેલા ખોરાકથી શમે છે. આમ, આહારનો હેતુ પરિપૂર્ણ થવામાં રાંધવાનો મોટો હિસ્સો છે.

બધી જાતનાં ફળ અને થોડાં શાકપાન સિવાયના બધા ખોરાકો, શૂક ને શિંબી ધાન્યો તથા માંસમચ્છી કાચાં ખવાતાં નથી. પ્રાગૈતિહાસિક માનવી માંસ પકવવાના ફાયદા જાણતો હોવાના પુષ્કળ પુરાવા છતાં ય શૂક ધાન્યો સૌપ્રથમ રંધાયાં હોવાનું હચિન્સનનું કહેવું છે. રાંધવાથી ખોરાકનો દેખાવ સુધરવા સાથે એમાં નવા સ્વાદ ને સોડમ ઉમેરાય છે, તે રુચિકર બને છે, સહેલાઈથી ચવાય છે, પચનીય બને છે અને તે ખાતી વખતે પાચકરસ વધારે સ્રવવાથી સહેલાઈથી પચે છે. અરે, પ્રાણીઓ પણ તેમનો ખોરાક રાંધેલો પસંદ કરતા હોવાનું હચિન્સનનું કહેવું છે. વધારે પ્રમાણનાં પ્રોટીન કે કાર્બોહાઇડ્રેટધારક માંસમચ્છી ને દૂધમાં વસતાં જીવાણુઓ તાપથી નાશ પામવાથી તે જલદી બગડતાં નથી. વળી; માંસના ઘણા ભયાનક પરોપજીવી જીવો અને બોટુલિસ જીવાણુઓએ ઉપજાવેલું ઝેર પણ નાશ પામે છે; જેથી માંસાહારી ખાદ્યો ખાવાલાયક બને છે. શાકપાનમાં વસતાં રોગજનક જંતુઓ અને કૃમિનાં ઇંડાં ગરમીથી નાશ પામે છે. પચવામાં કઠણ કેટલા ય વનસ્પતિજ પદાર્થો રંધાવાથી પોચા બને છે, પ્રોટીન ખોરાકો વધારે સ્વાદિષ્ટ અને પચનીય બને છે. રાંધવામાં મુખ્ય બાબત ખાદ્યને ગરમી આપવાની છે. એટલે ખોરાકના વિવિધ રાસાયણિક ઘટકો ઉપર થતી તેની અસરો વિષે જાણવું મહત્ત્વનું છે.

ગરમીથી ખોરાકના કોઈ એક ઘટકને વિશેષ અસર પહોંચતી હોય તો તે સ્ટાર્ચને છે. વનસ્પતિજન્ય પદાર્થો સ્ટાર્ચથી ભરપૂર છે. રાંધવાથી તે ફૂલી અને છેવટે ફાટે છે; જેથી લાળના પાચક રસો તેમાં પ્રવેશી તેને પચાવી શકે છે. તાવડી કે તવાના સૂકા તાપથી સ્ટાર્ચ દ્રવણશીલ બની છેવટે ડેક્સટ્રીનમાં પરિણમે છે, જે ભાખરી કે રોટલાની કપોટી(પોપડી)માં થોડા અંશમાં દેખાય છે. કેટલાક સ્ટાર્ચમય ખોરાકના કણ થોડી ગરમીએ ફાટે છે.

કાર્બોહાઇડ્રેટનો એક પ્રકાર સ્ટાર્ચ છે તો બીજો શર્કરા છે. રાંધવાથી આ ઇક્ષુશર્કરા સહેલાઈથી પચે એવા ગ્લુકોઝ અને ફળશર્કરામાં પરિણમે છે. વળી, શર્કરાનું કંઈક દગ્ધશર્કરામાં રૂપાંતર થવાથી ખોરાકમાં સ્વાદ ઉમેરાય છે.

ગરમીથી ઘણાં પ્રોટીનો ઘટ્ટ (કૉએગુલેટ) થાય છે. વધારે તાપથી પ્રાણીજ ખોરાકનાં પ્રોટીનો સંકોચાય છે. પણ ખોરાકની ચરબી ઉપર ખાસ અસર પડતી નથી. ગરમ થએલી ચરબીમાંથી પાણી જવાથી ઠંડી પડતાં તે દાણાદાર અને વધારે પચનીય બને છે.

અનાજ ઉપર રાંધવાના સંસ્કારના ઘણા લાભ છે. તો થોડાંક પોષણદ્રવ્યો નાશ પામવાના ગેરલાભ પણ છે. રાંધવાથી કેટલાંક પોષણદ્રવ્યોનો ઝડપી નાશ થાય છે તો ભીનાશ અને ચરબી દૂર થવાથી બીજાં સંઘટિત થાય છે. બધાં 'બી' વિટામિનો, વિટામિન 'સી' અને થોડાંક ખનિજ દ્રવ્યો પાણીમાં દ્રાવ્ય છે. પાણીનું પ્રમાણ રાંધવામાં જતો સમય અને રંધાતા ખોરાકના ઉઘાડા રહેવાના પ્રમાણમાં આ પોષણ દ્રવ્યો જળવાય છે. પોષણ દ્રવ્યો જાળવવા: (૧) પાણીનું પ્રમાણ ઓછું રાખવું, (૨) રાંધવાનો સમય ઓછો કરવો અને (૩) રંધાતો ખોરાક બને એટલો ઢાંકી રાખવો જોઇએ.

રાંધવામાં પાણીના પ્રમાણનું મોટું મહત્ત્વ છે. જો શાકપાન વધારે પાણીમાં રંધાય તો એમાં ઓગળેલાં વધારે પોષક દ્રવ્યોનો નાશ થાય છે. હા, શાક સાથે એ પાણી ખવાય તો એમાં રહેલું મોટા ભાગનું વિટામિન 'સી' ખાધામાં આવે છે. પાણીવાળું શાક વધારે સમય પડી રહેવાથી કે ફરી ગરમ કરવાથી પાણીમાંથી થોડા વિ. 'સી' અને થિયામિનનો નાશ થાય છે, પણ એમાંનાં ખનિજદ્રવ્યો તો કામ લાગે છે.

શોષાય એટલા જ પાણીમાં શૂક ધાન્યો રાંધવાથી એમાંથી માત્ર ૫ થી ૧૦ ટકા થિયામિનનો નાશ થાય છે. ભાત ઓસાવી તેનું ઓસામણ ફેંકી દેવામાં આવે તો ચોખામાં રહેલા થિયામિનનો મોટો ભાગ તેમજ બીજાં જલદ્રાવ્ય ખાદ્ય પ્રાણો પણ વેડફાઈ જાય છે. માત્ર આ ઓસામણ ઉપર જીવીને આર્કોટના ઘેરા વખતે ભારતીય સૈનિકોએ દિવસો સુધી સફળતાથી ફ્રેન્ચ સૈનિકોનો સામનો કર્યાનો ઇતિહાસ જાણીતો છે. ભાત ઓસાવવો જ હોય તો ઓસામણને ખાળે ઢોળી દેવા કરતાં તેને દાળમાં નાખવું હિતકર છે.

રાંધતાં અગાઉ પાણીમાં ચોખા પલાળી રાખવાથી તેમજ ઘસીઘસીને ધોવાથી 'બી' વિટામિનોનો નાશ થાય છે. એક વાર ચોખા ધોવાથી હાથછડના ચોખામાંથી ૧૦ ટકા અને પૉલિશ ચોખામાંથી ૨૫ ટકા થિયામિન ધોવાય છે. ત્રણ વાર પૉલિશ ચોખા ધોવાથી ૫૫ ટકા અને હાથછડમાંથી ૨૫ ટકા થિયામિનનો તથા ૧૦ થી ૧૫ ટકા રિબોફ્લેવિન અને નિયાસીનનો નાશ થાય છે.

રાંધવાથી ધાન્યનું કાષ્ઠક આવરણ પોચું પડી ફાટે છે અને સ્ટાર્ચના કણોનું રૂપાંતર થાય છે. રાંધવાની ગરમી અને ભીનાશથી સ્ટાર્ચના કણો ફૂલી તેમનું આવરણ તૂટીને તે એકઠા મળી લોંદો બને છે. આ લોંદો વિસ્તૃત થવાથી કણો જેમાં સમાયેલા છે તે કાષ્ઠક આવરણ તૂટે છે. ગરમીથી અનાજનાં પ્રોટીનો ઘટ્ટ થઈ સંકોચાય છે. જો કાષ્ઠક આવરણમાં એકલાં પ્રોટીનો હોત તો તે ફાટત નહિ અને રાંધવાથી તેમનું પાચન સરળ ન બનત પણ કઠોળમાં પુષ્કળ પ્રોટીનો સાથે સ્ટાર્ચ પણ હોવાથી, તે ફૂલવાથી કાષ્ઠક આવરણ તૂટે છે. આમ રાંધવાથી કઠોળનું પાચન સરળ બને છે. રાંધવા સિવાય દળવાથી પણ કાષ્ઠક આવરણ તૂટે છે અને અનાજના ખાદ્ય પ્રાણોમાં પાચક રસો પ્રવેશી શકે છે.

પાણી શોષાવા, કુમાશ પકડવા, સ્ટાર્ચનું પ્રોટીનમાં રૂપાંતર કરવા,

તેમનું પાચન સરળ બનાવવા અને સ્વાદ સુધારવા શૂકધાન્યો રાંધવાનાં છે. ચોખા રાંધતી વખતે તેમાં એટલું જ પાણી વાપરવું કે તે ચડી રહ્યા બાદ થોડું પણ પાણી ન વધે. સરસ રંધાએલો ભાત પોચો સુંવાળો અને છુટ્ટો હોવો જોઇએ.

લાંબા વખત સુધી તાપ ઉપર રાખવાથી ખોરાકમાં પોષણદ્રવ્યો વધારે નાશ પામે છે. પાણી ઊકળતા સુધી ઠંડા પાણીમાં રાખી ચૂલા ઉપર મૂકેલાં બટાટામાંથી વિ. 'સી'નો મોટો ભાગ નાશ પામે છે. કોઈ આથવણના ક્રિયાથી થતો આ નાશ તાપની શરૂઆતમાં વધે છે પણ પાણીના ઉકળબિંદુની ગરમીએ આથવણનો નાશ થવાથી બંધ પડે છે. ઊકળતા પાણીમાં બટાટા, સરગવો ને ગુવારની શીંગ, પાપડી ને તુવેરના બીયાં બાફવા મૂકવાથી વિ. 'સી'નો ઓછો નાશ થવા સાથે તે જલદી બફાય છે. છૂંદેલાં ને રંધાયાં પછી બટાટા ગરમ ચૂલા ઉપર રાખવાથી વિ. 'સી'નો જલદી નાશ થાય છે.

પોષણદ્રવ્યો જળવાઈ રહે, ખાસ કરીને વિ. 'સી' ઓછામાં ઓછું નાશ પામે એવી રીતે શાકભાજી રાંધવાની એક રીત વરાળથી બાફવાની, બીજી રીત પ્રેસર કુકરમાં રાંધવાની અને ત્રીજી રીત સજ્જડ ઢાંકણાથી ઢાંકેલા વાસણમાં શાક બળી ન જાય એટલા થોડા પાણીથી જલદી રાંધવાની છે. પોષણદ્રવ્યો જાળવવા મોંઘા સાધનો વસાવવાની કોઈ જરૂરત નથી. સજ્જડ આવી રહે ને વરાળ જતી ન રહે એવા વજનદાર ઢાંકણાવાળું વાસણ શાકપાન રાંધવા માટે યોગ્ય નીવડે છે.

બીજા બધા ખોરાકો કરતાં શાકપાન રાંધવામાં પોષણ-દ્રવ્યોને વધારે નુકસાન થવાનો સંભવ છે. રંગ કુમાશ અને સ્વાદની દૃષ્ટિએ બધાં શાક બને એટલા થોડા સમયમાં રાંધવાનાં છે. વધારે પડતાં રંધાવાથી તે ઓછાં મિષ્ટ લાગે છે. પાણીથી અગર તો શાકના જ રસની વરાળથી રંધાએલા શાકમાં, તેનાં રંગ સોડમ સ્વાદ ને આહાર મૂલ્યો જળવાય છે. વધાર કરતી વખતે વધારે તાપ ઉપર શાક રાખ્યા બાદ તે ચડતા સુધી ધીમા તાપ ઉપર રાખવું. પાલખ જેવી ભાજીઓ અને કુબિજને પાંચ મિનિટથી વધારે ન રાંધવાં. લીલોતરી શાકપાનમાં આવેલું એક આથવણ વિ. 'સી'નો નાશ કરે છે. ભાજીનાં પાન કરમાય કે છૂંદાય ત્યારે આથવણ વિટામિનના સંબંધમાં આવે છે. આથવણ વિના પણ સોડા અને તાંબાની હાજરીમાં વિટામિનનો નાશ થાય છે. વળી પાણીમાં આ વિટામિન ઓગળે છે, એટલે રાંધતાં અગાઉ ભાજી કે શાક ન સમારવાં. તે જલદી રંધાય એવું કાપવું પણ બહુ ઝીણું ન સમારવું જેથી આથવણ સુગમતાથી વિટામિનમાં ભળે. પંદર-વીસ મિનિટથી વધારે સમય કોઈ પણ શાક ચૂલા ઉપર ન રાખવું. રાંધ્યા પછી જેટલું બને એટલું વહેલું શાક ખાવું. યોગ્ય રીતે રંધાએલા શાકમાં પોણા ભાગનું વિ. 'સી' જળવાય છે, અયોગ્ય રીતે રંધાએલામાં પા ભાગનું રહે છે. વળી, રાંધવા દરમિયાન ખોરાકના દ્રાવ્ય ઘટકોનો નાશ અનિવાર્ય છે. વનસ્પતિજ ખોરાકમાં ખનિજદ્રવ્યોનો ખાસ કરીને પોટાશિયમ ને મૅગ્નેશિયમ ક્ષારોનો નાશ ઘણો વધારે છે. લોહ ને કૅલશ્યમને ખાસ અસર નથી થતી.

રાંધવાથી લીલોતરી શાકનાં કૅરોટિન (વિ. 'એ'નું પૂર્વરૂપ)નો થોડોક જ નાશ થાય છે. શૂકધાન્યોના લોટમાંથી ઘણી વાનીઓ બને છે. શૂકધાન્યોમાંથી ઘણાં પોષણદ્રવ્યો ખાસ કરીને, પ્રોટીન લોહ અને 'બી' વિટામિનો મળે છે. શૂકધાન્યો ઘણી રીતે રંધાય છે. દરેકમાં તેનાં પોષણમૂલ્યો નાશ પામે છે, પણ તે થોડા પ્રમાણમાં. આમાં મહત્ત્વનો નાશ પાણીમાં દ્રાવ્ય એવા થિયામિનનો થાય છે.

શૂકધાન્યો રાંધવામાં સામાન્યતઃ શેકવાની ક્રિયા થાય છે. આ રાંધવામાં જતો સમય, ગરમી અને ખોરાકની ખુલ્લી સપાટીના પ્રમાણમાં વાનીમાં થિયામિનો જળવાય છે. ઘઉંમાં બેકિંગ પાવડર કે સોડાનાં પ્રમાણ પણ આને અસરકર્તા છે. સામાન્યરીતે પાંઉમાં ૧૭ થી ૨૫ ટકા અને કેઇકમાં ૨૦થી ૩૦ ટકા થિયામિન નાશ થતું હોવાની ગણતરી છે. પાંઉની પાતળી સ્લાઇસમાંથી ટોસ્ટ બનાવતાં વધારે નાશ થાય છે. રિબોફ્લેવિનને તાપની ખાસ અસર નથી, પણ પ્રકાશ અસર કરે છે. એટલે રોટલાભાખરી રોટલીને ઢાંકી રાખવાં જોઇએ.

કડક પાણીમાં કુદરતી રીતે રહેલા કૅલશ્યમ અને મૅગ્નેશિયમ ક્ષારો અને કદીક લોહથી વટાણા વાલ ચડતા નથી કે ચડતાં વાર લાગે છે. નરમ પાણીમાં તે જલદી ચડે છે. કડક પાણીમાં થોડો ખારો (સોડિયમ બાય કાર્બોનેટ) નાખવાથી કડક પાણી નરમ બનવાથી વટાણા-વાલ ચડે છે. વધારે ખારો વાપરવાથી વિ. 'બી'નો નાશ વધે છે.

રાંધવામાં પ્રાણિજ ખોરાકોમાં પાણીનું પ્રમાણ ઘટે છે તો વનસ્પતિજ ખોરાકોમાં ઘણું વધે છે. બીજી રીતે કહીએ તો રાંધવાથી પ્રાણિજ ખોરાકો ઓછા જલીય બને છે, જ્યારે વનસ્પતિજ ખોરાકો સવિશેષ. આ બાબત એમની પચનીયતા ઉપર અસર પાડે છે. રાંધવાથી સંઘટિત બનેલું માંસ પચન માટે પ્રતિકૂળ છે જ્યારે વનસ્પતિજ ખોરાકનું અવમિશ્રણ (ડાલ્યુશન) જલદી પચે છે. આ કારણે હચિન્સન લખે છે 'એકથી વધારે વખત રંધાએલું માંસ પચવામાં ભારે છે. એનાં પ્રોટીનો અતિ સંઘટિત થવા ઉપરાંત એમાં ચરબીનું પ્રમાણ પણ વધે છે. આ બન્ને કારણોથી તે જલદી અને સહેલાઇથી પચતું નથી.'

રાંધવાથી માંસ ઉપર ત્રણ અસરો થાય છે. (૧) ચરબી પીગળે છે. (૨) સંયોજક પેશીઓના સંકોચનથી માંસ ઓસવાઇ જાય છે અને (૩) સંયોજક પેશીના અદ્રાવ્ય કોલાજનનું દ્રવ્ય જીલેટિનમાં રૂપાંતર થાય છે. આથી સારું રંધાએલું માંસ કાચા કરતાં વધારે સુંવાળું બને છે.

માંસનાં પ્રોટીન અતિ ઘટ્ટ ન બને કે સ્વાદિષ્ટ રસો (એક્સ્ટ્રેક્ટિવ) નાશ ન પામે, પણ તે કાચું ન દેખાય એટલા માટે માત્ર લાલરંગીય દ્રવ્ય હિમોગ્લોબિન ફટકી જાય એવા આદર્શથી માંસ રાંધવાની હચિન્સન હિમાયત કરે છે. રાંધવાથી સુંવાળું બનેલું માંસ ભાવે છે, અને સુગમતાથી પચે છે. બાકી વધારે ગરમીથી તે ચિવ્વડ બને છે.

માંસનાં સ્વાદ સોડમ તેમાં રહેલા રસો ને ક્ષારોને આભારી છે. આ બન્ને પાણીમાં જલદી ઓગળે છે એટલે માંસનો રસો ખાવાથી તેમાં ઓગળેલાં દ્રવ્યો પેટમાં જાય છે, પણ જો એકલું માંસ જ ખવાય તો એ દ્રવ્યો વેડફાઇ જાય છે. એટલે માંસ ઢંકાય એટલું જ પાણી તે રાંધવામાં વાપરવું જોઈએ. ઉકાળવાથી (બોઇલિંગથી) વરાળના બાફથી (સ્ટીમિંગથી) કે સ્ટ્યૂઇંગથી માંસ રાંધવામાં ૨૦ ટકા વિ. 'બી-૧'નો ને ૧૦ ટકા કે ઓછો નિકોટિનિક ઍસિડ ને રિબોફ્લેવિનનો નાશ થાય છે.

પાણીમાં માંસના રસો ને ક્ષારો વેડફાઇ જતા હોવાથી તે જળવાય એવી રીતે રાંધવાની ત્રણ રીતો-ભૂંજવાની, શેકવાની ને સીઝવવાની છે. ૮૨ અંશ સેન્ટીગ્રેડ જેટલા ધીમા તાપે ઉકાળવાની રીતમાં નીકળેલું પ્રવાહી માંસ ઉપર જ ઠરે છે અને બીજી રીતોથી રાંધવા કરતાં આમાં સ્વાદ સોડમ વધારે જળવાય છે. આમાં ચિવ્વડ બન્યા વિના પ્રોટીનો ઘટ્ટ બને છે, માંસ કુમળું બને છે, રાંધવામાં બહુ ગરમી લાગતી નથી અને રસો પણ ખાવામાં આવતો હોવાથી માંસના અર્કો પણ ખવાય છે. ઊકાળવાની રીત જેટલો જ તળવામાં વિ. 'બી'નો નાશ થાય છે પણ રોસ્ટિંગમાં વિ. બી-૧માં તો વધારે નાશ થાય છે.

માંસ અને પાણીના પ્રમાણ અનુસાર માંસ અને મરઘાના સૂપમાં લીલોતરી શાક, બટાટા, કઠોળ વગેરે નાખવામાં આવ્યું હોય ત્યારે તે સંપૂર્ણ ખાદ્ય બને છે. જોકે એકલા સૂપમાંથી થોડું પોષણ મળે છે પણ તેનાથી ભૂખ ઉત્તેજાય છે અને ખાણું આકર્ષક બને છે. (ચાલુ)



અશોક હર્ષની ચમકદાર કલમે લખાતાં ચરિત્રોમાંના, એક અજ્ઞાત સમ્રાટના ચરિત્રની વાનગી: માનવ ઇતિહાસનો એક જુગજૂનો જ્યોતિર્ધર અને જગતનો પહેલો એકેશ્વરવાદી ને અહિંસાવ્રતી સમ્રાટ અખનાતન ...ખુદ પોતાનો નાશ કરવા મથનારને પણ દેહાંતદંડ ન ફરમાવનારો, પોતાનું મહારાજ્ય છિન્નભિન્ન થવા છતાં હથિયાર ન ઉપાડનારો ને છતાં માનવહિતની આડે આવતી કોઈ પણ વસ્તુ અળગી કરતાં ન અચકાનારો મીસરી મહારાજ્યનો એ માનવભાવી સમ્રાટ મીસરની સંસ્કૃતિના સૌ પહેલા પુણ્યશ્લોક પુરુષોમાંનો એક હતો.

ઈસુ, મુસા, જરથોસ્ત કે મહંમદ આદિ પયગમ્બરોનો હજુ જન્મ પણ નહોતો થયો ત્યારે આજથી સાડાત્રણ હજાર વર્ષ પર મીસરનો પ્રભાવ કંઈ ઓર જ હતો. સુદાનથી તે સાઈપ્રસ સુધી ફેલાએલા તેના મહારાજ્યની દોસ્તી સાધવા બાબિલોનિયા જેવું પણ ઇંતેજાર રહેતું. આસીરિયનો હજુ ઊગતા હતા, ને રોમનોનો તો પ્રજા તરીકે ગર્ભ પણ નહોતો બંધાયો. દેશદેશથી આવતી ખંડણીથી મીસરનું મહારાજ્ય ત્યારે સમૃદ્ધિને ઝૂલે ઝૂલતું. એ સમૃદ્ધિ કેટલી વિપુલ હતી એ તો એના-શાસક ફારોહોની હાથ લાગેલી કબરો ખોદતાં આજ પણ નજરે ચડે છે. મીસરમાં ત્યારે સમૃદ્ધિ હતી, સંસ્કારિતા હતી, ઐયાશી પણ હતી. પરંતુ એ સાથે એ દેશવાસીઓના માનસમાં એક અતિ ભયાનક માન્યતા રૂઢ થએલી હતી, કે દુનિયાની એકે એક વસ્તુ પાછળ કોઈ અદીઠ એક એક શક્તિ કામ કરી રહી હોય છે, ઝાડ ઊગે છે તો તેની નીચે તેને ઉગાડનાર એક શક્તિ હોય છે; પરોઢે ફૂટતા પ્રકાશ પાછળ વળી બીજી શક્તિ હોય છે; અને એ પ્રમાણે કુદરતના એકેક ક્રમ પાછળ એકેક શક્તિ હોવાનો તેમનો ભ્રમ હતો. એ શક્તિઓને તેમણે દેવોનાં નામ આપેલાં. જુદાંજુદાં નગરોના પણ જુદાજુદા અનેક દેવો હતા. એ બધાનાં વાહન તરીકે વાંદરાં, બિલાડાં, સાપ, શિયાળ, મગર વગેરે પ્રાણીઓ સુદ્ધાંને મીસરવાસીઓ પૂજતા. પરિણામે દેશમાં ધર્મગુરુઓ અને તાંત્રિકોની એક જબરી ફોજ ઊભી થઈ હતી.

એવા કાળે અગિયાર કે બાર વર્ષની વયે મીસરની ગાદી પર એ આવ્યો. બચપણમાં તો મિતન્નીની રાજકન્યા નીફરતિતીની સાથે તેનું લગ્ન થયું હતું, જે સૌંદર્યરાણી તરીકે આજ પણ પ્રખ્યાત છે. શરીરના પ્રમાણમાં મોટા માથાવાળો એ આમ તો માંદલા જેવો હતો. પણ એના સ્વપ્નદર્શી માનસે જગતમાં અજોડ એવી ધર્મની નવી જ કલ્પના ઊભી કરી. જુદાજુદા દેવો ને ધર્મગુરુઓના વળગાડનો જો નાશ કરવામાં આવે તો સુદાનથી યુફ્રેટિસ ને ઠેઠ ક્રેત સુધીના પોતાના મહારાજ્યને એકતાથી સાંકળી શકાય એવી એને ખાતરી હતી. એને પ્રતીત થયું કે માત્ર આ પૃથ્વી નહિ, પણ આખું વિશ્વ એક અમુક શક્તિથી ચાલે છે; ને તે શક્તિ એક જ છે, જુદીજુદી નહિ, પરંતુ પથરા તથા લાકડાં પૂજીને ટેવાઈ ગએલી પ્રજાને 'કંઈક' પૂજવા માટે તો જોઇએને? સૂર્યની પૂજા એ વખતે ઘણાખરા સંસ્કૃત દેશોમાં ચાલુ હતી. પોતે કલ્પેલી શક્તિના પ્રતીક તરીકે સમગ્ર ચૈતન્યના આદિસ્રોત સૂર્યનાં તેજ-કિરણો તેને ઠરાવ્યાં. આમ દુનિયામાં પહેલીજ વાર તેણે એકેશ્વરવાદનો પ્રસાર કરવા ધાર્યો.

મીસરની પ્રજામાં તેને પોતાના એ આદર્શની સંપ્રાપ્તિ રેડવી હતી; પણ તેની મા તાઈ તેને તેમ કરવા દે તેમ ન હતું. તેથી તેણે થીબ્ઝ છોડયું. પોતાના આદર્શ ખાતર માતાનો યે ત્યાગ કર્યો અને કર્ણાક તથા લકસર વચ્ચે સૂર્ય (આતન)ના નામ પરથી 'ખેમાતન'નામે એક નવું જ નગર તેણે વસાવ્યું. પ્રેમથી જ વિશ્વનું સંચલન થાય છે એવી એની જબરી શ્રદ્ધા હતી. હજારો વર્ષ પહેલાંના એ કાળમાં જ્યારે શેરીએ શેરીએ યુદ્ધનાં ગીતો ગવાતાં ને લોકો યુદ્ધના નશામાં ચકચૂર રહેતા, તેવા કાળમાં પણ આદર્શનિષ્ઠ રહી એશિયામાંની એની પ્રજાએ ઉઠાવેલા બળવા સામે પણ એણે લશ્કર નહોતું મોકલ્યું. સત્ય ને સાદાઈ એ બંને પ્રત્યે તેનો ચાહ અસીમ હતો. પ્રજાને તેણે ચોખ્ખું કહી દીધેલું કે મીસરના ફારોહ



કાહેરાના સંગ્રહસ્થાનમાંની અખનાતનની ખોપરી. મનાય છે કે શરીરના પ્રમાણમાં એનું માથું ઘણું મોટું હતું.



અખનાતન

તરીકે પોતાને ઈશ્વર કે કોઈ દેવનું ફરઝંદ ન ગણતાં તેમના જેવો માણસ જ ગણવો. પોતાનું ખાનગી જીવન પણ પ્રજાને અનુકરણીય બને તે માટે તે સતત કાળજી રાખતો. રાજાએ પ્રજાથી કોઈ રીતે અતડા રહેવું ન જોઈએ એ એનો સિદ્ધાંત હતો ને એને અનુસરી મીસરના ઇતિહાસમાં પહેલી જ વાર ખુલ્લા રથમાં એ પોતાની પત્ની અને બાળકો સાથે ફરવા લાગ્યો. ત્યારની પ્રચલિત રૂઢી વિરુદ્ધ જઇ તેણે એકપત્નીવ્રત પાળ્યું હતું. અને આ રીતે દાંપત્યનો દરજ્જો પણ મીસરી પ્રજાને એણે ખરેખરો દેખાડી આપ્યો. કળા, કાવ્ય, શિલ્પ બધાંને તેણે પ્રોત્સાહન આપ્યું હતું. એની પહેલાંના કોઈ ફારોહે પોતાનું દૈનિક જીવન કોઈ ચિતારાને ચીતરવા દીધું ન હતું. અખનાતને હુંપદભર્યો એ બુરખો નષ્ટ કર્યો હતો. હમેશાં સાદાં જ કપડાં તે પહેરતો ને શાહમુર્ગનાં રત્નજડિત પીછાં પકડનારા તેના હાથ એટલી જ સહેલાઈની હળ ને ઝૂંસરુ પણ ધારણ કરી શકતા.

પંચાવનેકની વયે અખનાતનની માતાનું અવસાન થયું એ સાથે જ દક્ષિણ મીસરના નિવાસીઓ તરત બળવો ઉઠાવવાના પ્રયત્નમાં પડ્યા. લોહી રેડવાની તો અખનાતન પહેલેથી જ વિરુદ્ધ હતો, એટલે તેણે હળવા છતાં અસરકારક ઉપાયો હાથ લીધા. એકેએક મંદિર ને ધર્મગુરુને રાજ્યમાંથી મળતું સાલિયાણું તેણે બંધ કરાવ્યું. ને જ્યાં હોય ત્યાંથી જૂના દેવો અને તેમના કોતેરાએલા ઉલ્લેખો સુદ્ધાંનો નાશ કરવાનું ફરમાન કાઢ્યું. દેવોનાં નામોવાળાં નામો પાડવાની પણ પ્રજાને એણે મનાઈ ફરમાવી. પરંતુ એ હિતદર્શન પ્રજાને હૈયે પ્રતિબિંબિત ન થઈ શક્યું. દેવોની ગુલામ જમાત આથી ઉશ્કેરાઈ ગઈ. પ્રજાની આ નફરતની જાણ થતાં જ મિત્તાની ને બાબિલોનિયાના ખંડિયા રાજાઓએ બળવો જગાવ્યો. હિટાઇટોએ આંકી જીતી લીધું. નિકટના રાજાઓ પણ આ અવદશાથી રાચતા અખનાતનનું અપમાન કરવા લાગ્યા.


અખનાતન ધારત તો પૂર્ણ ક્રૂરતાથી આ બધાંનો બદલો વાળી શકત. તેની પાસે જબરું લશ્કર પણ હતું. પરંતુ એ ઓલિયો, લોહી રેડવાને માનવતાનો દ્રોહ કર્યા બરોબર સમજતો. તેના બાપદાદાઓએ જીતેલા મુલકો હાથથી જવા લાગ્યા છતાં તેણે લડવાની ચોખ્ખી ના ભણી દીધી. હવે તે હતાશ પણ બની ગયો હતો. પોતે મરે તો પોતાનું તત્ત્વજ્ઞાન પાછળ કેટલાક જીવતું રાખે એ પણ અચોક્કસ હતું. તેણે જાણ્યું કે પોતાનું બધું ચણતર રેતી પરનું હતું. માનવતા પોતાનો ઉદ્ધારકર્તા સાંખી શકતી નથી. સત્ય હમેશાં તેને કડવું લાગે છે. ને એ નિરાશામાં ને નિરાશામાં જ ઇ. પૂ. ૧૩૫૮માં તેનો દેહ પડ્યો. એના પછી થોડા જ અરસામાં થીબ્ઝના ધર્મગુરુઓની મદદ લઈ, તેનો જમાઇ તૂતંખ-આમન ગાદીએ આવ્યો. વિશ્વશાંતિની તેને કશી દરકાર ન હતી. એશિયાઈ લોકોને ઝબ્બે કરવા તરત પોતાનો સેનાપતિ હોરમહેબને જબરા લશ્કર સાથે તેણે મોકલી આપ્યો. જૂના દેવો સાથે ભૂતપ્રેત ને પિતૃઓ ફરી ઊભા થયા. ધર્મગુરુઓ ને તાંત્રિકો ફરી મોખરે આવ્યા ને તેમનેનાણાં ને જમીનની નવાજેશ થવા લાગી. અખનાતનને નાસ્તિક જાહેર કરવામાં આવ્યો. એટલેથી જ ન અટકતાં તેની કબર ખોદાવી નાખવામાં આવી. થોડા જ કાળમાં એના પર રણની ઊડતી રેતી ફરી વળી. જો એને ભૂલ ગણીએ તો અખનાતને એ ભૂલ કરી હતી કે તેણે પ્રેમથી સામ્રાજ્ય ચલાવવાનો નિરધાર કર્યો હતો. એની બીજી ભૂલ પ્રજાને અંધશ્રદ્ધાથી વાળી સત્યને માર્ગે વાળવાનો પ્રયાસ કરવાની ગણાય! અને એને ત્રણ હજાર વર્ષ વીત્યાં છતાં આજની દુનિયા પણ એ પ્રેમ કે સત્ય સ્વીકારવા ક્યાં તૈયાર છે? આપણી વિકસેલી માનવતા દિનોદિન માનવસંહારનાં નવાં આયુધો યોજી હજી આજે પણ એ પ્રેમનું પ્રદર્શન કરે છે!'

શતરંજ

શતરંજનો કોયડો

સુરેશ મોદી

H. Rinck



White to play and win

સ્થિતિ : 16/4p3/2bP4/16/p7/k2-KN3/

કોયડો : સફેદે રમવાનું અને જીતવાનું.

આ કોયડામાં કાળા પાસે એક પ્યાદું વધુ છે, વળી સફેદ પાસે ફક્ત એક પ્યાદું અને ઘોડો જ છે. પ્યાદું વજીર થઈ શકે તેમ નથી. આપણે જાણીએ છીએ કે એકલા ઘોડાથી એકલો રાજા મ્હાત થઈ શકતો નથી, છતાં કાળાના રાજા અને પ્યાદાંની સ્થિતિનો લાભ લઈને સફેદ ફક્ત ઘોડાથી મ્હાત કરી શકે છે અને કાળો ઊંટ પોતાના રાજાને બચાવી શકતો નથી.

ઉકેલ નીચે અવળો છાપ્યો છે.

મેં સાહસ કર્યું

એ વિભાગ માટે પોતે જીવનમાં દાખવેલા સાહસને વ્યક્ત કરતો પ્રસંગ ત્રીસેક લીટીમાં લખી મોકલશો? છપાશે તેનો થોડોશો પુરસ્કાર પણ કરીશું.

શતરંજના કોયડાનો ઉકેલ

1 K–B1! (અહીં 1K–B2થી સફેદ કેમ ન જીતી શકે તે આપણે પછી જોઈશું.)

1..., B–Kch (1 B–R6ch; પછી 2 K–B2, P×P; 3 N–B3 અને હવે ઘોડાને N3 ઉપર જવાના બે રસ્તા–Q2 અને Q4 માંથી એક જ ઉપર કાળો ઊંટ કાબૂ મેળવી શકે અને તેથી બે ચાલમાં મ્હાત થાય.)

2 K–B2, P×P; 3 N–Q3, P–Q5; ફરજિયાત. કારણ કે ઊંટ ગમે ત્યાં ચાલે, સફેદ ઘોડા માટે B1 અથવા B4 ઉપર જવાની જગ્યા થાય. પછી તે NN3થી મ્હાત કરી શકે.


4 N–B5, P–Q6ch; (5 N–N3. મ્હાત રાખવાનો એક જ રસ્તો.)

5 N×P! અને હવે કાળો Zugzwangમાં છે. તેનો ઊંટ ગમે ત્યાં ચાલે, સફેદ ઘોડાને B1 કે B4 થઇને N3 પર જઈ મ્હાત કરી શકે.

5..., B–B8! આ એક જાળ છે, કારણ કે હવે સફેદ 6N×3 રમે તો ડ્રૉ થાય. તેવી રીતે 5..., B–B5; 6N×Bથી પણ ડ્રૉ થાય છે.

6 N–B5! હવે 7 N–N3 મ્હાત રોકી શકાય તેમ નથી. જો કાળો, 5..., B–B4; રમે તો 6 N–B1! થી જીતી શકાય છે.

હવે 1 K–B2થી કેમ જીતી શકાય નહિ તે જોઇએ. 1 K–B2, P×P; 2 K–B1, B–R6ch(2N–Q3 પછી પણ 2...,B–R6 થી કાળો રમત ડ્રૉ કરી શકે.):3 K–B2, P-Q5; 4 N–Q3, B–Q3; 5 N–B1, P–Q5ch; 6N×P, B–R6 અને હવે કાળાને બદલે સફેદ Zugzwangમાં છે. અને કોઈ રીતે જીતી શકે તેમ નથી.



સરકી જાયે પલ !

કાળ તણું જાણું કે એ તો વરસે ઝરમર જલ.
નહિ વર્ષામાં પૂર, નહિ એ ગ્રીષ્મ મહીં શોષાય,
કોઈના સંગ-નિસંગની એને કશી અસર નવ થાય;
ઝાલો ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ-સ૦

—મણિલાલ દેસાઈ

રશિયામાં ભારતના વિચક્ષણ એલચી – ત્રિલોકનાથ કૌલ

દેશના સ્વાતંત્ર્ય પછી અન્ય રાષ્ટ્રો સાથેના આપણા સંબંધો વિકસાવવાનું કાર્ય તથા ગાંધીજી અને જવાહરલાલજીએ વિકસાવેલા રાજકીય દૃષ્ટિબિંદુની વિદેશમાં વકાલત કરવાનું કામ ઘણું કઠીન અને ધૈર્યભરી ઊંડી મુત્સદ્દીગીરી માગી લે તેવું હતું. અરસપરસ કટુતા રાખતા ભિન્નભિન્ન રાષ્ટ્રો સાથે એકસરખા મૈત્રીભર્યા સંબંધો સ્થાપવાની એષણાવાળી શાંતિભરી તટસ્થતાની આપણી નીતિ દેશનું સ્વમાન સાચવીને વિદેશીઓના મનમાં ઉતારવી એ ઘણું કઠીન કામ છે. વિચક્ષણ મુત્સદ્દીઓ વિના એ કાર્ય અસંભવિત છે ને સદ્ભાગ્યે આપણને એવા માણસો મળતા રહ્યા છે. રશિયામાં આપણા હાલના એલચી ત્રિલોકનાથ કૌલ એમાંના એક છે. સ્ટેલિનની લોખંડી દીવાલને દેશની પારદર્શક નિખાલસતાથી ભેદીને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને મોસ્કોમાં ભારત વિષે જે ઉમદા છાપ પાડી હતી એને પછીના એલચીઓએ આગળ વધારી અને ત્રિલોકનાથ કૌલે એને બધુ બલવત્તર બનાવી. અલબત્ત, પરદેશમાં ભારતની શાન વધારવામાં સ્વ. નેહરુના વ્યક્તિત્વ અને એમની નિખાલસ રાજકીય દૃષ્ટિ તથા શાંતિ માટેની સાચી લગનનો ઘણો મોટો હિસ્સો હતો જ, પણ એમણે વધારેલી શાખને ઝાંખી પાડનારા પણ કામ કરતા જ હતા. એવી પરિસ્થિતિમાં ભારતની સાચી રજૂઆત કરવાનું કાર્ય જેવુંતેવું ન જ ગણાય. પંડિત નેહરુના અવસાન પછી એમણે આંકેલી કેડી પરથી એમના અનુગામીઓ ચાતરી રહ્યા છે એવી ટીકાઓ ખુદ આપણા દેશમાં પણ ઊઠવા માંડી હતી અને અન્ય રાષ્ટ્રો આપણી સાથેના આગામી સંબંધો વિષે દ્વિધા અનુભવી રહ્યા હતા એવે કાળે રશિયામાં કૌલે આપણા દેશની ઉત્તમ રજૂઆત કરીને આપણી શાનને જરા પણ ઝાંખી થવા દીધી નથી. એનું પ્રતિબિંબ એમણે રશિયામાં મેળવેલી ચાહના તથા હમણાં વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને ત્યાં અપાએલા આવકારમાં જોવા મળે છે.

એલચી તરીકેની કામગીરીમાં અનેક વેળા આગવી હૈયાસૂઝ પણ દાખવવી પડે છે. ઈરાનમાં કૌલ એલચી હતા ત્યારે અમુક ચોક્કસ મુદ્દા બાબત એમને ત્યાંના એક પ્રધાનને ગળે પોતાનો મુદ્દો ઉતારવાની અગત્ય ઊભી થઈ, પણ એ પ્રધાનનો સંપર્ક સાધવો કઠીન હતો. કૌલે એ માટે જુદી જ યુક્તિ અજમાવી. પેલા પ્રધાનનો ઘોડેસવારીનો શોખ પકડી પાડ્યો. ને પછી એમણે પોતે પણ એ શોખ કેળવ્યો. ફરવા જવાને બહાને એમણે પેલા પ્રધાનનો માર્ગમાં જ ભેટો કરવા માંડ્યો ને એ રીતે એની સાથે મોકળે મને પોતાનો મુદ્દો ચર્ચવાની તક ઊભી કરી એમણે પોતાનું લક્ષ્ય સાધી લીધું. ચીનમાંની એમની કામગીરી દરમિયાન એમને ફસાવવાના અનેક સારાનરસા ફંદ ઊભા કરવામાં આવેલા પણ એમાં યે તેઓ પાર ઊતર્યા.





સમુદ્રકાકડી અને સાગરગોટા

દરિયાકાંઠાના શૂળત્વચી પ્રાણીઓમાં કર્કટીકાય જીવોની શરીરદીવાલ ચાકના કણોવાળી ને સ્નાયુઓની બનેલી હોય છે. આકારમાં તેઓ લાંબા ને ભૂંગળી જેવા–કાકડીને મળતા હોય છે. શરીરદીવાલ પર શૂળોનો અભાવ અને દસ સૂત્રાંગોનો શાખાપ્રબંધ એ એમનાં બે વિશિષ્ટ લક્ષણો છે. સમુદ્રકાકડી (સીકકમ્બર) એનું એક ઉદાહરણ છે. એની શરીરદીવાલ ચામડા જેવી મજબૂત હોય છે. એના સ્નાયુઓની મદદથી એ પ્રચલન કરે છે. ઘણીવાર સૂત્રાંગો અને નાળપગો હોય એના દ્વારા પણ તેમને પ્રચલનમાં સહાય મળે છે. શિકારને એ પોતાના સૂત્રાંગોમાં ફસાવે છે ને પૂરતા કોળિયા જેટલો જથ્થો એકઠો થાય ત્યારે એ એને મોંમાં અંદર વાળી પેટમાં પધરાવે છે. ક્યારેક કરચલા પણ એ સૂત્રાંગની જાળમાં ફસાઈ પડી એનો શિકાર બને છે.

સમુદ્રકાકડીની બીજી એક ખાસિયત એ છે કે સંકટ સમયે એની શરીરદીવાલ ઉપરની બાજુએથી ફાટે છે ને તેમાંથી બહાર નીકળતા અવયવને એ તોડીને છૂટું પાડી ફેંકી દે છે. આમ પોતાના શરીરનો થોડો ભાગ એ શત્રુને ખાવા આપીને પોતે સર્વનાશમાંથી બચી જાય છે. થોડા સમયમાં ખોએલા અવયવને સ્થાને તે નવા અવયવ ઉત્પન્ન કરી લે છે.

શૂળત્વચી પ્રાણીઓમાં ચલિતશૂળ જીવોમાં સાગરગોટા (સી અરચિન) મુખ્ય છે. એને હાથ હોતા નથી. ચાકના એક અર્ધગોળ જેવા કવચવાળા એના શરીર પર હાલીચાલી શકતા શૂળો હોય છે. શરીરના નીચલા ભાગના શૂળો કદમાં નાના હોય છે. તેના મોંમાં પાંચેક સફેદ દાંત પણ હોય છે. (ચિત્ર નીચે)




ચીન અને રશિયામાં એમની કામગીરીને કારણે પોતાના પર સામ્યવાદના રંગ ચડવા દીધા વિના એમણે એ વિચારસરણીનું ઊંડું અધ્યયન કર્યું છે. રશિયન ભાષા પણ તેઓ ત્યાંના જ કોઈ નેતા જેટલી સરળતા ને વાચાળતાથી બોલી શકે છે. રશિયામાં વધુ એક વર્ષની એમની કામગીરી લંબાવવામાં આવી છે એના પરથી એમની ત્યાંની અગત્ય સમજી શકાય છે.

મિત્રોમાં 'ટીકી' તરીકે ઓળખાતા કૌલ ઓછી ઊંચાઈના 'રોમન કટ'ના ચહેરાવાળા આઈ. સી. એસ. છે. વૉશિંગ્ટનથી કારકિર્દીનો આરંભ કરી લંડનમાં ડેપ્યુટી હાઇકમિશનર તરીકે એમણે કામ કરેલું. પેકિંગમાં ભારતની એલચી કચેરીમાં તેઓ મિનિસ્ટર હતા. ઈરાનમાં પણ એમણે એલચી તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. દેશના યુવાન વિચક્ષણ મુત્સદ્દીઓમાંના એક ત્રિલોકનાથ કૌલ પાસે દેશ હજી અનેક આશાઓ રાખી શકે એમ છે.

હેનોવરનું ઔદ્યોગિક પ્રદર્શન

પશ્ચિમ જર્મનીમાં હમણાં હેનોવરમાં એક વિરાટ ઔદ્યોગિક પ્રદર્શન ભરાયું હતું. ૫૯૦૧ પ્રદર્શકોએ અહીં એટલી બધી અવનવી ચીજો પ્રદર્શિત કરી હતી કે ઉપરાઉપરી નવ દિવસ સુધી માણસ જો એ બધું જોવાનો આગ્રહ રાખે તો તેમાંના દરેક સ્ટેન્ડ પાસે એ માત્ર પચાસ જ સેકન્ડ થોભી શકે. ટેપ રેકૉર્ડરથી સજ્જ રેડિયો, યાંત્રિક સંચાલન માટેની નાનકડા સિક્કા જેવડી ચાલુ પ્રવાહની નાજુક મોટર, ૪૯ કલાક ચાલે એટલી ધ્વનિનોંધ લેતું ત્રણેક ઈંચનું મૅગ્નેટિક ટેપ-રેકૉર્ડર, ટેલિવિઝન કાર્યક્રમ રજૂ કરી શકે એવું ચુંબકીય ટેપરેકૉર્ડર વગેરે સાથે ઔદ્યોગિક ક્ષેત્રમાં કામ આવે એવી પણ અનેક અજબ ચીજો તેમાં હતી. દીવાસળી જેટલું વિજાણું-મગજ, અવકાશ માર્ગેથી રેડિયોસંદેશોને પાછા પૃથ્વી પર પરાવર્તિત કરી શકતી અડધી સિગારેટ જેવડી રેડિયો-ટ્યૂબ. દફતરોમાં સેક્રેટરીનું કામ કરી શકે એવું 'રેકૉર્ડ ઑટોમેટ' અને બાઈબલના ૧૨૪૫ પાનાંને માત્ર દીવાસળીની પેટી જેટલા ક્ષેત્રમાં સમાવી લેતી સૂક્ષ્મ છબિકલાની એમાં રજૂઆત થઈ હતી. આ ઉપરાંત, ઊંચા વૃક્ષોની બિનજરૂરી ડાળોને નિમિષ માત્રમાં કાપી શકે તેવું ૩૩ ફૂટ ઊંચું ને ૧૯૪ ટન વજનનું એક ગંજાવર યંત્ર તથા 'ઈન્ક પેડ' પરથી શાહી લીધા વિના જ પચાસ હજાર છાપ પાડી શકે એવો સિક્કો (સ્ટૅમ્પ) પણ અહીં રજૂ થએલ. વળી, વધુ ને વધુ નમતા જતા પીસાના વિખ્યાત ઢળતા મિનારાને રોજના ૮૮ મિલીમીટરના હિસાબે સીધો કરતા જવાની અજબ યાંત્રિક કામગીરી પણ લોકોને આ સાથે જોવા મળી હતી. (યુ. પી. એસ.)



'હસતું મોં રાખો'. બીજા વિશ્વયુદ્ધ વખતે લંડનની એક શેરીમાં, હવાઈ હુમલા સામે રક્ષણાર્થે બનાવાએલા એક ભોંયરાના પ્રવેશ પરની દીવાલ ઉપર લખાએલું આ સૂત્ર છે. યુદ્ધની ભયાનકતાના સતત જોખમ વચ્ચે પણ ત્યાંની પ્રજાએ ટકાવી રાખેલા ખમીરનું એ દ્યોતક છે.

આ છે સામાન્ય જ્ઞાન

એક ઈન્ટરવ્યૂ (મૌખિક પરીક્ષા)માં ઉમેદવારોએ જવાબ આપ્યા. કેટલાક જાણવા જેવા છે...... એક ઉમેદવારે કામરાજને મોટામાં મોટો બંધ કહ્યો, બીજાએ તેને રાવણરાજ્ય જેવું જ આ યુગનું રાજ્ય કહ્યું, અને આગળ પૂછતાં એમ પણ જણાવ્યું કે આવું રાજ્ય દક્ષિણ ભારતમાં ખુદ કામદેવ ચલાવે છે. ક્રુશ્ચેવને રશિયાના વડા કહેનારે છાપું વાંચ્યું હશે ખરૂં? છતાં તેની દયા ખાઈએ. પણ ગાંધીજી માટે "ભારતના લાડીલા નેતા અને જવાહર તથા વિનોબાના ગુરુ તથા તે બન્નેને સલાહસૂચન આપી ભારતનું રાજ્ય કરનાર" એવો જવાબ આપનારે આપણી ઊગતી પેઢીની અવદશાનું કરુણ ચિત્ર રજૂ કર્યું કે બીજું કંઈ?


આવા તો અનેક છબરડા વાળ્યાની માહિતી સાંભળવા કે વાંચવા મળે છે. તેવા ઉમેદવારો જ્યાં ત્યાં નોકરી માટે કીડિયારાંની જેમ ઊભરાય છે અને બિનલાયક ઠરીને અટવાય છે. પરંતુ ઈન્ટરવ્યૂમાં સુંદર જવાબો આપનાર ઉમેદવારો ય હોય છે. બાહ્યવાચન સારું હોય, સામાન્ય જ્ઞાનને લગતું વાચન કરતા હોય અગર તેની પરીક્ષાઓ આવી હોય તેમને મહદ્ અંશે સફળતા મળે જ છે.

જેમને જ્ઞાનની ભૂખ છે. જીવનમાં સફળતા મેળવવી છે તેમને માટે સામાન્ય જ્ઞાનની પરીક્ષાઓની સુંદર વ્યવસ્થા છે. ૧૨ સત્રથી વર્ષમાં બે વખત આવી પરીક્ષાઓ લેવાય છે. નાનાં મોટાં સૌને માટે કક્ષા મુજબ પાંચ શ્રેણીમાં પરીક્ષાઓ લેવાય છે. મહદ્ અંશે ગુજરાત અને બૃહદ મુંબઈની કેટલી ય શિક્ષણ સંસ્થાઓમાંથી હજારો પરીક્ષાર્થીઓ ભાગ લે છે. હવે યુનિવર્સિટીઓએ અને જિલ્લા શિક્ષણ સંસ્થાઓએ આવી પરીક્ષાઓ ફરજિયાત કરી તેની અનિવાર્યતા સ્વીકારી છે. તમારી શિક્ષણ સંસ્થામાં આવી પરીક્ષાઓ લેવાય તેવી વ્યવસ્થા આજે જ ન કરી શકો?

સામાન્ય જ્ઞાન માટે જ તૈયાર કરેલાં સમૃદ્ધ પ્રકાશનો **જ્ઞાન કસોટી** (કિં. ૧-૪૦) **જ્ઞાન સરિતા** (રૂ. ૧-૬૦), **જ્ઞાન સરોવર** (રૂ. ૨-૫૦), નામનાં પુસ્તકોમાંથી કોઈ પણ એક (અગર બધાં) વાંચશો તો પણ તે તમારાં કાયમી સાથી બની રહેશે. હમણાં જ મનીઑર્ડર કરી મેળવી લો.

ત્રણ જૂથ, ૧૫ વિજેતા અને રૂ. ૧૫૦/– નાં ઈનામોવાળી નિબંધ હરીફાઈઓમાં (કદાચ ઈનામ મળે તેવી આશા ઉપરાંત) લેખન-શક્તિ ખીલવવા માટે પણ શિક્ષણ સંસ્થાઓ કે વિદ્યાર્થીઓ રસ લેશે તો તેમને જરૂર માહિતી મોકલી અપાશે. તમારે જોઈતી માહિતી માટે કૃપા કરીને આજે નીચેના સ્થળે પત્ર લખશો.

"જ્ઞાન સમિતિ" ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩



રેડિયો વિજ્ઞાનમાં, એસી. વિદ્યુતપ્રવાહને ચાલુ વિદ્યુત-પ્રવાહમાં ફેરવતાં 'ગ્રેસિસ્ટર્સ'ની ઘણી અગત્ય છે. એની બનાવટમાં એને અત્યંત નાના કદમાં તૈયાર કરી વિજ્ઞાને એક ક્રાંતિ સર્જી છે. હેનોવરમાં પ્રદર્શિત થએલા એ 'ગ્રેસિ-સ્ટર્સ'ની ડિસ્ક (થાળી)ના કદનો ખયાલ એની સાથે મૂકી બતાવેલા કાંડાઘડિયાળ પરથી આવી શકશે.



જર્મનીના એસ્સેન શહેરમાં એક રેલવે પૂલ ચણાઈ રહે એ દરમિયાન ૭૨૦ ફૂટ લાંબો, ૧૪ ફૂટ પહોળો અને ૫૨૦ ટન વજનનો આ એક કામચલાઉ લોખંડી પૂલ માત્ર ૪૦ કલાકમાં જ ઊભો કરવામાં આવ્યો છે.

"અમને અનુદાનની ઇચ્છા નથી. દાનદ્રવ્ય ખાવાથી કદાચ પુરુષાર્થ હણાય છે. અમારી અપેક્ષા હોય તો માત્ર એટલી કે 'કુમાર' જો લાયક જણાતું હોય તો શિક્ષણ, સંસ્કાર કે ગ્રામસ્વરાજ્યની સર્વ સંસ્થાઓ 'કુમાર' મંગાવતી થાય, અકિંચન વિદ્યાર્થીઓ તથા સંસ્થાઓની વતી શ્રીમંતો તેમનાં લવાજમો ભરી મોકલે; સંપન્ન પેઢીઓ પોતાની જાહેરખબરો આપીને અમારા પ્રયત્નનો ખભો થાબડે."

મે માસના અંકમાં 'એક કુમાર-ચાહક'ના પત્ર નીચે મુકાએલી અમારી ઉપર્યુક્ત લીટીઓની કદર કરીને એક મિત્ર સૂચવે છે કે "આગામી ૫૦૦મા અંક માટે થનાર બહોળા ખર્ચમાં યથાશક્તિ ટેકો આપવા માટે જો તમે 'કુમાર'માં જાહેર વિનતિ કરશો તો એળે નહિ જાય." એમણે વ્યક્ત કરેલી એ શ્રદ્ધાને અમે દુહરાવીએ છીએ કે સંપન્ન પેઢી યા ઉદ્યોગ ધરાવનાર 'કુમાર'ના એટલા ચાહકો તો જરૂર નીકળી આવશે કે જે પોતાની એક પાનાની જાહેરાત ૫૦૦મા અંક માટે આપશે. એમની ફરમાયશ આવ્યે અમે એમને ભાવ વગેરેનું જરૂરી સાહિત્ય મોકલીશું.

અનુકરણીય

ભાવનગરના શિશુવિહારની તાલીમશાળા વિવિધ ઔદ્યોગિક તાલીમ આપે છે. ત્યાં ટેકનિકલ લાયબ્રેરી તો છે જ, અને હવે 'ટૂલ લાયબ્રેરી' કરી છે. એટલે ત્યાંના રાત્રિ-વર્ગનો લાભ લઇને ટૂલ લાયબ્રેરીમાંથી જોઈતાં સાધનો દ્વારા સૌ પોતાના ભાવિ ઉદ્યોગનો કાર્યક્રમ કેળવી શકે છે. ૧લી જુલાઇથી છ માસ માટે ત્યાં રમકડાં અને ઉપયોગી ચીજવસ્તુના ઉત્પાદન-વર્ગ શરૂ થવાના છે. વર્ગની છ માસિક ફી ફક્ત છ રૂપિયા છે. દસ રૂપિયા અનામત ભરી નામ નોંધાવનારને વર્ગ પૂરો થયે જો ૭૫ ટકા હાજરી હશે તો અનામત પાછું મળશે. વળી તૈયાર થએલી ચીજોનું પ્રદર્શન ભરી, પડતર ખર્ચ બાદ કરી, તેના વેચાણની ઊપજ વિદ્યાર્થીઓને સરખે ભાગે વહેંચી દેવામાં આવશે. લાયકાત: ૯થી ૧૧ શ્રેણીનો અભ્યાસ અથવા ૧૮થી વધુ ઉંમર.



અમદાવાદ ખાતે ઈ. ૧૯૨૦માં ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના છઠ્ઠા સંમેલન માટેની સ્થાનિક કારોબારી સમિતિ—ડાબી બાજુથી: સર્વશ્રી રામમોહનરાય જસવંતરાય દેસાઈ (બિન્દુભાઈ), રવિશંકર મહાશંકર રાવળ, ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ, પ્રીતમરાય વ્રજરાય દેસાઈ, હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, ગટુલાલ ગોપીલાલ ધ્રુ અને ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ.

હીરાલાલ પારેખ (અનુ. પૃ. ૨૫૦થી) ઝંખના ઘણા લાંબાકાળની હતી. પણ તે છેક ૧૯૩૦ પછી પાર પડી. પહેલાં તો એક જ ભાગમાં સમગ્ર ઇતિહાસ આપી દેવાનો ઈરાદો હતો, પણ એ કાર્ય વધુ ને વધુ વિસ્તરતું જ ગયું. એમાં સોસાએટીના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપનારા સંસ્કાર-સેવકો, સોસાએટીના પ્રમુખો, 'બુદ્ધિપ્રકાશ'ની પ્રવૃત્તિ, પુસ્તકાલયોના હેવાલ વગેરેની માહિતી તો છે જ; તદુપરાંત પ્રજાના સામાજિક ઇતિહાસ તરીકે પણ તેનું મૂલ્ય ઘણું છે. થોડા દાયકા પૂર્વેની સામાજિક પરિસ્થિતિ પર તે સરસ પ્રકાશ પાડે છે અને સામાજિક સુધારણાનાં પરિબળોનો તેમજ સાંસ્કારિક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓનો પણ તેમાં સુરેખ ચિતાર છે. પોતાની ભારે શક્તિ ખર્ચીને ત્રણ ભાગમાં રચેલો આ ઇતિહાસ એમની એક ગણનાપાત્ર સિદ્ધિ છે.

એમની બીજી મહાન સિદ્ધિ તે ત્રણ ભાગમાં લખાએલો 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન'નો ગ્રંથ છે. તેમાં ઈ. સ. ૧૮૦૧ થી ૧૯૩૬ સુધીની મુખ્યત્વે રાજકીય પરિસ્થિતિના ચિતાર સાથે તેમણે રાજકારણ, સાહિત્ય, કેળવણી, પત્રકારત્વ એમ કેટલાં બધાં પાસાંનો સમાવેશ કરી લીધો છે! એમણે વર્ષોની મહેનતથી એકત્ર કરેલાં સેંકડો અવતરણો, કાપલીઓ, અને લેખોની સામગ્રી તથા સંખ્યાબંધ પુસ્તકોનો અભ્યાસ કરીને તેમણે આ અપૂર્વ ગ્રંથ સર્જ્યો છે. અલબત્ત, એમાંની કોઈક સામગ્રી કોઈકને સપ્રમાણ ન લાગે, તેમાં પુનરુક્તિ પણ દેખાય, છતાં તેમણે આ ગ્રંથ રચીને પોતાના જીવનનું એક મહાન સ્વપ્ન સિદ્ધ કરી દીધું છે એ નિઃસંશય છે. આ લખનારને સ્મરણ છે કે છેલ્લા ભાગની સમાપ્તિ વેળાએ તે એની પાછળ જ મચી રહ્યા હતા. આજે લાગે છે કે જાણે આયુષ્ય ખૂટવાનું હોય અને તે પૂર્વે આ ગ્રંથ પ્રજાને આપી દેવો હોય તેટલી બધી ઉતાવળ તે અંત ભાગમાં કરી રહ્યા હતા. આ બંને ગ્રંથો આજે પણ સંદર્ભગ્રંથ તરીકે અત્યંત મહત્ત્વ ધરાવનારા છે. 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન'નો પ્રથમ ભાગ તો અનુસ્નાતક કક્ષાએ પાઠ્યપુસ્તક તરીકે નિયત થએલો છે.

'ગ્રંથ અને ગ્રંથકાર'ના નવ ભાગ પણ તેમની એક અદ્વિતીય યોજના છે. સાહિત્યનો ઇતિહાસ રચનાર માટે તેમજ સંદર્ભ સાહિત્ય માટે તેનું ઊંચું મૂલ્ય વિદ્વાનોએ આંકેલું જ છે. એમાં લેખકોના જીવન પરિચય ઉપરાંત ગુજરાતમાં પ્રગટ થતા ઉત્તમ સાહિત્યના નમૂના તેમજ સમર્થ લેખોનો પણ સમાવેશ તેમણે કરી તેને મૂલ્યવાન બનાવ્યા છે.

લગભગ ૨૮ વર્ષની સોસાએટીની સેવાની પોતાની કારકિર્દીમાં એમણે કદી આરામનો વિચાર કર્યો જાણમાં નથી. એમણે સતત કાર્યરત રહીને સોસાયટીની પ્રગતિનું ઊંચું ધોરણ દેખાડી આપ્યું છે. એમણે વિવિધ વિષયોનાં કેટલાં બધાં પુસ્તકો સોસાએટી તરફથી આ કારકિર્દીમાં પ્રગટ કર્યાં! એમનું સમગ્ર જીવન જ જાણે એને માટે હતું!

એમનામાં અભ્યાસપરાયણતા હતી, પણ વેદિયાપણું નહોતું. મિત્રો ને સગાંસંબંધીઓ સાથે તે નિરાંતે છૂટથી હળતાભળતા. એમનું મિત્રમંડળ કલ્પી ન શકાય તેટલું બધું વિશાળ હતું. રોજ સાંજે સોસાએટીની ઑફિસેથી ઘેર પાછા ફરતાં બાલાહનુમાન પાસે ચંદુકાકા (ચંદુલાલ સાકરલાલ બુકસેલર)ની દુકાને તેમનો વિસામો હોય જ. તેમના નિકટના મિત્રો સર્વશ્રી પ્રાણલાલ દેસાઈ, ઈશ્વરલાલ મજમુદાર વગેરે પણ ત્યાં હોય. એ બધા મિત્રોની ત્યાં મિજબાની થાય. મિજબાની કરવાનો–ના, કરાવવાનો તેમને ભારે શૉખ હતો. ડૉ. હરિપ્રસાદે પણ તેમના આ મિજબાની શૉખ માટે લખ્યું છે: 'મિત્રમંડળ' નામનું એક કાયદાકાનૂન વગરનું મંડળ એમણે સોસાએટીની ઑફિસમાં કાઢેલું...ચા, પાણી કે આઇસ્ક્રીમ સાથે, અમદાવાદમાં આવેલા ભિન્ન ભિન્ન ક્ષેત્રના 'મોંઘેરા' મહેમાનોને મળવાનો અને વાર્તાલાપનો લાભ લેવાતો. ફી કંઇ નહિ, બધું ખર્ચ હીરાભાઇ જ મોટે ભાગે જોડતા અને કાર્યક્રમની બધી રચના પણ એ જ કરતા.' સ્વભાવથી જ તે યજમાન હતા. મિજબાની ગોઠવવા માટે તે કંઈક ને કંઇક નિમિત્ત ખોળતા જ હોય! 'ગુજરાતી પંચ'નો કે 'પ્રજાબંધુ'નો ઉત્સવ હોય કે વિદ્યાબહેનને માનપત્ર આપવાનું હોય તો તેમાં આગેવાની



કુટુંબમંડળ (ડાબી બાજુથી અનુક્રમે): મોટાં બેન નંદગૌરી મ. કાજી, નાનાં બેન ચંદ્રમણિ (ફીફીબહેન) કાજી, ઈશ્વરભાઈનાં પત્ની સૂરજબહેન, હીરાલાલભાઈનાં પત્ની જડાવબહેન અને સાકરલાલભાઈનાં પત્ની હીરાગૌરી. (પુરુષોમાં અનુક્રમે) ઈશ્વરલાલ ત્રિ. પારેખ (નાનાભાઈ), હીરાલાલ ત્રિ. પારેખ (મોટાશેઠ), સાકરલાલ ત્રિ. પારેખ (વચેટ ભાઇ) અને મામા નગીનદાસ તાપીદાસ ચોકસી.
(નીચે બેઠેલી) નંદગૌરીની ત્રણ પુત્રીઓ: મધુકાન્તા, નિર્મળા અને શાન્તા.

તેમની જ. રણજિતરાય (નાનુભાઈ) દેરાસરીને ઈલકાબ મળે તો કહેશે 'ગોઠવો ફીસ્ટ' રવિભાઈ (રવિશંકર રાવળ)ને ચંદ્રક મળે તો 'ચાલો કરો મિજબાની!' શ્રી વિદ્યાબહેને એમના આ સ્વભાવ વિષે યોગ્ય રીતે જ લખ્યું છે: 'કોઈ પણ સભા ભરવી હોય, કોઈ પરિષદ ભરવી હોય, કોઇના માનપત્રનો મેળાવડો કરવો હોય, અગર કોઇનું સંમાન કરવું હોય તો તે કામ હીરાલાલને સોંપવામાં આવતું અને તેને સંપૂર્ણ ફતેહમંદ બનાવવા તે સમર્થ હતા... કદાપિ મેળાવડા અને ખાનપાનની પાર્ટીઓ પણ થાય અને તેમાં કોઈ વાર એવું પણ બને કે પછીથી કોઈ પૂછે પણ નહિ કે પારેખે આ બધું ક્યાંથી ઊભું કર્યું.'

અમે રહેતા તે ધાશીરામની પોળની બહાર સારંગપુરમાં શિવો કંદોઈ જાણીતો હતો. એને વરસભર વિવિધ પ્રકારની પાર્ટીના ઑર્ડર મળ્યા જ કરે! ઘેર પણ ભોજનમાં એમની થાળી ભરપૂર જ હોય. રાયતાં, ચટણી, ટામેટાં, કચુંબર વિના તેમને ચાલે જ નહિ. માખણ પણ ખરું જ. ઉનાળામાં બરફનું ઠંડું પાણી તો જોઈએ જ! ખાનપાનની બાબતમાં તે નિષ્ઠાવાન સૂરતી હતા! લીલાં શાકભાજી પણ તે ખૂબ શૉખથી ખાતા. અને જમ્યા પછી નારંગી–કે એવો લીલો મેવો પણ તેમને મન આવશ્યક હતો!

તેમના ખાસ અંગત મિત્રોમાં કૃષ્ણલાલ દેસાઇ (બચુભાઇ), ચંદુલાલ સાકરલાલ, પ્રાણલાલ દેસાઈ, ડૅા. હરિપ્રસાદ દેસાઈ, રવિશંકર રાવળ, બચુભાઈ રાવત વગેરે હતા. એમની નોંધપોથીમાં બચુભાઈ (કૃષ્ણલાલ) દેસાઈ સાથે સામયિકો તથા પુસ્તકોની લેવડદેવડનો ઉલ્લેખ વારંવાર થયેલો છે તે તેમના ગાઢ સંબંધની સાક્ષી પૂરે છે.

ડૅા. હરિપ્રસાદ દેસાઇ તો અમારા કૌટુમ્બિક ડૅાકટર પણ હતા. એ બંને માહાનુભાવોની મધુર મુલાકાતોનું આ લખનારને પાકું સ્મરણ છે. મિત્રો અગર મહેમાનો માટે ગોઠવાતી મિજબાનીઓમાં ડૅા. હરિપ્રસાદનું સ્થાન તો હોય જ. એમના વિનોદ વિના વાનગીની રંગત જામે જ નહિ!

ચંદુકાકા (ચંદુલાલ સાકરલાલ ઠાકોર)ની દુકાન તો એમનું વિશ્રામસ્થળ હતું. ચંદુકાકા ખૂબ પ્રેમાળ હતા. અમે કોઇ વાર નાનપણમાં એમની દુકાને જઈએ કે તરત વાર્તાની કોઈક ચોપડી શોધીને અમને આપે. મિત્રોની મહેફિલ એમની દુકાને જ થતી. અમને એ નાનપણથી જ નિકટના લાગ્યા હતા. પિતાજીના અવસાન પછી પણ તેમણે હમેશાં અમારી સંભાળ રાખી હતી અને અમને બનતી બધી સહાય કરી હતી. આજે તો એ બંને નથી, પરંતુ એમની દુકાન આગળથી પસાર થતાં જ એમના પુત્ર અશોકભાઇ આગ્રહ કરીને અમને બોલાવે છે અને ઘડીક ત્યાં બેસીને ભૂતકાળનાં સ્મરણોમાં અમે પાવન થઇએ છીએ.

શ્રી બચુભાઈ રાવત ધાશીરામની પોળમાં મોટાશેઠને મળવા આવતા ત્યારે અમારી મુગ્ધદષ્ટિ તેમના વિશિષ્ટ પોશાક પર જડાઈ રહેતી. મોટાશેઠ તેમની સાથે ખૂબ મમતા અને આદરભર્યો વહેવાર રાખે છે એ અમે તે વખતે પણ સમજી શકતા. બચુભાઈ જાય ત્યારે

તેમને વળાવવા છેક નીચે સુધી જતા એનું પણ આ લખનારને પાકું સ્મરણ છે. એમના અવસાન પછી બચુભાઈએ 'બુદ્ધિપ્રકાશ'માં એમને જે ઉષ્માભરી અંજલિ આપી છે તે તેમના નિકટના સંબંધની ઘોતક છે.

મોટાશેઠના સ્વભાવની એ વિશેષતા હતી કે પરસ્પર વિરોધી વિચારના લોકો પણ તેમની પાસે આવતા અને હૈયું ઠાલવતા. કોઈક લેખકે તેમને 'અજાત શત્રુ' તરીકે ઓળખાવ્યા છે. અને આ પ્રસંગે નમ્રતાપૂર્વક નોંધવું જોઇએ કે એમણે જીવનભરમાં કોઈ સાથે શત્રુતા રાખી નથી. એમના મૃત્યુ પછી આજે સત્તાવીશ વર્ષે પણ એમનાં પુણ્યસ્મરણો યાદ કરીને એમના મિત્રો અને સંબંધીઓએ આ લખનારને હમેશાં મમતાથી નવાજ્યો છે અને સહાય પણ કરી છે.

અમે અંગ્રેજી છઠ્ઠા (હાલના દસમા) ધોરણમાં હતા ત્યારે કરાચીમાં ગુજરાત સાહિત્ય પરિષદ મળી. ત્યાં પરિષદ-મંત્રી તરીકે તેમના પર કાર્યની ઠીકઠીક જવાબદારી હતી. પરંતુ એ વખતે ત્યાં જે સખત વરસાદ અને ઠંડી હતાં. તે તેમના શરીરમાં એટલાં વ્યાપી વળ્યાં હતાં કે એ પાછા ફર્યા ત્યારે એ શરદીમાંથી તેમને ઝીણો તાવ લાગુ પડ્યો, ઉધરસ શરૂ થઇ, હાંફ ચડવા માંડી. એમાંથી જરાક ઠીક થયું કે તરત સોસાએટીમાં જવાનું શરૂ કરી દીધું. પણ ઝીણો તાવ શરીરમાં ઘર ઘાલી બેઠો હતો એટલે તબિયત લથડતી જ ગઈ. ડૉ. હરિપ્રસાદ તેમની ખૂબ કાળજીપૂર્વક ચિકિત્સા કરી રહ્યા હતા. પરંતુ કંઈ આરામ વળ્યો નહિ. એ નિરાશ થઈ ગયા. મિત્રો આગળ તેમણે કહી દીધું: 'આ માંદગીમાંથી હવે બેઠો થાઉં તેમ લાગતું નથી.' મિત્રો તેમને આ ઢીલા સ્વભાવ માટે લડતા. એમના સ્વભાવને કારણે મિત્રોએ એમનું નામ પણ 'ઢીલાકાકા' રાખ્યું હતું.

એ અરસામાં જ શ્રી ડાહ્યાભાઇ દેરાસરી અને કેશવલાલ ધ્રુવ મૃત્યુ પામ્યા. તેની એમને ભારે ચોટ વાગી. જીવનમાંથી એમનો રસ ઊડી ગયો. મોટાશેઠના બીજા ભાઈ (સાકરલાલ) રેલવેમાં નોકરી કરતા હતા. તે પણ દોડી આવ્યા. તેમણે એમને વધુ સારવાર માટે વલસાડ આવવાની વિનંતી કરી અને અમે બધાં વલસાડ ગયાં. પણ વલસાડની ભેજવાળી હવા તેમને માફક આવી નહિ. એક વાર સાંજે ઉધરસની સાથે લોહી પડ્યું. બધાં ખૂબ ગભરાયાં...મોટાશેઠ પણ ઢીલા પડી ગયા...એમનો જીવ અમારામાં હતો. અમે લાડકોડમાં ઉછરેલાં, દુનિયાદારીથી સાવ અજાણ...અમારી બા પણ એવાં જ ભોળાં, ભલાં...અમારું હવે કોણ? ઉધરસમાં લોહી પડ્યા પછી મોટા શેઠે તેમના ભાઇને બોલાવ્યા. આંખમાં ઝળઝળિયાં સાથે કહ્યુ: 'આ છોકરાઓ તને સોંપું છું...એ નાનાં છે...બધાંની બરાબર સંભાળ રાખજે'...અને એ રડી પડ્યા. મોટા કાકા પણ ખૂબ રડ્યા. તેમણે અમારી તથા બાની પૂરી સંભાળ રાખવાનું વચન આપ્યું અને મોટા શેઠ નચિંત થઈ ગયા...અને કાકાએ વચન બરાબર પાળ્યું. અમે મોટા થયા ત્યાં સુધી અમને મોટાશેઠની ખોટ પડવા દીધી નહિ.

થોડા દિવસ પછી વળી પાછું લોહી પડ્યું. ડૉકટરોએ આશા છોડી દીધી જ હતી. એમને પાછા અમદાવાદ જવાની ઇચ્છા થઈ. ત્યાં 'ગુજરાતી પંચ'વાળા શ્રી સોમાભાઇ પંચે તરત પોતાનો મણિનગરનો બંગલો કાઢી આપ્યો. અમે બાળકો આ માંદગીથી ગભરાઈ ન જઈએ એટલા માટે અમને ધાશીરામની પોળમાં રાખવામાં આવ્યા. મણિનગરમાં તેમની તબિયત દિનપ્રતિદિન બગડતી જ ગઈ. એમણે પોતાનાં નાનાં બહેન (કીકીબહેન) અને ભાણેજ ચન્દ્રકાન્ત કાજીને વર્ષોથી પોતાની છાયામાં રાખ્યાં હતાં. તેમણે આ અણીની વેળાએ છેલ્લી પળ સુધી તેમની સેવાચાકરી અને તેમનું ઋણ ફેડ્યું.

આખરે એમની તબિયતે ઉથલો ખાધો. એમને ધાશીરામની પોળમાં ઘેર જવાની ઇચ્છા થઈ. એ અંતિમ ઇચ્છા પૂરી કરવા માટે અમે ત્યાં લાવ્યા...રેડિયો અને પુસ્તકાલય તેમને ખૂબ પ્રિય હતાં. પરંતુ ઘરનો દાદર સાંકડો હોવાથી છેલ્લે છેલ્લે એમની એ પ્રિય વસ્તુઓ સમક્ષ રહેવાનો મોકો મળી શક્યો નહિ. એમની જીભ ખેંચાવા માંડી. ભાન જવા માંડ્યું. કોઈકોઈવાર ખાટલામાંથી ઊભા થવા માંડતાં, કશુંક લખવાનું માગતાં, છાપું જોઈને તરત તે ખેંચવા માટે બેઠા થઈ જતા. છેલ્લે ફરી વાર તેમણે થોથવાતી જીભે હાથની ઈશારતથી લખવાની સામગ્રી માગી....એમના ઇચ્છા પૂરી કરવા અમે તેમને કાગળ-કલમ આપ્યાં. અને એકદમ જુસ્સામાં તેમણે થોડીક લીટીઓ લખી નાખી. એમના એ છેલ્લા અક્ષરો એમનું છેલ્લું સંભારણું છે.

એમના અવસાનના સમાચાર ફેલાતાંવાર તેમના મિત્રોનો, સંબંધીઓનો સમુદાય ઊમટ્યો. એમનું મૃત્યુ ધન્ય થઈ ગયું. જીવનભર સાહિત્યની અને સમાજની સેવા કરી તેમણે જીવન સાર્થક કર્યું હતું. એ પુણ્યાત્માને નમસ્કાર કરી વિરમું છું.

૫૦૦મા અંકની શ્રેષ્ઠ કૃતિ માટે સુવર્ણચંદ્રક

અને અન્ય પારિતોષિકો

ગયા ઑક્ટોબર અંકમાં મૉમ્બાસા નિવાસી શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તરફથી 'કુમાર'માં દરેક વર્ષ દરમ્યાન પ્રકટ થતી વિવિધ કૃતિઓ પૈકી શ્રેષ્ઠને પાંચ વર્ષ સુધી રૂ. ૫૧, તથા શેક્સ્પીઅરની વાર્તાંતરમાળાના તેમજ તેના 'હેતુ અને હાર્દ'ના લેખકોને દરેકને રૂ. ૫૧નાં પારિતોષિક જાહેર થયાં હતાં. એ જ સદ્ભાવી સજ્જન તરફથી નીચેનાં પારિતોષિકો આપવાનો પ્રસ્તાવ આવ્યો છે તે સાભાર જાહેર કરતાં અમને આનંદ થાય છે:

'કુમાર'ના ૫૦૦મા અંકમાં શ્રેષ્ઠ સાહિત્યસર્જન—વાર્તાઓ, ચિત્રો, કાવ્યો, ગદ્ય, ચરિત્રાત્મક કૃતિઓ વગેરે હોય એ સ્વાભાવિક છે. વળી મુ. રવિભાઈ 'પદ્મશ્રી' થયા એ હર્ષની વાત હોઈ આ અંક કાયમી યાદગીરીરૂપ બને તે માટે તેના લેખકો કે ચિત્રકારોને પ્રોત્સાહિત કરવા માટે મારો આવો ખયાલ છે:

૧) ૫૦૦મા અંકમાં શ્રેષ્ઠ સાહિત્ય-સર્જન હોય તેના લેખકને મારા તરફથી 'સુવર્ણ-ચન્દ્રક' આપવો. તે અંગેનો નિર્ણય વગેરે આપ કરી શકો છો.

૨) એ અંકમાં નીચેના વિષયો ઉપરની શ્રેષ્ઠ કૃતિ માટે દરેકને રૂ. ૨૫)નું પારિતોષિક: [અ] શ્રેષ્ઠ ચિત્ર [બ] શ્રેષ્ઠ ગદ્ય [ક] શ્રેષ્ઠ વાર્તા.

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : પન્નાલાલ ઘોષ

બંસરીવાદન પરની પોતાની અનન્ય અનવદ્ય પ્રભુતાને કારણે જ નહિ, પણ એમાં



છલોછલ માધુર્ય ને એથી અદકાં ઊંડાણ ને પ્રવાહિતાની અદ્વિતીયતાથી વિખ્યાત પન્નાલાલ ઘોષે બંસરીને સિતાર, સરોદ વગેરે સંગીતનાં ઈતર સાધનોના સમકક્ષ ગૌરવભર્યા સ્થાને લાવીને ભારતીય સંગીતક્ષેત્રે ઘણું માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પૂર્વબંગાળ (હાલ પૂર્વ પાકિસ્તાન)ના બારિસાલ જિલ્લામાં ઈ. ૧૯૧૧ના જુલાઈમાં એમનો જન્મ થયો. એમના દાદા સારા ગાયક અને પખવાજવાદક હતા. પિતા સિતારવાદક ને કાકા મધુરકંઠી ગાયક. મોસાળમાં પણ ગાયનવાદનનો એવો જ શૉખ હતો એટલે એ રીતે વારસામાં જ એમને સાંગીતિક વાતાવરણ મળ્યું હતું. વ્યાયામ પ્રત્યે અનહદ પ્રેમ હોઇ બચપણથી જ એમનું શારીરિક સ્વાસ્થ્ય ઉત્તમ હતું અને તેઓ એક અચ્છા મુક્કાબાજ (બૉક્સર) હતા. એમાં એમણે ઘણાં ઈનામો પણ મેળવેલાં. જીવનનો આરંભ પણ બૉક્સિંગની તાલીમ આપનાર તરીકે જ કરેલો. ૧૯૪૭થી તેઓ રામકૃષ્ણ મિશનના સભ્ય હતા. છેલ્લે તેઓ દિલ્હીના રાષ્ટ્રીય વાદ્યવૃંદના દિગ્દર્શક અને નિયોજક હતા.

નવેક વર્ષની વયે સ્વયંસ્ફુરણાએ આપબુદ્ધિથી સંગીત શીખવાની એમણે શરૂઆત કરી. બંસી પ્રત્યેની એમની મુગ્ધ આશિકી સામે ઘણાએ એમને વારેલા, પણ એમણે તો એની સાધના એટલી વિકસાવી કે 'ન્યૂ થિયેટર્સ' જેવી ઉચ્ચ શાસ્ત્રીયતાની આગ્રહી ફિલ્મ કંપનીએ એમને પાર્શ્વસંગીત માટેના વાદ્યવૃંદમાં સમાવી લીધા. ત્યાં કંપનીના સંગીત દિગ્દર્શક ખુશી મહંમદ પાસે સંગીતના પદ્ધતિપૂર્વકના અભ્યાસનો એમણે આરંભ કર્યો. દોઢેક વર્ષ બાદ ખુશી મહંમદનું અવસાન થતાં એમણે બંગાળના ખ્યાત કલાકાર ગિરજાશંકર ચક્રવર્તી પાસે એક વર્ષ શિક્ષણ લીધું. અને તે પછીની વર્ષોની ઉપાસનાને અંતે પણ કંઈક અધૂરપ લાગતાં '૪૫માં મૈહરના વિખ્યાત કલાકાર અલ્લાઉદ્દીનખાંના શાગિર્દ બન્યા.

દરમિયાન કલકત્તાના રેડિયો વિભાગમાં સ્ટાફ આર્ટિસ્ટ તરીકે, 'ન્યૂ થિયેટર્સ'માં અને સરાઇકેલા રિયાસતની નૃત્યમંડળી સાથે સંગીત દિગ્દર્શક તરીકે યુરોપ-ઈંગ્લંડમાં એમણે પોતાનું સંગીત પીરસ્યું. બૉમ્બે ટૉકિઝનાં 'બસંત' અને 'આરાધના' વગેરે કેટલાક બોલપટોમાં પણ એમણે સંગીત-દિગ્દર્શન આપેલું. 'પંચવટી', 'દિપાવલી' અને 'ચંદ્રમૌલી' નામક શાસ્ત્રીય રાગો એ એમની મૌલિક સર્જત છે.

જે જમાનામાં બંસરી પ્રત્યે સંગીતકારો સુદ્ધાં ઉપેક્ષા રાખતા હતા ત્યારે એમનું હૃદય વાંસળી તરફ ઢળ્યું. ભજન રાસ ને લોકનૃત્યોમાં જ જેનો ઉપયોગ થઈ શકે એવી જ એક માન્યતા પ્રચલિત હતી ત્યારે એ ઉપેક્ષિત વાદ્યને અપનાવી અનેક મુશ્કેલીઓ વેઠી એનું સમુદ્ધરણ કર્યું. બંસીવાદનમાં એમણે અનેક આગવા સુધારાઓ ને અવનવી રીતિઓ દાખલ કર્યાં. શાસ્ત્રીય સંગીતનાં આલાપ, ખયાલ, ઠુમરી, ખટકા, મુટકી, મીંડ, ઝાલા વગેરેને એમણે બંસરીમાં ઉતારી એ નાચીઝ ગણાતા વાદ્યને ગૌરવભર્યા સ્થાને બેસાડ્યું. પોતાની બંસરી તેઓ પોતે જ બનાવતા.

સ્વભાવે નિખાલસ ને નિરાભિમાની, નમ્ર, સહેજ નીચા પણ સશક્ત પન્નાલાલના સામાન્ય દેખાતા વ્યક્તિત્વમાં આધ્યાત્મિકતાની એક સ્નિગ્ધ-નિર્મમ ઝલક હમેશાં વરતાતી.

ક્રાંતિની હવા ચાલતી હોઈ સશક્ત દેખાતા પ્રત્યેક બંગાળી યુવાન પર અંગ્રેજ સરકાર ચાંપતી નજર રાખતી હોઈ પન્નાલાલે મૅટ્રિકની પરીક્ષા આપ્યા વિના જ સત્તર વર્ષની વયે 'ન્યૂ થિયેટર્સ'ની નોકરી સ્વીકારી લીધી હતી.

સાંજના છ વાગ્યાથી રાતના અગિયાર સુધી એમની રિયાઝ ચાલતી. પછી બેએક કલાક ઇશ્વરધ્યાન ને પછી ભોજન ને છેક અઢી વાગ્યે રાત્રે શયન થતું. વળી વહેલી સવારથી બપોર સુધી રિયાઝ એ એમનો સાધના કાળનો નિત્યક્રમ હતો. શિકાર અને રમતોનો પણ એમને શૉખ હતો, પણ ધર્મમાં એમને પ્રબળ આસ્થા હતી. પોતાની સંગીત સાધનાને પણ તેઓ ઇશ્વરની આરાધના રૂપે જ જોતા. અનેક વાર ઈશ્વરની ઉપાસનામાં એમણે કલાકો સુધી બંસીના સૂર દ્વારા પોતાની શ્રદ્ધાને ઠાલવી છે. ઇ. ૧૯૬૦માં ૨૦મી એપ્રિલે હૃદય રોગને કારણે એમનું અવસાન થયું.

પ્રસંગવિશેષ : હિન્દુસ્તાનની પહેલી ટપાલટિકિટ ૧લી જુલાઈ, ૧૮૫૨

ઉત્તર હિંદુસ્તાનના ઘણા ખરા ભાગ પર ત્યારે ઈસ્ટ ઇંડિયા કંપનીનો અમલ ચાલતો હતો. એ કાળે એક અજમાયેશ તરીકે સિંધમાં ત્યાંના એ વખતના અંગ્રેજ કમિશનર સર બાર્ટલ





ફ્રીઅરે ઈ. ૧૮૫૨ની ૧લી જુલાઇએ ટપાલખાતાના વહેવાર માટે એક ડાકટિકિટ કાઢી. માત્ર સિંધના વિસ્તાર પૂરતો જ એનો મર્યાદિત ઉપયોગ એ વખતે નક્કી થએલો. હિંદુસ્તાનની એ પહેલી ટપાલ-ટિકિટ હતી. ઈસ્ટ ઇંડિયા કંપનીનો અમલ હોઈ એ ટિકિટ પર કંપનીનો વેપારી માર્કો ગોળાકૃતિમાં ઉપસાવેલો હતો. અડધા આનાની એ ટિકિટ લાલ, વાદળી અને સફેદ એમ ત્રણ રંગમાં હતી. તેની વચ્ચે E.I.C. અક્ષરોવાળા ઈસ્ટ ઇંડિયા કંપનીના માર્કા (પ્રતીક)ની નીચે ½ Anna અને ચોમેર ગોળાકારમાં Scinde District Dawk (સિંધ ડિસ્ટ્રિક્ટ ડાક) એવા અક્ષરો લખેલા હતા. 'સિંધ ડાક'ને નામે ઓળખાતી આ ટિકિટનું ઐતિહાસિક મહત્ત્વ છે. સિંધ સરકારનો એ અખતરો સફળ થતાં ૧૮૫૪ના એપ્રિલમાં 'સિંધ ડાક' પાછી ખેંચી લેવાઈ અને સમસ્ત બ્રિટિશ હિન્દ માટે ટપાલટિકિટો કાઢવામાં આવી. કલકત્તામાં હિન્દના સર્વેયર જનરલના પ્રેસમાં વૉટરમાર્કવાળા કાગળ પર એ લીથોગ્રાફથી છપાએલી. એના પર રાણી વિક્ટોરિયાની છબિ હતી. પણ તેની પાછળ ચોંટાડવા માટે ગુંદર કે કાપવા માટે પરફોરેશનનાં કાણાં નહોતાં. દરેક ટિકિટ કાતરથી કાપી હાથેથી ગુંદર ચોપડીને વાપરવી પડતી. તેમાં ચાર આનાવાળી એક બેરંગી ટિકિટ પર ભૂલથી લાલ કિનારી વચ્ચે ભૂરી શાહીમાં છાપવાની રાણીની છબિ ઊંધી છપાઈ ગએલી. એવી એક ટિકિટ '૪૮માં લંડનમાં દસ હજાર રૂપિયે વેચાએલી. આ બંને ટિકિટોની છાપ આ સાથે આપી છે.

નગુણે વાસ ન રાખીએ, સગુણાની પત જાય;
ચંદન પડિયું ચૉકમાં ઈંધણ મૂલ વેચાય.

નેપોલિયન લેફ્ટેનન્ટ હતો તે વેળા ફ્રેન્ચ સૈન્યની સ્થિતિ એટલી ગરીબ હતી કે સૈનિકોનાં કપડાં તદ્દન ફાટી ગયાં હતાં. એક વખત એક ચીંથરેહાલ સૈનિકે આવી જણાવ્યું કે 'આ કાણાં તો જુઓ! પૂરું શરીર પણ ઢંકાતું નથી.' શિસ્તપ્રિય નેપોલિયન આવી ફરિયાદી મનોવૃત્તિને ઉત્તેજવા નહોતો માગતો. પણ તેણે ઉગ્રને બદલે ચતુર જવાબ આપ્યો: 'પણ એ કોટ જો આખો હોત તો તારા શરીર પરના કીર્તિના ઘા ઢંકાઈ રહેત. તારી વીરતાના ઘા શું તું છુપાવવા ઇચ્છે છે?'

કહેવતોના અર્થ: 'મણિધર આગળ દીવો ન બળે.'– કિંવદંતી પ્રમાણે મણિધર નાગની ફણામાંનો મણિ પોતે જ સ્વયં પ્રકાશિત હોવાથી ઝળાંઝળાં થતો હોય એટલે તેની આગળ દીવાની જેમ જરૂર ન હોય તેમ પોતાની પ્રતિભાથી પ્રકાશનાર બુદ્ધિમાન કે શક્તિશાળી માણસ આપમેળે જ પરખાઈ આવે છે એવું પ્રબોધતી આ કહેવતને મળતી કહેવત: 'મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે.'

યુનાઇટેડ સ્ટેટ્સમાં આવેલા 'Triple Divide Peak'માંથી ત્રણ નદીઓ નીકળે છે અને ત્રણે જુદા જુદા દરિયાને મળે છે. મિસૂરી જ આગળ જતાં મિસિસિપી બને છે તે મેક્સિકોના અખાતમાં પડે છે. કોલંબિયા નદી પૉર્ટલૅન્ડ નજીક પાસિફિકને મળે છે, જ્યારે સાસ્કૅચેવાન આખું કૅનેડા વીંધી હડસનના ઉપસાગરમાં ઉત્તર ધ્રુવસમુદ્રને મળે છે.

ગણિતગમ્મત

૧²+(૧+૦)²= ૦×૧+૨
૨²+(૨+૧)²= ૫×૨+૩
૩²+(૩+૨)²=૧૦×૩+૪
૪²+(૪+૩)²=૧૫×૪+૫
૫²+(૫+૪)²=૨૦×૫+૬
૬²+(૬+૫)²=૨૫×૬+૭
૭²+(૭+૬)²=૩૦×૭+૮
૮²+(૮+૭)²=૩૫×૮+૯
૯²+(૯+૮)²=૪૦×૯+૧૦
૧૦²+(૧૦+૯)²=૪૫×૧૦+૧૧

—કાન્તિલાલ મનસુખલાલ જોષી




પ્રજનનકાળમાં એક કૉડ માછલી લગભગ ૪૫ લાખ ઈંડાં મૂકે છે. જો એક ઋતુમાં એમનાં બધાં ઈંડાં ફળે તો સમગ્ર ઍટલાંટિક મહાસાગર કૉડ માછલીઓથી ખદબદી ઊઠે.

૫૦૦મો અંક

સલામત મેળવવાની યોજનામાં

જેમને તે માત્ર રજિસ્ટર્ડ ટપાલથી મંગાવવો હોય તેમણે રજિસ્ટ્રેશન ખર્ચના ૫૫ પૈસા મોકલી આપવા, કેમ કે એક રૂપિયાથી ઓછી રકમનું વી.પી. થતું નથી. જોકે મોટા ભાગના ગ્રાહકોએ તો આવતા વર્ષના લવાજમના રૂપિયા ૧૫ (ચોખ્ખા)ના વી.પી.ની જ પદ્ધતિ પસંદ કરી છે. અમદાવાદના સ્થાનિક ગ્રાહકો અગાઉથી ખબર આપીને પોતાના અંકો ટપાલમાં નંખાવવાને બદલે કાર્યાલયમાંથી રૂબરૂ મેળવી શકશે.

નાયગરાના ધોધમાંથી હરરોજ ૫૭૨ કરોડ ટન પાણી નીચે પડે છે.




છત્રીસ મુસાફરો કે સાડાત્રણ ટન વજન સાથે કલાકના ૮૦૦ કિલોમીટરની ઝડપે જઈ શકતું આ વિમાન 'વી. સી.–૪૦૦' બ્રેમેન(જર્મની)ની એક ઉત્પાદક પેઢીએ તૈયાર કર્યું છે. હેલીકૉપ્ટરની પેઠે સીધું જ ઉપર ચડતું, આગળ-પાછળ બે પાંખોવાળું આ વિમાન અન્ય વિમાનોની સરખામણીમાં વધુ સલામત અને લાભદાયી ગણાય છે. (યુ. પી. એસ.)



કલાકણિકા: ૪૯૩માં અંકમાં જણાવેલા સ્પેનના 'અલહમ્બ્રા' મહેલની, સુશોભનોથી ભરચક ભીંત પરની મૂક કલાની વધુ વાનગી, જેમાં અરબી અક્ષરોની ગૂંથણી નોંધપાત્ર છે.

મોટામાં મોટા હાથીનું વજન ૧૩૮ મણ થાય, જ્યારે મોટામાં મોટા વ્હેલ મચ્છનું વજન ૨૭૨૫ મણ (૧૦૦ ટન). એકી વખતે જ વ્હેલ ૫૪॥ મણ ભોજન કરી જાય!

વીજળીના ગોળા પર અત્તરનું એક ટીપું લગાડી બત્તી ચાલુ કરવાથી આખો ઓરડો મહેકમહેક થઈ રહેશે.





નીફરતિતી: પ્રાચીન મીસરની સૌંદર્યરાજ્ઞી. સંવેદનશીલ સુધારક પતિ અખનાતનના રાજ્યકાળમાં રાણીવાસનો પડદો હટી જતાં મીસરની અન્ય રાણીઓ કરતાં વધુ જાહેરમાં આવી શકી હતી. અખનાતનના પિતા એમનહોતેપ ૩જાના રાણીવાસમાં, યુક્રેટિસ ને તિગ્રિસની વચ્ચેના પટમાં આવેલા મિતન્નીની બે રાજકુંવરીઓ પણ હતી. એમાંની એકની પુત્રી તે નીફરતિતી. એ અત્યંત સ્વરૂપવાન ગણાતી. દસ વર્ષની વયે એમનહોતેપ ૩જાના પુત્ર સાથે એનું લગ્ન થયું. પાછળથી એ રાજપુત્રે અખનાતન નામે, પોતાના આદર્શો અનુસાર 'ખેમાતન' નામની અલગ રાજધાની સ્થાપી. ત્યાં રાજાની પડખોપડખ નીફરતિતીનું સ્થાન પણ સદા રહેતું. અખનાતનના અવસાન પછી પોતાનાં બાળકો ને ખાસ તો પોતાનું સ્થાન ટકાવી રાખવા એણે હિટાઈટ રાજપુત્રને લગ્ન કરવા નિમંત્ર્યો. એ રીતે નીફરતિતી હિટાઈટ રાજસત્તાના બળથી પોતાનું રાજ ટકાવવા ઇચ્છતી હતી. પરણવા આવતા કુમારનું માર્ગમાં જ ખૂન થયું. નીફરતિતીની બધી યોજના પડી ભાંગી. એનું પોતાનું મૃત્યુ કઈ રીતે થયું એની ચોક્કસ માહિતી નથી, પણ સંભવ છે કે હિટાઇટોની સહાય માગવા બદલ રાજદ્રોહના આરોપસર નીફરતિતીનું પણ ખૂન થયું હશે. અખનાતન કે નીફરતિતીનાં 'મમી' મળ્યાં નથી; પણ એમની અનેક સુંદર પ્રતિમાઓ મળી છે. એમાંની નીફરતિતીની આ (અસલ તો રંગીન) પ્રતિમા ઘણી વિખ્યાત છે.

કૃષિકારની ચર્યા (ચિત્રકાર: બાલકૃષ્ણ પટેલ) અમદાવાદમાં કૃષિમેળા વખતે ગુજરાત રાજ્યના મંડપ માટે બનાવેલા ૬૦ ફૂટ લાંબા આ વિશાળ શોભનચિત્રના આરંભમાં (ડાબી બાજુ મથાળે) ખેડૂતના હર્યાભર્યા ઘરનું અંતરંગ બતાવીને પછી ચિત્રકારે કૃષિકારના જીવનની કામગીરીનાં કેટલાંક પાસાંને ઉત્તરોત્તર આલેખ્યાં છે. વહાણામાં કૂકડો બોલે ત્યારે ખાંધે હળ નાખી સીમમાં જતા ખેડૂતને પછી ખેતર ખેડતો, જમીન ખોદતો, ગોફણ લઈ માચડે ચડી પંખી ઉડાડતો, ખળામાં હાલરું હાંકતો ને અનાજ વાવલતો દર્શાવ્યો છે. નાનાંમોટાં કામોમાં સહાય કરતી એની પત્નીને પણ સાથોસાથ આલેખી છે. છેલ્લે એને વર્ષ આખાની મહેનતનું મીઠું ફળ પામી આનંદથી પાવો

'કુમાર' જુલાઇ ૧૯૬૫ · સળંગ અંક ૪૯૯ · છૂટક નકલની કિં. રૂ. ૧-૫૦

KUMAR Regd. No. G. 55

પ્રગતિનાં પાંચ વર્ષ



■. ખોરાકનું વાર્ષિક ઉત્પાદન ૨૦ લાખ ટન ઉપરથી વધીને ૨૫·૨૦ લાખ ટન થયું. ૬૦,૦૦૦ નવા કૂવા ગાળવાનું લક્ષ્ય સિદ્ધ થશે. વિજળીક શક્તિ ૨૫૩ મે. વો. પરથી ધુવારણ વિદ્યુત મથક શરૂ થતાં બેવડાશે. આરોગ્ય કેન્દ્રોમાં ૧૦૦ ટકા જેટલો વધારો થયો છે. શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦,૧૭,૦૦૦ ઉપરથી વધીને પાંચ વર્ષ દરમ્યાન ૨૭,૪૨,૦૦૦ સુધી પહોંચી છે. સહકારી મંડળીઓમાં ૧,૪૪૨નો વધારો થઇ તેની કુલ સંખ્યા ૧૫,૮૨૭ સુધી પહોંચી છે. હાલ પ્રત્યેક ગામડામાં પ્રાથમિક ખેતી મંડળીઓ રચાઇ છે.